કુમાર

તંત્રીઃ રવિશંકર રાવળ

અંક ૬૧





પોષ ઉગતી પ્રજાનું માસિક '૮૫



ફૂલમાળા
ચિત્રકાર : સોમાલાલ શાહ

કુમાર

પોષ
૧૯૮૫

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માનીતું માસિક

દેશદૂત

(મંદાક્રાંતા)

હું શ્રદ્ધાનું વિશદ ચિત, આદર્શનો દેવદૂત,
આકાંક્ષાના અલખ પથનો પ્રાણવંતો પતંગઃ
કે ઉષાના નવ વદનનો ભાવનાપૂર્ણ રંગ,
સંકલ્પોથી નિત સળગતો ચેતનાનો સપૂત.

હું આશાનું નવજીવન આમંત્રતો દેશદૂત,
સંસ્કારોના સજીવ તનનું હું કલા-રમ્ય અંગઃ
સૈનિકોને નયન રમતા મૃત્યુનો હું ઉમંગ,
હું ભાવિના સુભગ જગને ઝંખતો સ્વપ્નસૂત.

સંતાપોના જલધિ તરતો હું મહાઉગ્ર ટેકઃ
હું સૃષ્ટિના અમર રસનો છું બલિ આત્મ એક.

ઇન્દુલાલ ગાંધી





વિદ્યાર્થીઓના લોહીમાં ઇતિહાસ આવ્યો છે

(કાલેલકર)

પોતાનું સ્વમાન હણાય ત્યારે પાણી ન બતાવે તે ભણતર શા કામનું? ભણવાનું ભલે જહન્નમમાં જાય, પણ દેશનું નાક ન કપાવશો. દુનિયામાં ભણેલા કરતાં આબરૂદારની કીમત વધારે છે.

(વલ્લભભાઈ પટેલ)

પાંચ વર્ષમાં કેટલા બધા ફેરફારો! 'કુમાર'ને પાંચ વર્ષ પુરાં થયાં અને કેટકેટલા બનાવો બની ગયા? 'કુમાર'નું પ્રથમ દર્શન થયું ત્યારે ગુજરાત અને હિંદુસ્તાનના ઉપર જે ધુમ્મસ હતી તે ઉડી જઇને આજે તો જાણે સ્વરાજના મિનારાની ટોચો ઉષાનાં તેજે રંગાએલી સ્પષ્ટ દેખાય છે. પાંચપાંચ વર્ષના પડછાયા અને પ્રતિબિંબો ઝીલ્યા પછી પ્રજાની આંખ આજ ઘેન ત્યાગી આત્મપ્રેરણા અને આત્મપ્રભાવની જ્યોત નિરખી રહી છે. કોઈ આવીને આપણી અરજી સાંભળશે, કોઇ આવીને આપણાં દુઃખ દૂર કરશે એવી વિચારશ્રેણી પામરમાં પામર હિંદીવાનમાંથી યે મરી ગઇ છે. બારડોલીનું આત્મત્યાગ અને શાંતિ ભર્યું શૌર્ય, 'સાયમન ટોળી'નો સદંતર બહિષ્કાર અને યુવકોની અનેકવિધ વિપ્લવકારી પ્રવૃત્તિઓ એ બધાએ આજે સ્વતંત્રતાની મહેચ્છાઓ ને ઉદ્યોષણાઓ ઘરોઘર છાઇ દીધી છે.

આ પ્રબળ અસરના સ્પષ્ટ પરિણામ જેવી ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓમાં પ્રગટી ઉઠેલી સ્વમાન અને અલ્પ નિશ્ચયની ભાવનાઓએ અત્યારે દેશ આખાનું ધ્યાન ખેંચ્યું છે. પ્રિન્સિપાલના અન્યાયી ને અપમાનકારી હુકમની સામે ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓએ પાડેલી જે હડતાલ આજ એક મહીના ઉપરાંત મુદતથી ચાલી રહી છે એણે આ દેશના ઘડતરમાં બહુ અમુલો ફાળો આપ્યો છે. સરકાર કેળવણીની સંસ્થા પાછળ રહીને દેશમાં પોતાની સત્તાનો દોર ઉંડા ને ઉંડા નાખી રહી છે તે આ હીલચાલમાં ખુલ્લેખુલ્લું જણાઇ આવ્યું છે. જે વિદ્યાની સંસ્થામાં પણ રાજ્યનો દાવ ખેલનારા અધ્યાપકો હોય ત્યાંથી દેશનો ઉત્કર્ષ કરે એવી વિદ્યા કે મનુષ્યઘડતરની શી આશા રાખવી? છતાં કેટલાં યે માબાપો અને કેટલાં યે કેળવાએલામાં ખપતાં માણસો, આ હીલચાલથી વિદ્યાર્થીઓનું ભવિષ્ય બગડે છે એવું માની રહ્યા છે.

યુનિવર્સિટી પાસેથી વિદ્યાર્થીઓનાં ભવિષ્યની ખાતરી જ મળી જતી હોય એવી અંધ શ્રદ્ધાવાળાં અસંખ્ય માબાપો જ્યાં સુધી દેશમાં પડ્યાં છે ત્યાં સુધી દેશની પ્રજામાં જાગૃતિ અને આત્મચેતનાની આશા શી હોય? યુનિવર્સિટીની પરીક્ષાઓ તો એક મોટો સટ્ટો છે. હજારો વિદ્યાર્થીઓ લાખો રૂપિયા અને આરોગ્યનું પાણી કરી એ પરીક્ષાઓમાં બેસે છે; પણ પરીક્ષાનાં પરિણામોનો લાભ તો સરકારમાં કે બીજાં ખાતાંમાં ખાલી જગ્યાઓ હોય એટલી જ સંખ્યાને મળે છે; બાકીનાને માટે આ સંસારસાગરમાં બથોડાં મારીને જ માર્ગ કરવાનું રહે છે.

છતાં આવી પામર આશાએ પણ દેશના વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના બારણા સિવાય કોઈ મુક્તિદ્વાર દેખાતું નથી. એટલે જ કૉલેજ અને યુનિવર્સિટીની શરતો અને કાયદાઓ આગળ તેઓ નીચી મુંડી કરી ઘેટાંની જેમ હારદોર ચાલ્યા જાય છે.

આવાં કુમળાં દિલનાં ઘેટાંઓ પર સરકારની સત્તાની જમાવટ અને પ્રભાવ પાડવાને જ જાણે ગોરા અધ્યાપકો આ દેશમાં આવતા હોય એવો ચોખ્ખો ખ્યાલ ગુજરાત કૉલેજના પ્રિન્સિપાલ મિ. ફ્રન્ડલે શિરાસે પોતાના વર્તનથી સિદ્ધ કરી બતાવ્યો છે. કૉલેજના વિદ્યાર્થીઓએ તેનું પહેલું ટપલું ખમી લીધું હોત તો તેના અસલ સ્વરૂપમાં જોવાની તક આવત જ નહિ. પણ ગમે તે અંગ્રેજ પોતાની રાજસત્તા મજબુત રાખવાને જ નિર્માયો છે એ વાત આ વિદ્યાના કહેવાતા ઉપાસકથી પણ દૂર રાખી શકાઈ નહિ. તેને એમ જ હતું કે પોતે વિદ્યાર્થીઓનો સમ્રાટ છે, તેને કોણ પુછનાર છે? નોકરીની શરતે જોડાએલાં માણસો કરતાં યે વધુ અખત્યાર તેણે વિદ્યાર્થીઓ પર માની લીધો.

પણ ગુજરાતના અંતરપટમાં આજ જુદાં વહેણ આવ્યાં છે તેની એને ખબર નહિ. કૉલેજમાં ભણતો કે વિદ્યાપીઠમાં અભ્યાસ કરતો દરેક જુવાન ગુજરાતી આજ બરોબર સમજતો થઈ ગયો છે કે સરકારની કેળવણી સત્તા ને સ્વાર્થ સાચવવાનો એક ખોટો વેશ માત્ર છે. હિંદીઓમાં સ્વતંત્રતાની ભાવનાનો ઉદય ન થવા દેવો, અને પોતાના સંચાનાં ચક્કર બનાવવા પુરતો તેમનો ઉપયોગ કરવો એ સરકારી કેળવણીનો ઉદ્દેશ આજની પ્રજા હવે બરોબર જાણી ગઇ છે.

વિદ્યાર્થીઓએ તો સ્વાવલંબન પર જ આત્મનિર્ણય કરીને કૉલેજનાં પગથિયાં ત્યાગ્યાં હતાં, પણ ભાંગ્યાના ભેરૂ ભગવાન છે. અમદાવાદના યુવકસંઘે તેમની બાંહ્ય ધરી લીધી અને સંઘના પ્રમુખ ડૉ. હરિપ્રસાદે તેમની પ્રવૃત્તિનો ધ્વજ ઉપાડી લીધો. પછી તો પ્રાંતના બધા નેતાઓ એ દળમાં ખેંચાઇ આવ્યા છે.

શ્રી માવળંકર જેવા સમર્થ અને સત્યપ્રિય નેતા તેમના મુખ્ય સલાહકાર છે. આજે આખો હિંદુસ્તાન તેમની પ્રવૃત્તિની પાછળ પડકાર આપી રહ્યો છે અને એ સાતસો વિદ્યાર્થીઓની ધીરજભરી હીલચાલમાં રાષ્ટ્રની આબરૂની એક કસોટી થઇ રહી છે. એમના વિજયમાં સમસ્ત હિંદુસ્તાનની વિદ્યાર્થી આલમ પોતાનું સ્વમાન અને સફળતા જોઇ રહી છે, એ યુગનું અદ્ભુત ને અપૂર્વ દશ્ય છે.

ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓને

તમે આજે નવો યુગ પ્રગટાવો છો એમ કહેવામાં હું અતિશયોક્તિ નથી કરતો; પણ તે જો તમે અંત સુધી તમારા નિર્ણયને વળગી રહેશો તો. તમારૂં બહાદરપણું ત્યારે જ શોભી નીકળે કે જ્યારે તમે હાથ ધરેલી પ્રવૃત્તિને પાર પાડો અને તમારા જીવનની પ્રતિક્ષણ તેમાં આપો. તમે બહાદરવટાને શોભાવો.

—ગાંધીજી

ગુલામી અને જુલમ એ બે સાથેસાથે આવે છે. એક નહોય તો બીજું ન હોઇ શકે. જુલમ માટે ગુલામો જવાબદાર છે. તમે તમારી ચામડી એવી મજબુત બનાવજો કે કોઇ બુટ મારવા આવે તેનો બુટ જાય એટલું જ નહિ પણ તેનો પગ પણ ભાંગી જાય. તમારી ચામડી એવી કરો કે તમારી સામે કોઈ ઉંચી આંખે જોઇ ના શકે. જર્મની અને ઇંગ્લંડના યુવકો સંસ્થાનો વસાવવા માટે, વેપારનાં ક્ષેત્રો વધારવા માટે લડી શકયા, આટલા ભોગો આપી શકયા ત્યારે શું તમે તમારા દેશની સ્વતંત્રતા માટે બલિદાન ન આપી શકો ?

—કૃપાલાની

સ્વમાન અને દેશની ટેકને નમાવનારી સજા થાય, થએલી સમજુતીનો ભંગ થાય, અને પ્રેમ તથા સહાનુભૂતિને બદલે એક શાસ્ત્રાની કઠોરતા મળે તો યુવાન વિદ્યાર્થીઓ શું કરે ? ગમે તે ભોગે પણ સ્વમાન અને દેશનું ગૌરવ સાચવે. માનરહિત જીવન ગાળી એક વર્ષ વહેલા પરીક્ષામાં બેસવાની (બેઠા એટલે પાસ જ થયા તેમ નહિ હોવાથી) તક મેળવવી તેના કરતાં સ્વમાન જાળવતાં શીખવું એ વધારે તેજસ્વી ને ઉપયોગી કેળવણી છે. ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓ આજે તે મેળવી રહ્યા છે. સાથેસાથે ઐકય, બંધુભાવ, આપભોગ, શિસ્ત વગેરે સદ્‌ગુણોની કેળવણીના પણ પ્રત્યક્ષ પાઠ લઇ રહ્યા છે. હરકોઈ ઇચ્છા કરે એવું સુભાગ્ય તેમને પ્રાપ્ત થયું છે.

— ગણેશ વાસુદેવ માવળંકર

આ અંકની ઢીલ

ખમી લેવા માટે અમે ગ્રાહકોના આભારી છીએ

આવતો અંક

તરતમાં જ વખતસર બહાર પાડવાની તૈયારી છે.

માણસ ચીતરવાનું સહેલ છે

(અનુસંધાન પાછળને પાનેથી)

લંબાઇ સરેરાશ અરધા શરીર જેટલી થાય. ગોઠણ અને પગના તળિયા વચ્ચે બે માથાની (પા શરીરની) જગ્યા દેખાય છે. કોણી આગળથી વળેલા હાથનો હિસાબ દોઢ માથા જેટલો દેખાય છે. બે ખભાની પહોળાઇમાં બે માથાં જેટલી જગ્યા નજરે પડે છે.

આમ માથાનું માપ ખ્યાલમાં રાખી આખા યે શરીરને ચીતરવા કોઈ યત્ન કરશે તેનું ચિત્ર જરૂર સુધરશે.

સ્ત્રીની ઉંચાઇ માણસ કરતાં અરધું માથું ઓછી થાય છે. તેના શરીરના ભાગો પુરુષ કરતાં સહેજ ટુંકા હોય છે; અને તેનાં હાડકાં કોમળ હોવાથી તેની બધી રેખાઓ ગોળ અને નરમ હોય છે.

શરીરનું માળખું યાદ રાખવાને સાથેના ચિત્રમાં બે ત્રણ પ્રકારો બનાવ્યા છે તે બરોબર ખ્યાલમાં રાખી મનમાં ઉતારવાથી પણ ચીતરવામાં સરળતા મળશે. ખભાનાં બે હાડકાં, કોણીની અણી, પહોંચાનો વાંક; કેડનાં હાડકાંનાં બે બિંદુ, ગોઠણની બે ઢાંકણી અને પગની ઘુંટીના ટોચા—શરીરના આટલા સાંધાઓ તથા હાથપગના પંજાની લંબાઇ અને હીલચાલ ધ્યાનમાં ન ઉતરે તો મનુષ્ય ચીતરવામાં ભુલ થવાની જ. એ બધી નિશાનીઓ ખરી છે તે નક્કી કરવાને અંદરનું હાડપીંજર પણ કલ્પનાથી ખ્યાલમાં ઉતારવું જોઇશે. સાથેના ચિત્રમાં એક આકૃતિમાં ચામડા નીચે છુપાએલું હાડપીંજર પણ જરા બનાવ્યું છે. તેમાં શરીરના સાંધાની રચના સ્પષ્ટ દેખાશે.


બધું યાદ ન રહે, અને ફક્ત દરેક ભાગની લંબાઇ બરોબર યાદ રાખીને પણ કોઇ મનુષ્યનું બોખું કરે, તો પણ તેમાં માણસનો ઠાઠ લાગશે. એવું બોખું પણ એ જ ચિત્રમાં એક ઠેકાણે આપ્યું છે.

ઓછી ઉમરના છોકરાની અને બાળકની ઉંચાઇમાં સાધારણ માપથી કેટલો ફેર પડે છે તે પણ એક ચિત્ર દોરી બતાવ્યું છે. બાળકમાં માથા સિવાયના ભાગો પુરા ખીલ્યા હોતા નથી એટલે પ્રમાણમાં તેનું માથું મોટું દેખાય છે. છોકરામાં તેના કરતાં ઉંચાઈ આવી હોય છે, પણ હાડકાં વધ્યાં નથી હોતાં એટલે તેને મોટા માણસનાં માપ લાગુ ન પડે.

(માણસની વિવિધ હીલચાલો દોરવા વિષે હવેના અંકમાં.)

માણસ ચીતરવાનું સહેલ છે





ચિત્રકામના દરેક ઉમંગી વિદ્યાર્થીને એકદમ માણસ દોરવાની બહુ હોંશ થાય છે. પણ તે દોરે છે ત્યારે જ તેને સમજાય છે કે રોજ નજરે પડતા માનવદેહનાં પ્રમાણો કે મુખ્ય ભાગો પણ તેના મનમાં યાદ રહ્યાં નથી હોતાં, અને જાણે મનુષ્યશરીર વિષે કશું જ જ્ઞાન ન હોય એવું બેડોળ માળખું તે દોરી બેસે છે. અહીં આપેલી સૂચનાઓ ને ચિત્રો ઉપર ખુબ વિચાર કરી, તે બરોબર મનમાં ઉતારી એ પ્રમાણે જ ઘણાં માણસો દોરશે તો બહુ સારૂં પરિણામ આવશે.

માણસના આખા શરીરનું સમતોલન અને છટા માથા વડે જ લાગે છે; તેથી શરીર ચીતરનારને માથાનું પ્રમાણ ધ્યાનમાં રાખી બીજા ભાગોનાં માપ મનમાં ઉતારવાનું સહેલું પડે છે. સાધારણ ઉંચાઇ વાળા પુખ્ત માણસમાં સામાન્ય રીતે માથા કરતાં શરીરની લંબાઇ સાત ગણી હોય છે. એટલે કે સાત માથાં એકબીજા ઉપર ગોઠવો એટલે પગથી દાઢીની લીટી સુધી પહોંચે. તાળવાથી શરૂ કરીને બે સાથળના સાંધા સુધી શરીરની અરધી લંબાઇ થાય છે. ત્યાંથી બીજો અરધો ભાગ પગનો થાય છે.

ખભા આગળથી લટકતો હાથ સાથળના સાંધાથી એક માથા જેટલો નીચે પહોંચે છે; એટલે એક હાથની

(અનુસંધાન પાછળને પાને)

આપબળે સ્વચરિત્ર ઘડી હિંદી મુદ્રણકલામાં નવો યુગ સ્થાપનાર અગ્રણી મુદ્રણકાર

ચિંતામણિ ઘોષ

વૃદ્ધ દાદી અને વત્સલ માતાની જોડે નવ વર્ષનો કાયસ્થ કુળનો એક બંગાળી બાળક ઈ. ૧૮૬૩માં કલકત્તા પાસેના બાલી ગામથી બનારસ આવીને રહ્યો. એના પિતાની નોકરી કમિસેરિયેટમાં હોવાને લીધે એમને ગામેગામ ફરવું પડતું, એટલે દેશમાં કુટુંબકબીલાની સંભાળ લઇ શકતા નહિ. પણ કોણ જાણતું હતું, કે સારી કમાણીવાળા પિતાનાં પ્રેમ અને સુખસંપત્તિની હૂંફની આશાએ આવેલા એ બાળકને કડકડતી ગરીબીમાં દિવસ ગાળવાના

દસ વર્ષની ઉમરે અનાથ બનેલા એક વીર બાળકે ઉગ્ર કર્તવ્યનિષ્ઠાથી સંસારનો ભાર પોતાની કોમળ ખાંધ પર ઝીલવો શરૂ કર્યો. નાના ઘરમાં મોટું મન રાખીને એણે જીવનનો આરંભ કર્યો. તલ તલ કરીને એણે પોતાના જીવનનું નિર્માણ કર્યું. એણે ગરીબીના ઘા ખમ્યા, સંસારની સામે યુદ્ધ ખેડ્યું, ખડતલ શરીર અને ઉજ્જવલ ચારિત્ર્ય ઘડ્યાં, ગગનગામી સ્વપ્નો રચ્યાં અને એને સંપૂર્ણપણે પાર પાડ્યાં. શરીરની શક્તિથી, બુદ્ધિની પ્રતિભાથી, ચારિત્ર્યની ઓજસ્વિતાથી એણે સંસારમાં પોતાનો માર્ગ કર્યો અને બીજાને ઉદાહરણરૂપ થાય એવો એને ઉજ્જવલ બનાવી દીધો. એની આ આખી જીવનકથા પ્રેરક તેટલી જ અનુકરણીય છે.

હતા, આપબળે સ્વચરિત્ર ઘડવાનું હતું, અને પછીથી જે ગામમાં પોતે કોડીહીન દશામાં પ્રવેશ કરેલો ત્યાં જ લક્ષાધિપતિ અને કીર્તિસંપન્ન બની હિંદના એક તેજસ્વી પુરુષમણિ બનવાનું નિર્માણ હતું !

બનારસની જયનારાયણ સ્કુલના શિક્ષકો એ નવ વર્ષના બાળકની તેજસ્વી પ્રતિભા અને ગણિતમાં પ્રખર બુદ્ધિ જોઇને વિસ્મિત થઈ જતા. સૌને આશા પડતી કે જતે દહાડે એ કોઈ વિરલ બુદ્ધિશાળી નર નીવડશે.

પરંતુ દૈવે એને બે વર્ષથી વધુ કાશીમાં રહેવા ન દીધો. એના પિતા માધવચન્દ્ર ઘોષ નોકરીને અંગે ફરતા ફરતા અચાનક બીમાર પડ્યા અને પ્રયાગમાં તરત જ એમનું અવસાન થયું. દસ વર્ષની વયે, જીવનના અરુણોદયમાં પિતૃહીન થએલો એ બાળક મા અને દાદી જોડે પ્રયાગ ગયો.

આવ્યો હતો તો પિતાની છાયામાં રહેવા; પણ અહીં કંઈક બીજું જ નિર્માણ હતું. પિતાની આવક ઘણી હતી, પણ સઘળી સંપત્તિ એમણે સટ્ટાની લતમાં ખુવાર કરી દીધી હતી. પારકા પરદેશમાં બે અનાથ સ્ત્રીઓ અને એક ગભરૂ બાળક કોડીહીન દશામાં આવી પડ્યાં. દેશ જવા માટે સાત દિવસનો રસ્તો હતો. પાસે પાઈ નહતી. શું થાય?

પણ માતા બિન્દુવાસિની બહુ મનસ્વી બાઇ હતી; ધર્મપ્રાણ હતી એવી જ નિશ્ચલ હતી. રહીસહી ઘરવખરી વેચી નાખી એણે પતિનું દેવું બધું ચુકવી દીધું અને પ્રયાગમાં જ ગરીબીથી રહેવું શરૂ કર્યું. એણે આશા બાંધી કે દીકરો તેજસ્વી છે, એને મહેનત મજુરી કરીને પણ જો મૅટ્રિક સુધી પહોંચાડી દઉં તો સારો પગાર મળતો થાય. જાત ઘસી, ગુજરાન ચલાવી એણે નાના ચિંતામણિને હાઇસ્કુલમાં મોકલવા માંડ્યો. પણ આ દુઃખના દહાડા બીજાં બે વર્ષથી વધુ ખેંચી શકાયા નહિ. લાચાર બની દીકરાનો અભ્યાસ છોડાવી દેવો પડ્યો, અને ઇ. સ. ૧૮૬૭માં તેર વર્ષની કુમળી વયે ચિંતામણિએ પાયોનિયર છાપખાનામાં દસ રૂપિયાને પગારે હિસાબી કારકુન તરીકે નોકરી લીધી.

આગળ અભ્યાસ કરવાની અને જ્ઞાન મેળવવાની તીવ્ર આકાંક્ષાઓને દબાવીને, અને રમતગમત તથા કસરત કૂદાના કાળમાં કુટુંબભારનો ગંભીર બોજો માથે ઉઠાવીને કર્મવીર ચિંતામણિએ પોતાના ભાવિ તેજસ્વી જીવનની આમ ૧૩ વર્ષની ઉમરે શરૂઆત કરી. ગણિતમાં એક્કો હોવાને લીધે પોતાનું હિસાબી કામ બેત્રણ કલાકમાં જ આટોપી લેતો અને તે સંપૂર્ણ તથા મોતીના દાણા જેવા અક્ષરે. આથી તેના ઉપરીઓ તેના પર પ્રસન્ન રહેતા. પણ તેની આ ચપળતાને કારણે મળતી નવરાશનો લાભ લેવાનું બીજાઓને મન થતું ને તેના

પર પોતાના કામનો પણ બોજો લાદતા. આથી, ભાઈસાહેબ પોતાનું કામકાજ બધું ટેબલ પર ન કરતાં ટેબલની નીચે ભરાઈ બેસીને કરતા; અને ત્યાં હિસાબો આટોપી લઈ નવરાશનો વખત જ્ઞાન મેળવવાને માટે વિવિધ પુસ્તકો વાંચવામાં ગાળતા.

ઑફિસમાં પડતી બપોરની રજામાં કે જ્યારે નવરાશ મળે ત્યારે એ છાપખાનામાં ઘુસી જતો અને ત્યાં છાપકામના જુદાજુદા સામાન–સંચાઓનું બારીક નિરીક્ષણ કરતો. ગૅલી, સ્ટિક, ચેસ, એમ, લૉકઅપ, વગેરે શબ્દો એના કાન પર પડીપડીને કંઇ અવનવાં સ્વપ્નો ખડાં કરતા અને એ બધાના અર્થ સમજી સમજી એ છાપખાનાના કામમાં કોઈ અજબ રસથી નજર પહોંચાડવા મથતો. એની આ જિજ્ઞાસા જોઈ એના સાથીઓ ઠેકડી કરતા. પણ ચિંતામણિને ઠેકડીની પરવા ન હતી, જ્ઞાનની પરવા હતી. ચાર વાગ્યે ઑફિસ બંધ થયે સૌ ટોપી ઓઢી છત્રી લઈ ઘેર જતા ત્યારે ચિંતામણિ સીધો મશિન અને કંપોઝ ખાતાંમાં દોડી જતો અને જિજ્ઞાસુ નજરે બધું નીરખતો.

આ વ્યવહારૂ જ્ઞાનની જોડે ગ્રંથવાંચનનો પ્રવાહ પણ બીજી બાજુ જોસભેર ચાલુ હતો. મળી શકે તેટલાં પ્રેસનાં, બીજાં જાણુ-પિછાનવાળાઓનાં માગીને, લાયબ્રેરીનાં લાવીને, અને છેવટે ફેરીવાળાઓ પાસેથી સસ્તે ભાવે જુનાં ખરીદીને પણ હાથ લાગ્યાં તેટલાં પુસ્તકો એણે વાંચવા માંડ્યાં, અને માતા ગરીબીને કારણે વિદ્યાલયની કેળવણી ન આપી શકી તેની પૂર્તિ તેણે આપબળે કરી લીધી.

આ અભ્યાસથી એની નોકરીના કામમાં પણ ઘણી સહાય ને સરળતા મળી. એની ભાષા તથા શૈલી ઘડાવાને લીધે ઑફિસનો એને હાથે થતો પત્રવ્યવહાર સર્વોપરિ નીવડતો. પાયોનિયરના મૅનેજર આ પ્રગતિથી ખુશખુશ રહેતો અને નોકરીમાં ચિંતામણિનો દરજ્જો ઉત્તરોત્તર વધતો જતો. સાત વર્ષમાં ૧૯ વર્ષની વયે તો એ સાઠ રૂપિયાને પગારે પહોંચ્યો.

પરંતુ આ નોકરી એણે અંતે છોડી દીધી. એના કારણ અનેક હતાં. કામનો બોજો અત્યંત એ તો ખરૂં જ; પણ મુખ્ય કારણ એવું બોલાય છે કે હિસાબોમાં કંઇક ગોટાળો એને જણાયો. એવો હિસાબ લખવાની એ સત્યાગ્રહી અને ચારિત્ર્યસંપન્ન છોકરાએ (હજી એ ૧૯ વર્ષનો છોકરો જ હતો છતાં આટલો દૃઢ સત્યાચરણી હતો) ના પાડી અને સાઠ રૂપિયાના પગારની બરકતવાળી નોકરી ઘડીના છઠ્ઠા ભાગમાં છોડી દીધી. મિત્રોએ–ઓળખીતાઓએ ઘણું સમજાવ્યું, પણ વ્યર્થ.

રૉયલ મેઇલ સર્વિસમાં તરત નોકરી મળી. એવા માણસને નોકરી મળતાં વાર શી? પણ અહીં બેત્રણ દિવસ જ નોકરી કરી અને પોતાના આત્મીય સ્વજન બાબુ ઉમાચરણ ઘોષના આગ્રહથી સરકારી મીટિયોરૉલૉજીની (વાયુચક્રશાસ્ત્ર–હવાચર–ની) ઑફિસમાં ખાલી પડેલી જગ્યા માટે અરજી કરી. ભલભલા ગ્રૅજ્યુએટોની એ જગ્યા માટે ઉમેદવારી હતી. હિંદના વિખ્યાત વાયુચક્રશાસ્ત્રી પ્રો. (પાછળથી સર) જ્યૉર્જ ઇલિયટ એ વખતે ત્યાં વડા અમલદાર હતા. ઉમેદવારોની પરીક્ષામાં આ ઉગતા ચિંતામણિની તીવ્ર બુદ્ધિપ્રતિભા, ગણિતશક્તિ, ભાષાનું પ્રભુત્વ અને સચોટતા તથા કામની સુઘડતા જોઇને પ્રો. ઇલિયટ તો ખુશખુશ થઇ ગયા અને તરત છેક હેડક્લાર્કની જગ્યાએ ચિંતામણિની નીમણૂક કરી. આ વીસ વરસના હેડક્લાર્કની સાથે હાથ નીચેના કંઇક માણસોએ વાંધો લીધો, કંઇંક તેની સામે કકડાટ કર્યો, પણ ગણ્યાગાંઠ્યા દિવસોમાં જ ચિંતામણિએ સૌને પોતાની શક્તિની પ્રતીતિ કરાવી દઇ આ વિરોધ શમાવી દીધો, અને ચપળ બુદ્ધિ તથા મીલનસાર સ્વભાવથી સૌનાં મન જીતી લીધાં.

એક વખત ઇલિયટ સાહેબે એક આકરો ગણિતનો હિસાબ ચિંતામણિને સોંપ્યો. કામ બહુ તાકીદનું હતું; પણ એટલું જ અટપટું હતું. સારી શક્તિવાળા માણસનો પણ નાકે દમ આવે અને પુરો કરતાં બેત્રણ દિવસ સહેજે લાગી જાય એવું હતું. પ્રોફેસર સાહેબે ચિંતામણિને બીજું બધું કામ છોડી દઇ એ તાકીદે પતાવવાનું કહ્યું. સાહેબે ધારેલું કે બેત્રણ દિવસ તો સહેજે થશે.

પણ થોડા જ કલાક પછી ચિંતામણિએ ગણિત પૂરૂં કરી પ્રોફેસર સાહેબના ટેબલ પર રજુ કરી દીધું. પ્રો. ઇલિયટ તો આશ્ચર્યથી સ્તબ્ધ બની ગયા; પછી ખુશખુશ થઈ ગયા, ચિંતામણિની શક્તિ પર વારી ગયા. તે દિવસથી ચિંતામણિ ઘોષનું સ્થાન સાહેબના મનમાં વધી ગયું. પોતાની અંગત લાયબ્રેરી આખી સાહેબે ચિંતામણિ માટે ખુલ્લી મૂકી દીધી અને રોજ એક કલાક જાતે, આગળ ગણિત તથા ત્રિકોણમિતિ શીખ-



શ્રી ચિંતામણિ ઘોષ

વવા લાગ્યા, તથા વાયુચક્ર-ગણિત ભણાવવાનું માથે લીધું. પરંતુ ઉંડેઉંડે ચિંતામણિના અંતરમાં એક દિવ્ય અસંતોષની આગ સદા સળગી રહી હતી. એ આગ હતી કોઈ સ્વકીય ધંધો ખોલવી તેમાં ઉંચામાં ઉંચી સફળતા મેળવવાની,—સફળતાની છેલ્લામાં છેલ્લી ટોચે પહોંચવાની. જેમાંથી પોતે પુરતા સાધનસંપન્ન થઇ શકે, બીજા અનેકને પણ પોષી શકે ને દેશની સંપત્તિ તથા જ્ઞાન વધારી શકે, એવો કોઇ સ્વતંત્ર ધંધો જમાવવો,—એવો ધીકતો જમાવવો કે જેને દુનિયા ઘડીભર જોઇ રહે, એવી મોંઘી ને વહાલી મહત્ત્વાકાંક્ષા એ ઠેઠ જીવનની શરૂઆતથી સેવતા આવ્યા હતા.

એટલે હવાઘરની નોકરી કરતાંકરતાં પણ બીજી તરફ એમની માનસિક પ્રગતિ તથા પ્રવૃત્તિઓ જોડેજોડે ચાલુ જ હતી. એક તરફ અભ્યાસ વધારતા જતા હતા, બીજી તરફ જુદાજુદા સ્વતંત્ર ધંધાઓનું નિરીક્ષણ કર્યા કરતા હતા.

અનેક ધંધાઓમાં એમણે નજર નાખી જોઇ, અનેકમાં અખતરા કરી જોયા, નાણાં પણ ખરચી જોયાં. કાપડની એક દુકાનમાં ભાગીદારી રાખી ને તેને સારી રીતે ઉંચી પાયરી પર મુકી દીધી. ફર્નિચરની દુકાન કાઢી, અને તેમાં બનતો સામાન,—ટેબલ ખુરશી ને કબાટ કૅબિનેટથી માંડીને તે છેક મોટીમોટી ગાડીઓ બનાવવા સુધીની દરેક ચીજ અંગ્રેજ કંપનીઓ 'સ્ટુઅર્ટ' અને 'ડાઇકસ'ની બરાબરી કરે એવી ઉત્કૃષ્ટ બનાવી. પણ આ બધામાં ક્યાંય એમનું મન ન ઠર્યું; જિગરને સંતોષ થાય એવું કલ્યાણકારી તત્ત્વ ન જણાયું; એમનો આત્મા કોઇ એવી વસ્તુ માટે તલસી રહ્યો હતો જેમાંથી એ પોતાનું શ્રેય કરવા સાથે જનતાનું કલ્યાણ પણ સાધી શકે.

બાળપણના સંસ્કારોએ બળ કર્યું હોય, કે હિંદુસ્તાનની મુદ્રણકલાના અને હિંદી સાહિત્યના ભવિષ્યે જોર કર્યું હોય,–ગમે તે હોય, પણ એમની નજર અંતે છાપખાનાના ધંધા પર ગઇ. એક સુભાગી પળે કોઇ રેજિમેન્ટના વેચાઉ પ્રેસની જાહેરખબર એમના વાંચવામાં આવી. થોડા ટાઇપ અને પરચુરણ સામાન સાથે એક સેકંડહૅન્ડ હૅન્ડપ્રેસ પાંચસો રૂપિયે વેચાઉ હતું. પણ એટલા પૈસા ગાંઠે ન હતા.

મિત્રો પાસેથી થોડી રકમ ઉછીની લઇને પ્રેસ ખરીદી લીધું અને ઘરમાં જ બધો સરંજામ ઉભો કર્યો. નોકરી પરથી ઘેર આવી, ખાઇપી, ઘરનાં બારણાં બંધ કરી રાત્રે કામ શીખવા લાગ્યા. બાળપણનાં દશ્યો ને એ સમયે રચેલાં સ્વપ્નો બધું નજર આગળ ખડું થવા લાગ્યું અને તેમાં રાચતાં રાચતાં ચિંતામણિ બાબુએ ટાઇપનાં ખાનાં ઓળખવાનું, કંપોઝ કરવાનું, ભુલો સુધારવાનું અને છાપવાનું શીખવા માંડ્યું.

અભ્યાસની સાથેસાથ કમાણી પણ થોડીથોડી શરૂ કરી દીધી. બહારનાં નાનાંનાનાં કામ લેવા માંડ્યાં. અને તે બધાં જાતે જ કંપોઝ કરી, સુધારીને છાપી આપતા. કામકાજ ન હોય ત્યારે અંગ્રેજી પુસ્તકો વગેરે વાંચીને અભ્યાસ આગળ વધારતા. આ બધું મોડી રાત સુધી ચાલતું. કોઇકોઇ વાર તો આખી રાતની રાત એમાં વીતી જતી.

આમ, ઇ. સ. ૧૮૮૪માં, અત્યારે હિંદુસ્તાનમાં મોટામાં મોટા ગણાતા અને હિંદી માલિકી હેઠળ વિકાસ પામીને પોતાના ઉત્તમ કામ માટે દેશવિદેશમાં નામના પામેલા અલ્લાહાબાદના વિખ્યાત 'ઇન્ડિયન પ્રેસ'નો પાયો નખાયો. ચિંતામણિ બાબુએ પોતાના નામનું ડેક્લેરેશન લઇ પ્રેસ રજિસ્ટર્ડ કરાવ્યું: સાથેસાથે જીંદગી પણ એની જોડે જ રજિસ્ટર્ડ કરી નાખી. આજ ચિંતામણિ બાબુનું જીવનચરિત્ર બે શબ્દોમાં

બતાવી દેવું હોય તો કહી દેવું કે 'ઇન્ડિયન પ્રેસ.' એ પ્રેસની સફળતા ને મહત્તાના પાયામાં એમણે પોતાનાં બાળપણનાં સ્વપ્નો ને આકાંક્ષાઓનું ખાતર પુર્યું, પોતાની જુવાનીનો ઉત્સાહ રેડયો, પોતાના જીવનભરનો પરિશ્રમ ને પરસેવો સીંચ્યો અને અંતકાળ લગી એ પ્રેસના ધબકારા સાથે જીંદગીના ધબકારાનો તાલ દીધા કર્યો.

પ્રેસ શરૂ કર્યા પછી થોડો વખત વીત્યો ન વીત્યો ને પોતે કામમાં પાવરધા થયા ત્યાં તો બહારથી એટલાં બધાં કામ આવવા માંડયાં કે ચાલુ સાધનો બધાં ટુંકાં પડવા લાગ્યાં અને ઑર્ડરોને પહોંચી શકવું અશક્ય થઇ પડયું. સંજોગવશાત એક ગૃહસ્થે એમના પ્રેસની ૧૪૦૦ રૂપિયે માગણી કરી. તરત ઘોષ બાબુએ પ્રેસ એમને વેચી નાખી, ચક્કરથી ચાલતા મોટા સિલિંડર મશિનનો ઑર્ડર આપ્યો.


પણ એ નવું મશિન આવી પહોંચે તે પહેલાં એક પ્રસંગ બની ગયો જેમાં એમની કાર્યતત્પરતા અને શોધકબુદ્ધિનું દર્શન થાય છે. એમના છાપકામની સફાઈ અને સુંદરતાની ખ્યાતિ એટલી બધી હતી કે ગવર્ન્મૅન્ટ પ્રેસમાંથી એક છાપકામ એમને મળ્યું. પોતાનું છાપખાનું તો વેચી નાખ્યું હતું ને નવું હજી આવી પહોંચ્યું નહોતું. પણ પોતાની નામનાથી ખેંચાઇ ઘર પુછતું આવેલું કામ પાછું ઠેલે એવા એ ન હતા; એટલે ના પાડવાને બદલે એમણે તે સ્વીકારી લીધું અને સંતોષકારક રીતે તે પાર ઉતારવા નિશ્ચય કર્યો. સીસમના લાકડાનાં બે પાટિયાંને મિજાગરા જડી તેમાંથી એક કામચલાઉ હૅન્ડપ્રેસ એમણે પોતાની બુદ્ધિથી ઉપજાવી કાઢયું, અને જાતે જ કંપોઝ કરેલા ટાઇપને પોતાની સ્વતંત્ર બનાવટના એ પ્રેસ પર, પોતાની અનોખી જ રીતે છાપીને ગવર્ન્મૅન્ટ પ્રેસનો ઑર્ડર પાર ઉતારી આપ્યો. આ રીતે કરેલું કામ પણ એટલું સુંદર થએલું કે ખુદ ગવર્ન્મૅન્ટ પ્રેસે પણ એ વખાણ્યું. જેણેજેણે આ જોયું ને સાંભળ્યું તે દિગ્મૂઢ થઇ ગયા. આ નાનો સરખો પ્રસંગ એમના ચારિત્ર્યમાં રહેલાં ચીવટ, નિશ્ચયબળ, પરિશ્રમ અને સંપૂર્ણતાનો આગ્રહ બતાવી આપે છે; અને ધંધાની શરૂઆતના સમયના એ દાખલાએ એમના સતત પરિશ્રમી જીવનમાં પણ પાછળથી હમેશાં જોશ ને પ્રેરણા આપ્યા કર્યાં.

ઇન્ડિયન પ્રેસના આવરદાનો એક દસકો પુરો થવા આવ્યો હતો; ફુટતા આવતા પ્રભાતના પ્રકાશની પેઠે એની પ્રતિષ્ઠા ધીમેધીમે વધતી જતી હતી; એનું કાર્ય નવી દિશા, નવું દર્શન ને નવી ચેતના પ્રેરતાં જતાં હતાં; એવામાં ચિંતામણિ બાબુને જીવન–પરિવર્તનનો એક મોકો મળી ગયો. એમની મીટિયોરૉલૉજીની ઑફિસમાં કરકસરને કારણે રિડકશન (નોકરો ઓછા) કરવાની દરખાસ્ત સરકાર તરફથી આવી. છાપખાનાના ધંધામાં જીંદગી સ્વતંત્રપણે કઇ રીતે પરોવી શકાય એની તક જ એ તો શોધતા હતા; ત્યાં આ મળી ગઇ. એમણે પોતાના ઉપરીને વિનંતિ કરી કે નાનાનાના નોકરોને રજા આપવાને બદલે પોતાને જ પેન્શન આપીને છુટા કરે. એમના કામથી મુગ્ધ થએલા ઉપરીઓ આ કેમ માને? પણ એમના આગ્રહને વશ થઇ ઘણી આનાકાની પછી ઉપરીઓ કબુલ થયા અને ૩૫ વર્ષની વયે ૨૫ રૂપિયાનું ચોથાઇ પેન્શન લઇ ઇ. સ. ૧૮૯૪માં ચિંતામણિ બાબુ સરકારી નોકરીમાંથી છુટા થયા.

બસ; ધાર્યો સંજોગ મળી ગયો. મનમાન્યો ધંધો ચાલુ હતો; સ્વપ્નાં અને આકાંક્ષાઓનો ભંડાર ભર્યો હતો; માત્ર બાકી હતી સ્વતંત્રતા,–તે મળી ગઈ. આતુર હૃદય અને પ્રબળ લગનીથી એમણે પોતાની જાતને પ્રેસમાં પરોવી દીધી; સમય, શક્તિ અને હતી એટલી સંપત્તિ તેના વિકાસ અને પ્રગતિ પાછળ મુકી દીધાં. રાત ને દિવસ છાપખાનાનું કામ સર્વાંગ સંપૂર્ણ કેમ થાય, તેમાં નવા સુધારા કયાં અને કેમ કરી શકાય, નવો વધારો કઇ જગ્યાએ કેવા પ્રકારનો થવો જોઇએ એની જ પાછળ બધું ધ્યાન રોકી દીધું. સંચાના નાનામાં નાના સ્ક્રૂથી માંડીને ઑફિસની ઝીણામાં ઝીણી વિગત સુધી એમણે દૃષ્ટિ કેળવી લીધી. મશિનોની ગુંચવણભરી બારીકીઓ, શાહી સરેસ ને કાગળની વિવિધ જાતો, છાપકામની ઝીણીમોટી હાલાકીઓ ને મુસીબતો, એ બધાનું તલસ્પર્શી ને ચોક્કસ જ્ઞાન મેળવી લીધું.

એક પણ ભૂલ વિનાનું, સંપૂર્ણરીતે સુઘડ અને સુંદર મુદ્રણ એ એમનો આદર્શ હતો. બીજો આદર્શ હતો નિયમિતતા. ધારેલે દિવસે, ધારેલે વખતે—ઠરાવેલે કલાકે ઘરાકને કામ પહોંચવું જ જોઇએ એ દઢ આગ્રહ એ છાપખાનામાં ઘડિયાળના કાંટાની પેઠે કડકપણે

(અનુસંધાન આગળ પાન ૨૧મે)



કાળો દીપડો



બોર્નીઓના જંગલની એક વાર્તા

ગીચ જંગલને વીંધીને વહેતી એક નાની પણ ઊંડી નદીને કિનારે ચોમેર ટેકરીઓથી વીંટળાએલો થોડોક ખુલ્લો પ્રદેશ હતો. એ નાની સરખી ખીણમાં ડયાક લોકોનું એક નાનકડું ગામડું વસી રહ્યું હતું. વૃક્ષોનાં ઝુંડથી છવાએલી પર્વતની ધારોની હારની હાર ત્યાંથી શરૂ થઇને નદીને અંને કિનારે આવી રહી હતી. આવા રમણીય–ભયંકર સ્થાનમાં નીકાનો જન્મ થયો હતો.

નાનપણથી જ તે એવો ચપળ, સાહસિક અને કાંટાબાજ હતો કે મોટો થયે તે કોમનું નામ રાખે એવો અચ્છો શિકારી નીવડશે તેમ સૌને આશા પડતી. તેમાં યે એક દહાડો તેણે નદીની ઉપરવાસ આવેલી દીપડાની બોડના સમાચાર આપ્યા ત્યારે તો ગામલોક અજાયબીથી સ્તબ્ધ થઇ ગયા. પ્રથમ તો એમણે માથું ધુણાવીને એ વાત માનવાની જ ના પાડી. પણ નીકાએ તો સાથે જઇને જાતે બોડ બતાવવાનું માથે લીધું. તેમને દીપડાનું માંસ ભાવતું તો બહુ; પણ જ્યાં સુધી વગર જોખમે ખાણમાંથી પાડાનું માંસ મળતું અથવા ટેકરીઓની પેલી મેર સહેલાઇથી હરણનો શિકાર કરી શકાય એમ હતું ત્યાં સુધી દીપડાની બોડની તપાસ કરવાને તેઓ ઇંતેજાર ન હતા. એટલે એમણે નીકાની વાત બાળક ગણીને હસી કાઢી. દુનિયામાં સૌથી વધુ ઝેરી ને ખુનકારક ગણાતું એ લોકોનું શિકાર કરવાનું હથિયાર 'ભુંગળી ને શુળ' ધારણ કરવાને માટે નીકા હજુ લાયક થયો ન હતો.

ભુંગળી અને શુળનું આ લોકોનું હથિયાર જેટલું સાદું તેટલું જ ભયંકર હોય છે. અતિ કાતિલ ઝેર પાએલી થોડી શુળો શિકારી પોતાની પાસે રાખે છે. બીજી હોય છે એક સાદી ભુંગળી. શિકારની તક મળે કે એક શુળ ભુંગળીમાં નાખે છે, અને ભુંગળીનો પાછળનો છેડો મોંમાં લઇ, બરોબર તાકીને જોરથી ફુંક મારે છે. શુળ ઉડીને શિકારને વાગ્યાની જ વાર. માત્ર લોહી નીકળવું જોઇએ. એક પળમાં તો ઝેર હાડોહાડ વ્યાપી જાય અને શિકાર ઢગલો થઇને નીચે પડે.

નીકાની ઉગ્ર ઇચ્છા દીપડાનો શિકાર કરવાની હતી. તેને એનું કાળાં ટપકાંવાળું ચામડું બહુ જ ગમતું.* પોતે મોટો થશે, એક સ્વતંત્ર ઝુંપડીમાં

* દીપડા અને ચિત્તામાં ફેર એ છે કે દીપડાને શરીરે કાળાં ચકરડાં ત્રણ ત્રણ સાથે હોઇ ફુલેવર જેવો આકાર હોય છે; જ્યારે ચિત્તાને માત્ર કાળાં મીંડાં જ હોય છે. વળી ચિત્તાને, આંખથી ગાલ સુધી, આંસુ વહેતાં હોય તેવા બે લીટા હોય છે. દીપડો ઘુરકે છે, જ્યારે ચિત્તો બિલાડી જેવો અવાજ કરે છે. દીપડો એટલે પૅન્થર, ચિત્તો એટલે હંટિંગ-લેપર્ડ.

રહેતો હશે ત્યારે આવાં ટપકાંવાળાં ચામડાંથી પોતાની ઝુંપડી શણગારશે અને પાવરધા શિકારી તરીકે એ આખા પ્રદેશમાં પોતાની નામના થશે, એવાંએવાં દીવા–સ્વપ્ન તે અનુભવતો ને વારંવાર દીપડાની તપાસ કર્યા કરતો.

અને અંતે નીકાએ દીપડાની બોડનો પત્તો મેળવ્યો. ડચાક લોકોના એ ગામની સામી બાજુ, નદીને કિનારે પર્વતની ઉંચી કરાડોની વચ્ચે, પીલુડી જેવા ઝાડનાં જાળાંથી ઢંકાએલી એક બોડમાં દીપડીએ ત્રણ બચ્ચાં મુક્યાં હતાં: બે દીપડા અને એક દીપડી. એ ત્રણેમાં કાળિયો પોતાનાં બંને ભાંડુ કરતાં વધારે કાળો હતો. ઘણી વાર આ માર્જાર યોનિનાં જનાવરોમાં એક જ માનાં બચ્ચાંમાં પણ રંગફેર હોય છે. બોડની પાસે જ અને નદીના બંને કિનારા ઉપર લાંબી ડાળીઓવાળું એકએક મોટું ઝાડ ઝુકી રહ્યું હતું અને તેમની ડાળો સામેના કિનારાના ઝાડની ડાળીઓ સાથે અરસપરસ એવી રીતે જોડાઇને આવી રહી હતી કે તેમનો એક પુલ નદી બની ગયો હતો. જંગલી જનાવરોની સુંઘવાની શક્તિ અતિશય તીવ્ર હોય છે. એક રાત્રે કાળિયાનો બાપ શિકાર માટે આ ડાળોના પુલ ઉપરથી ગામમાં જતો હતો એવામાં તેને ડાળોમાં એક નવી જ જાતની ગંધ આવી. તે જ દિવસે નીકા આ ડાળો ઉપર થઇને દીપડાનાં બચ્ચાં જોઇ ગયો હતો અને પોતાની ગંધ ડાળો ઉપર મુકી ગયો હતો.

ડાળીઓથી બનેલા આવા કુદરતી પુલની સગવડતાને લીધે જ કાળિયાનાં માબાપે આ બોડ પસંદ કરી હતી. દીપડો રોજ રાત્રે આ પુલ ઉપર થઇને સામે કાંઠે આવેલા ગામડામાં શિકાર માટે જતો. ગામમાં કુતરાં પુષ્કળ હતાં; અને દીપડાને કુતરાનું માંસ બહુ જ પ્રિય હોય છે. એટલે બહુ જ સહેલાઇથી મનપસંદ ખોરાક મળી શકવાની સગવડ અને સરળતાવાળું સુરક્ષિત રહેઠાણ બંને દીપડાને મળી જવાથી આ બોડ તેમને બહુ ફાવી ગઇ. ધીમેધીમે નીકાના ગામમાંથી એક પછી એક કુતરાં ઓછાં થવા લાગ્યાં, અને કાળિયો તથા તેનાં ભાંડુ થોડાં મોટાં થઇ હરતાં ફરતાં થયાં ત્યાં તો ગામમાં કુતરાંની અછત થઇ ગઇ અને દીપડાને ખોરાક માટે બીજાં સ્થળે શોધ શરૂ કરવી પડી. કોઇકોઈ શાંત રાત્રિએ ગામ તરફથી વાતો પવન કુતરાની ગંધથી ભરપુર જણાય અને જંગલના અનેક અવાજોમાં પણ દૂરથી ભસવાનો અવાજ સંભળાઈ આવે કે તરત કાળિયાનો પિતા આનંદથી ઉઠે, પોતાનું ગોળ ટપકાંવાળું ચામડું જીભથી ચાટીને લીસું કરે અને ચંદ્રના પ્રકાશથી પડી રહેલા ઝાડપાનના વિચિત્ર ઓળાઓ સામે એકી ટશે જોઇ રહી તે રાતના મનપસંદ શિકારની મીઠી કલ્પનાઓ ઘડતો ઉપડે. તેમને કુતરાનું માંસ બહુ જ પ્રિય હતું.

કાળિયો અને તેનાં ભાંડુ આખો દિવસ રમતાંકુદતાં, પરસ્પરની પાછળ પડી ગેલ કરતાં, સામસામા પંજા ઉગામી એક બીજાનાં પુંછડાં પકડવા દોડતાં, અને ક્વચિત રમતરમતમાં પુંછડે બચકાં પણ ભરી લેતાં. ત્યારે સારી ધુમાધુમ મચી રહેતી અને એ સાંભળી પાસે પડેલી દીપડી એકાદ બે ઘીંઘાટા નાખતી ને ફરી બધે શાંતિ પ્રસરી રહેતી.

બચ્ચાં નાનાં હતાં ત્યાં સુધી તો દીપડો આટલો નજીકમાં રહે છે તે વાત ડચાક લોકોને ન સમજાઇ. પણ બચ્ચાં બિલાડી જેવડાં મોટાં થયાં એટલે તેમને

માટે વધારે ખોરાક મેળવવાની માબાપને ફરજ પડવા લાગી. એક વખત તો દીપડો કુટુંબ માટે કુતરાં ઉપરાંત એક અઠવાડિયામાં બે વાછડાં પણ ઉપાડી લાવ્યો. હવે ગામના લોકોમાં ખળભળાટ થયો. નીકીએ કહેલી વાત હવે તેમના માન્યામાં આવી, અને દીપડાનો શિકાર કરવાનો તેમણે વિચાર કર્યો. નીકીને સાથે લઇ તેઓ દીપડાનું રહેઠાણ જોવા નીકળ્યા.

નીકી ઝાડ ઉપર ચડી પુલવાળી ડાળી પર ગયો. તે ડાળ તેના વજનથી નમી અને સામા ઝાડની ડાળી ઉપર બરાબર આવી રહી. નીકી પોતાની હોંશિયારી બતાવવા માટે સહેજ બેદરકારીથી કુદ્યો. પણ અભિમાનથી હોશિયારી બતાવવા જતાં હમેશાં ચુક થાય જ. નીકી થોડુંક ચુક્યો અને નદીમાં પડ્યો; પણ તરત તેણે ડાળ પકડી લીધી ને પાછો ઉપર ચડી ગયો, અને એક ડાળ નમાવી બીજી ઉપર અને બીજી નમાવી પહેલી ઉપર કેમ અવાય છે તે તેણે ડયાક લોકોને બતાવ્યું અને સામે પર્વતની કરાડમાં ઝાડથી ઢંકાઇ રહેલી બોડ પણ દૂરથી ચીંધી દીધી. પરંતુ ગામલોકો આવું બધું સાહસ ખેડવા તૈયાર ન હતા. નીકીએ તેમને બહુબહુ સમજાવ્યા પણ તેઓ તો ડોકાં ધુણાવી ચાલ્યા ગયા.

તે રાત્રે હમેશ મુજબ દીપડો પુલ ઉપરથી ગામમાં જતો હતો ત્યારે તેને ઝાડની ડાળોમાં બહુ જ સખત ગંધ આવી. તે અટક્યો, ફરીફરીને ડાળીઓ સુંઘી અને પાછો ફરી ગયો. મનુષ્યની ગંધ દીપડાને બીલકુલ ગમતી નથી. તે તેનાથી બીએ છે. તરત જ પાછો વળી નદીની ઉપર જ્યાં જંગલ જરા ઓછું ઘાડું હતું ને જ્યાં પાણીમાં હરણ અને ડુક્કર પુષ્કળ હતાં— એટલેકે ખોરાક મેળવવાનું વધારે સહેલું હતું—ત્યાં એ ચાલ્યો ગયો. એકાદ ઝાડની ડાળી ઉપર લપાઇ બેસવું અને લાગ જોઇ નીચેથી પસાર થતા હરણ કે ડુક્કર ઉપર તુટી પડવું એ તેની શિકાર કરવાની હમેશની રીત હતી. તે યુક્તિ તેને બહુ ફાવી ગઇ હતી.

બોર્નીઓના જંગલમાં શિકાર પુષ્કળ; પણ સાથે જોખમ પણ પુષ્કળ. પશુઓમાં હોશિયાર શિકારી તે ગણાય જે કદિ ભુલ ન કરે. આપણે માણસો માટે એક ભુલ કે અનેક ભુલ એટલે કાઇ જ નહિ; પણ જંગલી જનાવરોને એક ભુલ એટલે મૃત્યુ. ઘણે



પછી તો ભુંગળીમાંથી ફુંકેલી ઝેરી શુળે બાકીનું કામ ખલાસ કર્યું.

ભાગે બીજી ભુલ કરવા તે જીવે જ નહિ. કોઇક જ વાર એક, બે કે ત્રણ ભુલો કરવા છતાં જનાવર જીવતું રહી જાય. પણ એવો અપવાદ તો જવલ્લે જ નીકળે. બાકી જંગલજીવનના કાનૂન પ્રમાણે ભુલ એટલે મૃત્યુ. અને જંગલનો આ કાનૂન અટલ.

નીકી તો દીપડાના જ વિચાર કર્યા કરે; તેના ચામડાની શોભાનાં જ સ્વપ્નાં ઘડ્યા કરે. પરંતુ હવે તો દીપડો નજીકમાં હોવાનાં ચિહ્નો પણ અદૃશ્ય થયાં. પુલ ઉપર વારંવાર જવાથી દીપડાને માણસની એવી તો ગંધ આવી હતી કે તે હવે શિકાર માટે પણ ગામમાં બીલકુલ આવતો નહિ. નીકી બેત્રણ વાર તપાસ માટે બોડ તરફ ગએલો, પણ તેણે ત્યાં કશું જોયું નહિ. તેણે માન્યું કે દીપડો ચાલ્યો ગયો.

પણ આ બધો વખત દીપડાનું કુટુંબ તે જ બોડમાં હતું. કાળિયો મોટો થતો જતો હતો—ત્રણે બચ્ચાંમાં એ સૌથી સુંદર લાગતો. એના શરીરનો રંગ ઓર ખીલતો જતો હતો. એ રંગમાં જાતજાતની ઝાંય હતીઃ પીળા–બદામી રંગથી તે ભુરા કાળા રંગ સુધીના બધા રંગના ઝબકારા તેના ઉપર ચળકતા અને તેમાંથી રીસમ જેવા તલકાં તરી રહેતા. પણ દૂરથી જોઇએ તો આખી પીઠ કાળા મખમલ જેવી ચકચકતી લાગે. માત્ર આગલા બે પગની વચ્ચે, થોડા ભાગમાં, નારંગી રંગનો કબજો પહેર્યો હોય એવું લાગતું. ઝાડની ડાળો ખોતરીખોતરીને તેના પંજા ચકચકતા થઇ ગયા હતા,

અને ઝાડ પર ચડતાં તેમ જ જમીન ઉપર બહુ જ સહેલાઈથી તે દોડતાં ને લોંચીઓ ખાતાં શીખી ગયો હતો. ભવિષ્યમાં બોર્નીઓ જંગલમાં ત્રાસ નખાવે એવો કોઈ નામી કાળો શિકારી થવાની તે આગાહી આપતો હતો.

આ જ સમયમાં કાળિયાના પિતાએ પ્રથમ ભુલ કરી. નદી ઉપરની ઝાડની ડાળોમાંથી માણસની ગંધ હવે મટી ગઈ હતી એટલે તે હમેશના રિવાજ કરતાં જરા એકાદ કલાક વહેલો કુતરાના શિકાર માટે ગામ તરફ ગયો. ચંદ્ર બરાબર મધ્ય આકાશમાં આવી રહ્યો હતો. અચાનક એક ગામડીઆએ તેને ઝાડની સુકી ડાળ ઉપર ઉભેલો જોયો. પછી તો ભુંગળી અને ઝેરી શુળ બાકીનું કાર્ય સમાપ્ત કર્યું. ઝેરી શુળના સહેજ વાગવાથી જ માત્ર એક ક્ષણમાં તે ડાળી પરથી નીચે તુટી પડ્યો. શુળનું ઝેર તેને એવું તો હાડોહાડ વ્યાપી ગયું કે એ જ પળે તે મરણને શરણ થયો.



તમારો ગ્રાહકનંબર બદલાયો છે

રેપર ઉપર જોઈને નોંધી લેજો કે જેથી પત્રવ્યવહાર વખતે કામ લાગે. ગ્રાહક નંબર જણાવ્યા વિનાના પત્રો ઉપર ધ્યાન આપવું મુશ્કેલ હોય છે.

બીજે દિવસે સવારે નીકીએ આ મરેલા દીપડાનું ઝગઝગતું ચામડું ગામમાં લાવેલું જોયું અને તેની અભિલાષાઓ ઉછળવા લાગી. પોતાને માટે પણ એવું એકાદ સુંદર ચામડું મેળવવાની તેની ઈચ્છા ઉગ્ર થઈ. પણ બોર્નીઓના જંગલી પ્રદેશમાં ભુંગળી અને ઝેરી શુળ સિવાય દીપડાના શિકાર માટે યોગ્ય બીજું હથિયાર ન હતું; અને આ હથિયાર ધારણ કરવાને માટે તે હજુ મોટેરાંની નજરમાં યોગ્ય ગણાતો ન હતો.

જંગલી જનાવરોની યાદદાસ્ત ટુંકી હોય છે. તે પ્રમાણે કાળિયો અને તેનાં બંને ભાંડુ પોતાના પિતાને ભુલી ગયાં. વળી હવે તો જાતે એકલા શિકાર કરવા જવા જેવડાં તે મોટાં થયાં હતાં, એટલે કુદરતી રીતે પણ માબાપથી છુટાં પડવાનો સમય આવી લાગ્યો હતો. જનાવરોમાં બાપ કરતાં માની કીમત વધુ ગણાય છે અને સામાન્યરીતે બચ્ચાં બાપ કરતાં મા પાસેથી જ શિકારની રીતો શીખે છે. માની સાથે શિકારે જઈને કાળિયાએ તથા તેના બંને ભાંડુઓએ શિકાર કરતાં શીખી લીધું હતું.

એક રાત્રે કાળિયો તથા તેનાં બંને ભાઈ બહેન હરણનો શિકાર કરી નદી તરફ પાણી પીવા જતાં હતાં, એવામાં અચાનક કાળિયાની બેનનો પગ ગફલતથી એક ઝેરી સાપ ઉપર પડ્યો. જંગલમાં કદિ ન કરવી જોઈએ તેવી ભુલ તેણે કરી અને બીજી ભુલ કરવાને તે જીવી નહિ.

જનાવરોની ટુંકી સ્મરણશક્તિના નિયમ પ્રમાણે કાળિયો તથા તેનો ભાઈ પોતાના બાપની જેમ આ બહેનને પણ થોડા વખતમાં ભુલી ગયા. માથી જુદા પડવાની ઋતુ હજી આવી ન હતી, એટલે બંને જણ દીપડી ભેગા જ રહેતા હતા. રાત્રે શિકાર કરે અને દહાડે બોડમાં ભરાઈ સુએ અથવા પરસ્પર ગેલ કરે. મોટા થતા નાળિયેર જેવા કાળા મખમલના દડામાંથી સફેદ ચકચકતા દાંત દેખાય; એકબીજાની પુંછડીઓ પકડવા ચુપકીથી ઝાડની ઘટામાં પડછાયાની પેરે દોડાદોડ કરી મુકે; કોઈ વાર પંજા વતી એક બીજાને લાત પણ લગાવે: કદિક કદિક દીપડી પણ આ તોફાનમાં ભળે.

આમ કાળિયો મજબુત અને ચાલાક થતો ચાલ્યો. આ બધાં તોફાન, તેના પંજા સ્નાયુઓ અને શરીરની ખીલવણી માટે બહુ જ ઉપયોગી હતાં. થોડા સમયમાં તો એ મજબુત પંજાદાર, કાળો, સુશોભિત, સાત ફુટ લાંબો રૂઆબદાર દીપડો બન્યો.

થોડા વખત પછી, કોણ જાણે કેમ, કાળિયો અને તેનું કુટુંબ પોતાની જુની બોડ છોડી ચાલ્યાં ગયાં. અને બીજો કોઈ દીપડો તો ગામની નજીક આવતો ન હતો. એટલે દીપડાનું ચામડું મેળવવાની નીકીની આશા નિરાશામાં ફેરવાની જવા લાગી.

એક રાત્રે કાળિયો એકલો શિકારે નીકળ્યો. તેની



ચીચિયારી કરતા તથા ફુંફાટા મારતા, જમીન પરના કરચલા વીણી ખાતા હતા.

મા અને ભાઇ પાડાના શિકાર માટે જુદાં પડ્યાં હતાં. દીપડાને કુતરાં અને કુક્કરનું માંસ ગમે તેવું પાડાનું ગમતું નથી, એટલે સ્વાદનો શોખીન કાળિયો જુદો પડ્યો હતો. તે એકલો એક ડાળે વિચાર અને આશામાં લપાઇને બેઠો હતો. એવામાં તેને કુક્કરની ગંધ આવી. * તરત તે ડાળ ઉપરથી નીચે કુદી પડ્યો અને ગંધને વહી લાવના પવનની દિશામાં ચાલ્યો. આઠમના ચંદ્રના અધુકડા પ્રકાશમાં તે આગળ ધપ્યે જતો હતો. દિવસે આંખોથી જેટલી ખબર પડે તેટલી ખબર તેને તેની સુંઘવાની શક્તિથી પડતી હતી. ભયંકર દાતરડી વાળો કોઇ તોતીંગ જંગલી કુક્કર નજીકમાં હોય તેમ તેને ભાસ થયો. તેના મીઠા માંસના વિચારથી કાળિયાના મોંમાં પાણી છુટવા લાગ્યું. ગમે તેવા સખત દ્વંદ્વયુદ્ધ પછી પણ અંતે વિજય પોતાના જ પક્ષમાં હોય એવી ખાતરીથા તેનું હૈયું ઉછળવા લાગ્યું.

કાળિયાના મગજમાં કદિ પણ લડાઇના પરિણામ વિષે વિચાર જન્મતો જ નહિ. જંગલનું જીવન જ એવું નિર્ભય હોય છે. જ્યાં સુધી ભય–મોત હાથ-વેંતમાં ન આવે ત્યાં સુધી તેનો વિચાર જ આવતો નથી. પ્રાણીઓમાં એ પ્રકારની તર્કશક્તિ હોતી નથી. જોકે ખરી રીતે જોઇએ તો જંગલમાં ભયનું જ સામ્રાજ્ય હોય છે. પણ તે ભય એ પ્રાણીઓના જીવનમાં સદા વ્યાપક હોતો નથી. તેનું ભાન માત્ર તે ભય આવી પડે તે પળ પુરતું ક્ષણિક જ હોય છે અને એ ક્ષણ પશુજીવનમાં બહુ જ નાની હોય છે.

પરંતુ કુક્કરનો પીછો પકડવા જતાં અચાનક આજ રાત્રે કાળિયાનો ભેટો પોતાનાથી મોટા એક વાઘ સાથે થઇ ગયો. પણ તેને ભય જેવું કાંઇ લાગ્યું જ નહિ. પ્રેરણાશક્તિએ તેને સમજાવ્યું કે વાઘ કાંઇ એમ યુદ્ધમાં નહિ જ ઉતરે,—યુદ્ધ કરવાનું તેને ખાસ પ્રયોજન પણ ન હતું. એટલે એકાદ બિલાડી કોઇ ગલુડિયાં સામે લપાઇને ઘુરકે તેમ એ વાઘ સામે લપાઇને ઘુરકયો અને એક છીંકોટો નાખ્યો. વાઘ પણ લપાયો અને ઘુરકયો ને છેવટે ત્રાડ દીધી. જોકે વાઘ શિકાર ઉપર તરાપ મારે ત્યારે જ માત્ર ત્રાડ મારે છે.

આમ બંનેએ ઘડીભર એકબીજાનો સામનો કરીને પરસ્પર ખુબ દમદાટી દીધાં, અને જો ખરેખર લડાઈ થશે તો પોતે શું શું કરશે તે એકબીજાને કહી સંભળાવ્યું. પછી બંને ઉઠીને જુદાજુદા દિશામાં ચાલ્યા ગયા. કાળિયાને તો જો લડાઇ થઇ હોત તોપણ પેટમાં ટાઢક જ હતી, કેમકે કટોકટીનો પ્રસંગ આવ્

* સારા શિકારીઓ કહે છે કે દીપડો ગંધથી શિકાર કરતો નથી, પણ કાન ને આંખની મદદથી કરે છે; વાઘ અને સિંહ ગંધથી શિકાર પર જાય છે. પણ બોર્નીઓના જંગલનો દીપડો પ્યુમાની જાતનો લાગે છે. પ્યુમા ગંધથી શિકાર પારખે છે. આપણે ત્યાં અરવલ્લીમાં દીપડા બહુ થાય છે. કાળા દીપડા તો હિંદુસ્તાનમાં નીલગિરિ તરફ જ થાય છે એમ સાંભળ્યું છે.

પડચે પોતે બચાવ માટે ઝાડે ચડી જઇ શકશે, જ્યારે વાઘ તેમ નહિ કરી શકે તે વાત તે બરાબર સમજતો હતો.

પણ આ તકરારમાં તે પેલી કુક્કરની ગંધ ભુલી ગયો—અથવા કહો કે પોતે કુક્કરનો શિકાર કરવા નીકળ્યો હતો એ વાત જ ભુલી ગયો. એવામાં બાજુનાં ઝાડવાંમાં એણે કાંઇક ચીચિયારી સાંભળી અને ઝપ દઇને એક ઝાડની ડાળ ઉપર તે ચડ્યો. પડછાયા જેવા મોટા ઓળા ગીચ ઝાડીમાંથી પોતાની તરફ આવતા તેને જણાયા. તેઓ પરસ્પર દાંતિયાં કરતા જતા હતા અને ચીચિયારી કરતા તથા ફૂંકારા મારતા જમીન પરનાં છોવડાં ને કરચલા વીણી ખાતા હતા. એ ટોળું જેવું પવનની દિશામાં હેઠવાસ વળ્યું કે કાળિયો ઉંચી ડાળે બરાબર નિશાન સાધીને લપાયો. એ ટોળામાંનું એક પ્રાણી તેની બરાબર નીચે આવ્યું. તરત કાળિયાની સુંવાળી પીઠ ઉપરનાં માંસલ ગાત્રો-માં થોડી લહરીઓ આવી, તેનું શરીર જરા સંકો-ચાયું ને એક ધીમી ત્રાડ મારી તે શિકાર પર કુદ્યો.

ચીચિયારી પાડતું એ આખું ટોળું નાઠું, પણ તેમાંનો એક તો પકડાઇ ગયો હતો. ઉરાંગ–ઉટાંગની પીઠ ઉપર કાળિયો બરાબર ચોંટી પડ્યો હતો. તેની તીણી દાઢો વાંદરાની ગરદનમા ઊંડી ઉતરી ગઇ હતી. દીપડાના શિકારી દાવ પ્રમાણે તેણે પોતાનો પંજો ઉરાંગ–ઉટાંગની હડપચી નીચે દાબી એવો તો આંચકો દીધો કે તેની ડોક ભાંગી ગઇ.

ખુબ નાસ્તો કરી, લોહી પી બાકીનું તેણે સંતાડ્યું ત્યાં તો સવારનું ભળકડું આકાશમાં જણાવા લાગ્યું. પ્રેરણા અને ટેવનો દોર્યો તે પોતાની જુની બોડ તરફ ફર્યો. પાડાને શિકારે નીકળેલાં મા અને ભાઇ તો તેને વિસારે પડી ગયાં હતાં. કાળિયો નીકાંના ગામની પાસે પાછો ફરીથી આવ્યો. તે જ સવારે નીકો વહેલો બહાર નીકળેલો તેણે આ કાળા પડછાયાને ઝાડીમાં પસાર થતો જોયો. ચટાપટાવાળા ચામડાના વિચાર ફરી પાછા તેના મગજમાં તાજા થયા. હવે તો કાળિયાનો શિકાર કરી ચોક્કસ ચામડું મેળવવું એવો તેણે નિશ્ચય કર્યો.

આ વખતે તેણે ગામનાં મોટેરાંઓને દીપડો આ-વવાની વાત કરી નહિ. તક મળે કે પોતે છાના-માના બુંગળી અને ઝેરી શુળ થોડા વખત માટે હાથ કરી જાતે જ શિકાર કરવાનો વિચાર કર્યો. તે માટે દીપડો બપોર ક્યાં ગાળે છે, નદીને કયે તટે પાણી પીએ છે, શિકાર માટે ક્યાં ક્યાં ભમે છે તેની વિગત-વાર શોધ તેણે કરવા માંડી, અને પોતાનો ને દીપડાનો ભેટો થાય ત્યારે સંતાઇને બુંગળી ક્યાંથી વાપરવી અનુકુળ પડશે તેવાં એકાદ બે સ્થળો પણ નક્કી કરી રાખ્યાં. પહેલે પ્રસંગે તો, દીપડાની શોધ પોતે કરેલી અને તેને મારીને ચામડું બીજો લઇ ગએલો એ વાત તેને બહુ જ ખુંચતી હતી.

એક રાત્રે કાળિયો નીકોના ગામને પાદરથી એક વાછડો મારી ઉપાડી ભાગ્યો. પણ કયાંક સંતાઈ રહેલા બે પગ વાળા એક પ્રાણીએ તેના તરફ કાંઈક ચક-ચકતું ફેંક્યું અને તેને ગરદન ઉપર તીણો જખમ થયો. ખોવાએલા બળદની શોધમાં નીકળેલા એક ડ્યાક ખેડુતે ઝાડીમાંથી પોતાની છરી ફેંકેલી તેનો આ ઘા હતો. એ પ્રસંગે તેની પાસે બુંગળી ને શુળ નહોતાં, નહિતર કાળિયાના ત્યાં જ રામ રમી જાત.

જેમતેમ કરતો કાળિયો ડાળવાળા પુલ પર થઇ પોતાની બોડ ભેગો તો થયો. પણ પછી જખમની વેદના બહુ થઇ. ચાર દહાડા સુધી માત્ર નદીને કાંઠે પાણી પીવા આવવા સિવાય તે બહાર નીકળ્યો નહિ. આખો વખત ઘા ચાટીને રૂઝવવામાં અને ઝોલાં ખાવામાં તેણે ગાળ્યો. ચોથે દહાડે સાંજે તેણે એક કુતરાનો નાસ્તો કર્યો. તેની તબિયત હવે ઠેકાણે આવી ગઈ. પણ આ પ્રસંગ પછી તે બે પગવાળા પ્રાણીઓ અને તેમની પાસેની ચકચકતી વસ્તુથી ચેતતો રહેતાં શીખ્યો. ગમેતેવા દુશ્મનને બેટંબેટ મળતાં તેને ડર ન હતો, પણ આવા આઘેથી આવતા ચકચકતા પદાર્થ માટે તેને તિરસ્કાર હતો.

કાળિયાને બીજું વર્ષ બેઠું અને તે ભરજુવાનીમાં આવ્યો, એટલામાં દીપડા દીપડીઓના સંવનનની ઋતુ શરૂ થઇ. નીકો પણ હવે ઉમરે પહોંચ્યો હતો અને તેને બુંગળી અને શુળ વાપરવાનો અધિકાર હવે મળી ગયો હતો.

ગામથી દૂર જંગલમાં એક સ્થળે ઉંચાં ઝાડવાં ને ઘાસથી ઘેરાએલા નાનકડા ઉઘાડા ચોક આવેલા હતા. એ ચોકમાં એક દહાડો નીકોએ દીપડાનાં પગલાં પડેલાં જોયાં. વળી થોડી ફેરાડી પણ ક્યાંક



ક્યાંક ચોંટેલી જણાતી હતી. નીકીએ વિચાર કર્યો કે અહીં દીપડા વારંવાર આવતા હોવા જોઇએ; માટે પોતે જો બેત્રણ રાત અહીં છુપાઇ રહે તો અવશ્ય ચામડું મેળવવાનો લાગ મળે.

જખમ રૂઝાયા પછી થોડે જ વખતે કાળિયો આ ઉઘાડા ચોકમાં એક સાંજે આવી ચડ્યો. ત્યાં તેણે બીજાં ત્રણ દીપડાં બેઠેલાં જોયાં. એકાએક તેમાંના બે દીપડા સામસામા કુદ્યા, અને પંજામાં પંજા ભરાવી એકબીજાને બાથોડિયા લેતા તથા તીણા દાંત અને નહોરથી પીંખતા લડવા લાગ્યા. બંને વચ્ચે ખુબ તુમુલ યુદ્ધ મચ્યું. ચટાપટાદાર મખમલના બે દડા ઉપરનીચે દડવા લાગ્યા. આ દરમ્યાન ત્રીજી જે દીપડી હતી તે, જાણે એ બધાંની કાંઇ પણ દરકાર ન હોય તેમ, થોડે દૂર શાંત બેસી રહી હતી. આ દ્વંદ્વયુદ્ધ એ દીપડીને મેળવવા માટે જ મચ્યું હતું.

કાળિયો આ મારામારીની દરકાર કર્યા સિવાય સીધો દીપડી પાસે ગયો. તેને એ બહુ જ ખુબસુરત સુંદરી લાગી. પણ એ આવ્યો કે તરત દીપડીએ પંજો ઉગામી એક છીકોટો નાખ્યો અને નહોર કાઢ્યા વિનાની એક ધીમી થપાટ કાળિયાના માથા પર લગાવી દીધી. પણ કાળિયો તો બે ડગલાં પાછો હઠી તેનાથી થોડેક દૂર જઇને બેઠો અને લાકડું વહેરતાં કરવત જેવો અવાજ કરે છે તેવો ઘુરઘુરાટ કરવા લાગ્યો. આ અવાજ દૂર ઝાડીમાં સંતાએલા નીકીએ સાંભળ્યો. તે લપાતો લપાતો પાસે આવ્યો. તેને ખાતરી થઇ કે આજે શિકાર આબાદ થશે.

પણ એટલામાં તો પેલા બેની લડાઇનો પહેલો તબક્કો પુરો થયો. એકને પાછલા પગ ઉપર ઉંડી દાઢો બેઠેલી હતી તથા બરડામાં લાંબો જખમ થયો હતો. તેણે બીજો હુમલો ન કરતાં પેલી સુંદરીને છોડી ચોગાનમાંથી ચાલ્યા જવામાં વધારે સાર જોયો, અને ધીમેધીમે રસ્તે પડ્યો. એવામાં પેલા વિજેતાની નજર કાળિયા ઉપર પડી, એટલે તે કાળિયા તરફ મોરો કરી ઉભડક બેઠો અને યુદ્ધનું આમંત્રણ આપ્યું. પણ કાળિયો તો જાણે કાંઇ જાણતો જ ન હોય તેમ તદ્દન શાંતિથી બેસી રહ્યો.

પછી એકાએક, જાણે કોઇએ આજ્ઞા કરી હોય તેમ, બંને એક જ પળે એકબીજા ઉપર કુદ્યા અને દીપડી પોતાને માટેનું આ બીજું યુદ્ધ શાંતિથી નિહાળવા લાગી. કાળિયાએ પોતાના દુશ્મનના કાનનો એક કટકો તોડી કાઢ્યો અને પંજાના એક થાપા વડે તેની છાતી ઉપરની રૂંવાડી ઉખેડી નાખી. તેને હૈયે ખાતરી હતી કે પોતે ભલેને જરા જુદા રંગનો રહ્યો, પણ આ જાતના યુદ્ધમાં જરા પણ ઓછો ઉતરે એવો નથી. પરંતુ એનો દુશ્મન પણ કાંઇ કાચોપોચો ન હતો. આગલા યુદ્ધથી તેનું લોહી ઉકળી રહેલું જ હતું. તે સ્વભાવે બહુ ઝેરીલો હતો. શરીરશક્તિમાં પણ કાળિયાથી તલમાત્ર ઉતરે એમ ન હતો. તેણે કાળિયાના ખભા ઉપર એક સખત બચકું ભર્યું.

કાળિયાએ એ બચકામાંથી મહામહેનતે પોતાનો ખભો આમળીને છોડાવ્યો અને વેદનાની આગથી પીડાતો હાંફતો હાંફતો થોડી ક્ષણ દૂર ઉભો. તેણે મનમાં ક્યાસ કરી લીધો કે આ યુદ્ધ, દીપડાઓમાં સામાન્ય રીતે સ્ત્રી માટે થાય છે એવું સાધારણ નથી. સ્ત્રીની પસંદગી માટેના દીપડાઓના યુદ્ધો, સોમાંથી નવાણું ટકા તો, એકાદ બે ઉઝરડા અને થોડીક રૂંવાટી

ઉખડીને બંધ પડે છે. પણ આ તો સોમા ટકાનું યુદ્ધ હતું. પોતાનો દુશ્મન જેવોતેવો નથી એની કાળિયાને ખાતરી થઈ ગઇ અને જણાઇ ગયું કે હવે તો સુંદરી માટે મરવું કે મારવું એ સિવાય બીજો કાંઇ રસ્તો નથી.

ખુન માટેની ઝનુનભરી ગર્જના કરી તે ફરી વાર દુશ્મન તરફ કુદ્યો. પેલી સુંદરી તો પંજા ઉપર મોઢું મુકી, પોતાને માટે થતા યુદ્ધની લેશમાત્ર દરકાર ન હોય તેમ, ઉંઘતી હોય એમ પડી રહી હતી. બંને દીપડા ફરી વાર હવામાં અદ્ધર અથડાયા અને તેમનો ગોટાગોટા વળીને જમીન ઉપર પટકાયો. આ વેળા કાળિયાને સારો પકડ આવી ગયો હતો.

બરોબર આ જ વખતે, પડએના ઉંચા ઘાસમાં એક નગ્ન આકૃતિ, હાથમાં ભુંગળી અને શુળ લઈ જરા પણ અવાજ ન થાય તેમ સાવચેતીથી લપાતી લપાતી આગળ આવતી હતી. મનુષ્યે જીંદગીમાં કદિ નહિ જોએલું એવું આ યુદ્ધ તેણે જોયું. તે પવનની દિશાની હેઠવાસ હતો એટલે દીપડાઓને તેની ગંધ આવી નહિ. દીપડી ચોગાનને છેક સામે છેડે બેઠેલી હતી. એટલે બધે દૂર એ ભુંગળીમાંથી શુળ ફુંકી શકે તેમ ન હતું. ચોગાનની વચ્ચોવચ્ચ બંને દીપડા લોટ-પોટ થઇ જમીન ઉપર દડતા હતા. આ ખરેખરી તક હતી, અને એ જો જાય તો પોતે એકને બદલે બંને ચામડાં ખોઇ બેસે એમ નીકીને લાગ્યું.

કાળિયાએ પોતાના પ્રતિસ્પર્ધીને પગે સખત બચકું ભરી તેને લુલો કરી નાખ્યો હતો અને ચિત્તાનો શિકારી દાવ મેળવવાની અણી પર હતો. બીજી બાજુથી નીકી બરાબર તાક લઇ શકાય તે માટે પાસે ને પાસે ચાલ્યો આવતો હતો. એવામાં બંને દીપડા દડતા દડતા તેની પાસે જ આવી લાગ્યા.

ભુંગળીમાંથી એક ફુંક નીકળી અને એકાએક કાળિયાનો દુશ્મન ટપ દઇને ઢગલો થઈ નીચે ઢળી પડ્યો. સાથે કાળિયો પણ ઢળી પડ્યો. નીકી બીજી ભુંગળી તૈયાર કરી ઉતાવળમાં આગળ ધસ્યો. પણ તેના પગ નીચે એક સુકી ડાળી કચરાવાથી જરા ખખડાટ થયો અને વિજળીને વેગે કાળિયો અને પેલી સુંદરી ચોગાનની બીજી બાજુ અદૃશ્ય થઇ ગયાં.

નીકી ચોગાનમાં આવ્યો અને મરેલા દીપડા ઉપર પગ મુકી ગૌરવથી આજુબાજુ જોયું. પછી કમરે બાંધેલી છરી કાઢી દીપડાનું ચામડું કાળજીથી ઉતરડવા લાગ્યો. છરી ચલાવતાં ચલાવતાં, પોતે આ ચામડું તૈયાર કરી ગામમાં લઇ જશે ત્યારે મોટેરાં શું ધારશે તેના વિચાર તે અભિમાનથી કરવા લાગ્યો.

તે પછી તો ઘણી યે વખત જંગલમાં ફરતાં નીકી કાળિયાને તેની સુંદરી સાથે જોતો અને તેમનો ભેટો થતો. પણ તેનું ચામડું તો એ કદિ મેળવી શક્યો નહિ. કાળા ચિત્તાનું મખમલિયું ચકચકિત ચામડું પોતાની ઝુંપડીમાં મઢવાની તેની અભિલાષા વણપુરી જ રહી અને કાળિયો જંગલનો રાજા ગણાવા લાગ્યો.

(અંગ્રેજી ઉપરથી) **ગજાનન ભટ્ટ**

અથાણું

ગણિતના શિક્ષક—તમે સમજ્યાને? બાદબાકી હમેશાં સરખેસરખી ચીજોની જ થાય. પાંચ નારંગીમાંથી ત્રણ જામફળ બાદ ન કરી શકાય; કે સાત સફરજનમાંથી ચાર મોસંબી ન કાઢી શકાય. પાંચ નારંગીમાંથી ત્રણ નારંગી જ લઇ શકાય; સફરજનમાંથી સફરજન જ કાઢી શકાય.

પાછલી હારમાંથી એક ચેલકો—પણ એક ગાયમાંથી ત્રણશેર દુધ ન કાઢી શકાય સાહેબ?

ૐ

પહેલો—કેમ, તમારો બચ્ચુ મઝામાં છે ને?

બીજો—હા...લ્હેર કરે છે. તમને નથી લાગતું કે બાળક ઘરને પ્રકાશિત બનાવે છે?

પહેલો—જરૂર લાગે છે. હવે તો અમારે આખી રાત દીવો બાળવો પડે છે.

ૐ

(ઇતિહાસનો વર્ગ ચાલે છે)

શિક્ષક—શરદ, એક જ દહાડે બે બનાવ એક સાથે બન્યા હોય એવો દાખલો આપ

શરદ—મારા ભાઇ અને ભાભી એક જ દહાડે પરણેલાં.

ૐ

પહેલો ગપ્પી—મારા ગામની હવાની તો શી વાત કરૂં? જોતજોતાંમાં બદલાઇ જાય! એકવાર એક ખેડુત બળદ હાંકી ખેતરે જતો હતો ત્યારે એટલી ગરમી કે રસ્તામાં જ લૂ લાગવાથી બળદ મરી ગયો; ને હજી એને દાટવા લઈ જવાની તૈયારી કરતો હતો ત્યાં હવા બદલાઇને એટલી શરદીવાળી થઇ ગઇ કે બીજો બળદ શરદીથી મરી ગયો.

બીજો ગપ્પી—એંહ! એના કરતા તો મારે ત્યાં હવા વધારે ઝડપથી ફેરવાય છે. એક વાસણમાં પાણી ઉકાળતો હતો ત્યાં જે હવા બદલાઇને કે એ પાણી ઠરીને બરફ થઇ ગયું; ને એ એટલી ઝડપથી કે એ બરફ પણ ધગધગતો ગરમ હતો!



નરવીર નરીમાન

એમના રેખાચિત્ર માટે જુઓ આ અંકમાં 'યુસુફ–ખોરશેદ' નામનો લેખ



ગુજરાતનું પ્રાચીનતમ શિલ્પ
કોટયર્ક મંદિરમાંથી મળી આવેલી શિલ્પમૂર્તિનાં બે દર્શન

ગુજરાતનું સૌથી જુનું શિલ્પ






કોટચર્ક મંદિરનું હાલનું ખંડેર: જે અનેક વાર ફરીફરીને બાંધવામાં આવ્યું હશે એમ જણાય છે. કોટચર્ક મંદિર પહોંચવાને અમદાવાદથી કલોલ અને ત્યાંથી પછી વિજાપુર જતી ગાડીમાં બેસવું પડે છે, અને લોદરા અથવા વિજાપુરથી પગરસ્તે ખડાત મહુડી ગામે જવાનું હોય છે. ખડાત અથવા ખડાયત ખડાયતા વણિકોનું ઉત્પત્તિસ્થાન ગણાય છે. તેમના ઈષ્ટદેવતા કોટચર્ક-કોટારકજી-છે અને હમણાં તે જ્ઞાતિના પંચે એક નવું મંદિર બંધાવી આ ખંડેરમાંની મૂર્તિની ત્યાં પ્રતિષ્ઠા કરી છે. મંદિરના વ્યવસ્થાપકને ખબર આપવાથી ત્યાં ઉતરવાની ગોઠવણ થઇ શકે છે.

અમદાવાદની ઉત્તરે, સાબરમતી અને હાથમતીનો સંગમ થાય છે ત્યાં, કુદરતે અજબ ભવ્યતા પાથરી છે. બંને નદીઓએ બે બાજુથી પોચી માટીની ઉંચી ભેખડોમાં અનેક વાંધાં અને કોતરો પાડીને જાણે વિશાળ નાટકશાળા બનાવી હોય એવું લાગે છે. સંગમ આગળ તો બેઉ નદી વચ્ચે એની જમીન સાવ તણાઇ જઇને ભાઠો બની રહ્યો છે અને તે ઉપર માઇલોના વિસ્તારવાળું જંગલ ઉગી નીકળ્યું છે. માણસ એકાદ ઉંચી ભેખડની ટોચેથી એ બધું દૃશ્ય જુએ છે ત્યારે ગુજરાતની અનુપમતાનું કાવ્ય તેના હૃદયમાં આપોઆપ સ્ફુરે છે.

આ પ્રદેશ પર કાળનાં કેટલાં યે અસ્તર ચડ્યાં હશે, માનવ જાતિનાં કેટલાં યે ટોળાં આવ્યાં ને ગયાં હશે. કોણ ક્યારે આવ્યું ને ક્યારે અલોપ થયું તેનું કોઈ એંધાણ માનવ-ચોપડે તો મળવું જ મુશ્કેલ છે.

એ પ્રદેશમાંથી ઇ.સ. ૧૫૦ના ક્ષત્રપ રાજા રૂદ્રદામના સિક્કા મળી આવ્યા છે. ત્યાં સ્કન્દપુર નામનું શહેર હતું તેનો ઉલ્લેખ પુરાણોમાં છે. વલ્લભી સમયનાં તામ્રપત્રોમાં પણ એ વાત નોંધાઇ છે. ઉત્તર ગુજરાતનો આખો યે પ્રદેશ એક વખતે તીર્થ મનાતો. ત્યાં મોટા મોટા યજ્ઞો થયા છે અને તે વખતે અનેક



જાતિઓનું સંસ્કરણ કરી તેને વર્ણાશ્રમમાં લીધી છે એવું પણ સિદ્ધ થાય છે. આર્ય પુરોહિતો અને ઋષિઓએ નદીઓનાં સંગમસ્થળોમાં મેળા ભરવાનું, યજ્ઞ કરવાનું અને તેવા સ્થળની મહત્તા સ્થાપવાનું ખસુસ યોગ્ય



ભીંતમાં ચણી લીધેલા એક પત્થર પરનું શિલ્પ, જે અજન્તાના શિલ્પના સમયને સંપૂર્ણપણે મળતું લાગે છે.

ધાર્યું છે, જેથી કુદરતનો એ ક્રમ જોઈ માનવપ્રવાહો પણ સંગમ પામીને બળવાન થઇ આગળ વધે અને આર્ય સંસ્કૃતિનાં પુર વધે.

સાબરમતી–હાથમતીના આ સંગમના વિશાળ પટના જાણે અધિષ્ઠાતા દેવ હોય એમ, ચોમેર દૃષ્ટિ પડે એવે સ્થળે, કોટચર્ક ભગવાનનું પ્રાચીન ખંડેર અત્યારે અહીં ઉભું છે. એને ગોળ ઘુમ્મટ નથી; ચોખંડા ઘાટનું પણ ખુણે નાના કાંગરા વાળું શિખર છે. ઘણા માણસો એટલા ભાગને અસલ મંદિરનો ભાગ માને છે; પણ એ કહેવું મુશ્કેલ છે. એટલી બધી વખત પરદેશી હુમલાઓ ત્યાં ફરી વળ્યા છે કે અત્યારે મુળ વસ્તુનો એક ટુકડો પણ અખંડ મળવો અશક્ય છે. બીજી તરફ મંદિરમાં શિલ્પની જે નિશાનીઓ મળી છે તેના કૌશલ્યવિધાનમાં જુદાજુદા કાળ સ્પષ્ટ ભાસે છે. અને આ મંદિરના યુગોનું ધોરણ એ રીતે નક્કી કરી શકીએ નહિ તો બીજું કોઇ જ સાધન નથી. કોટચર્ક (કોટિ=કરોડ+અર્ક=સૂર્ય) નામ ઉપરથી લાગે છે કે એ પ્રાચીન કાળમાં સૂર્ય–મંદિર હશે; અને તેના સમર્થનમાં, હાલ ભાઠા પરના જંગલમાં એક કુંડ છે તેને લોકો સૂર્યકુંડ તરીકે ઓળખે છે એ માહીતી છે. જ્યાંજ્યાં પ્રાચીન સૂર્યમંદિરનાં ખંડેરો છે ત્યાંત્યાં આવા કુંડ હોયજ છે. આ પરથી છેક સૂર્યપૂજાના યુગમાં આ મંદિરની તવારીખ જાય છે.

પણ તવારીખબાજોની એ તકરારોમાં કલાકાર પડી નહિ શકે. કોઇ કૃતિ આજે બની છે કે સૃષ્ટિના આદિ કાળમાં બની છે તેની કલાકારને તકરાર નથી. એ કૃતિ પોતાની રસપિપાસા પુરે છે કે નહિ તે જ એ તો વિચારે છે.

યુગયુગના કલાકારોએ પોતાની રસિક ઊર્મિઓ નિજની કૃતિમાં ભરીને માનવપરંપરાને વારસામાં આપી છે. પછીની પ્રજાને જ્યારે એ કૃતિઓનો ભેટો થાય છે ત્યારે યુગોનાં અંતર વીંધીને બે માનવ હૃદયો કોઇ અપૂર્વ સંયોગ અનુભવે છે. ઇતિહાસ–આવરેલા પુરાણા યુગની કોઇ ધન્ય ક્ષણે એક કલાકાર માનવી જે વાત—જે રહસ્ય પોતાની આંખ સામે મૂર્તિમંત કરી રહ્યો હતો તે જ આપણી સામે રજુ થતાં, સો વર્ષની નિદ્રામાં પડેલી પેલી રાજકુમારીના સ્વપ્નની પેઠે, એ પુનઃ સજીવન થતી લાગે છે અને માનવજીવનને તેના રસો અર્પે છે—સમૃદ્ધ કરે છે. સાચા સર્જનની આના કરતાં બીજી વધુ પ્રતીતિ શી હોય?

હિંદુસ્તાનમાં તો એવી કલાપ્રતિમાઓ હારોહાર છે, પણ ગુજરાતમાં એવી શિલ્પપ્રતિમાનું દર્શન વિરલ અને અશક્ય લાગતું હતું.

જીર્ણ કોટચર્ક મંદિરના થોડા પત્થરો જોવા પહેલાં, પૂજામાં મુકાએલી પણ ખંડિત થવાથી દીવાલોમાં ચોડી દીધેલી કોટચર્ક ભગવાનની મૂર્તિઓ જોઇ. એ સુંદર હોવા છતાં તેમાં સાંપ્રદાયિક ભાવો આગળપડતા લાગતા હતા. એક શેષનારાયણની મૂર્તિ ઘડતરમાં સોનાકામ જેવી, છતાં વધુ અક્કડ અને બુદ્ધના અવસાનની મૂર્તિઓના પ્રતિબિંબ જેવી ગોઠવણ વાળી લાગતી હતી. પણ એવામાં કોઇએ બહારની દીવાલ પાસેનો એક પત્થર જરા ફેરવ્યો ત્યાં એકદમ કલાનું અજવાળું લાગ્યું.

હિંદુસ્તાનના કોઈ પણ પ્રાચીન શિલ્પમાં આજ સુધી નજરે નહિ પડેલું એવું આ નવીન કલાવિધાન કોઇ પણ ઇતિહાસવેત્તા, પ્રાચીન વિદ્યાવિશારદ કે કલાકારને અસર કર્યા વિના ન જ રહે એવું છે. એમાં નથી મૂર્તિરચનાનો રૂઢ પ્રકાર, કે નથી એમાં પુતળીઓના ચાલુ અને સર્વવ્યાપી અલંકારો અથવા કોઇ સાંકેતિક મુખમુદ્રા કોઈપણ સામાન્ય દૃષ્ટિ તરત સમજી શકે એવી આ ત્રિપુટિની લીલા બહુજ આનંદ અને કુતૂહલભરી લાગે છે.

એ શિલ્પનું વસ્તુ સાવ સ્પષ્ટ છે. નાની બ્હેનના ખભા ઉપર લાડકો ભાઇ હાથીની સવારી માણી રહ્યો





ભગ્ન મંદિરની આગલી કમાનની બંને બાજુએ, વિષ્ણુની બાર ભુજાઓવાળી આ પ્રતિમાઓ જડેલી છે. સૂર્યપૂજામાંથી વિષ્ણુપૂજા પ્રચાર પામી તે કાળમાં વિષ્ણુને ચાર કરતાં વધારે ભુજાઓ કલ્પવામાં આવી હશે. આ પ્રતિમાઓમાં વિશેષ આકર્ષક તો વાહન તરીકે મુકેલા ગરુડની આવેગભરી મૂર્તિઓ છે. આ બંને પ્રતિમાઓ ખંડિત થવાથી તે પૂજા માટે અયોગ્ય ઠરતાં અહીં કમાન પાસે જડી દીધી હશે એમ લાગે છે.

છે. માતા તેને કંઇક ખાવાનું આપી રહી છે. આંગણાનો મોર માતાને પગે અટવાઇને એ પદાર્થ તરફ ખેંચાઇ રહ્યો છે. શિલ્પના બાહ્ય કૌશલ્યમાં આજની આંખે કેટલીક ન્યૂનતા ભાસે છે, પણ શિલ્પકારે દૃષ્ટિની મર્યાદા સ્વીકારી હોત તો તેથી કલાનાં જે તત્ત્વો આ શિલ્પમાં આજે આપણે ભાળીએ છીએ તે કદિ જ ન કોતરાત.

કલાકારની ક્રિયામાં વૈજ્ઞાનિક માપો કામમાં આવતાં નથી. ઇંચ ફુટ કંપાસ કે દોરી વગેરે વસ્તુઓ જ્યારે બીજા ઉપયોગને અનુકૂળ સામાન બનાવવો હોય ત્યાં જ જરૂરનાં છે; પણ જ્યાં એક ઊર્મિ વ્યક્ત કરવાની હોય, જ્યાં એક તાન માત્ર મારવાની હોય અથવા કોઇ ભાવોદ્‌ગાર કાઢવાનો હોય ત્યાં તો કલાકાર તદ્દન સ્વતંત્ર અને છુટે હાથે, કોઇ પણ કાનૂનની મર્યાદાનું બંધન સ્વીકાર્યા વિના, પોતાના ધ્યેયને પ્રગટ કરવા મથે છે. સ્થપતિનો પ્રાથમિક ખસરો જુઓ, ચિત્રકારનું પહેલું ડોળાઉં જુઓ, શિલ્પીએ શરૂઆતમાં છોલેલો પથ્થર જુઓ અથવા લેખકની વસ્તુનિર્દેશની નોંધ જુઓ: એ પ્રથમ વિધાનમાં જ સર્જનની ઊર્મિની લહરી હોય છે; કલાનું બીજ હોય છે. એ પ્રથમ વિધાન પર કલાની બધી ઔપચારિક ક્રિયાઓ અવલંબે છે. પછીના સંસ્કારોમાં અભ્યાસનું, અનુભવનું અને સાધન તથા અલંકારોનું બળ કામ લાગે છે. કલાતત્ત્વવેત્તાઓ તો ગમે તે કૃતિમાં પેલું પ્રથમ તત્ત્વ ન હોય તો બાકીની બધી વસ્તુઓની કીમત નિર્જીવ ગણે છે. ઘણા યે કલાકારોની પહેલી રૂપરેખા તેના સંપૂર્ણ ચિત્ર કરતાં વધારે તત્ત્વવાળી લાગે છે.

કોટયર્કના આ શિલ્પમાં પણ કલાનાં આવાં મુળ બીજક તત્ત્વો સ્પષ્ટ ભાસે છે. માનવજીવનનો સરળમાં સરળ આવિર્ભાવ એ શિલ્પમાં પ્રત્યક્ષ થાય છે. બાળકને સ્નેહથી ખવડાવવા આવેલી માતાનો ભાવ છાનો નથી. બાળકે માતાના સ્પર્શથી ઉંચું કરેલું મુખ અને માતાની ટચલી આંગળી પકડેલા હાથની ચેષ્ટા, સાવ સ્વાભાવિક અને આલ્હાદક લાગે છે. ભાઇને ખાવાની તક આપવા માટે બહેન ધુમતી ધુમતી થંભે છે. તેનું શૈશવ અને અંગલાલિત્ય કલાકારના કૌશલ્યની પ્રતીતિ કરાવે છે. લાગે છે કે માતા ઘરકામમાંથી કોઇ તાજી બનાવટની ચીજ લઇને બાળકને આપે છે.





બાજુએ આપેલી મૂર્તિના અંગમરોડ અને શિલ્પવિધાનમાં અજંતાનો કાળ સ્પષ્ટપણે તરી આવે છે. ઉપર આપેલી પ્રતિમા ચતુર્ભુજ વિષ્ણુની શેષશાયી સ્થિતિની છે. લક્ષ્મીજી પગ તળાંસે છે અને અનેક દેવદેવતા સ્તુતિ કરતા ઉભા છે એ દર્શન સ્પષ્ટ છે. આ મૂર્તિ પરનું કોતરકામ અતિશય બારીક છે. આ બધી વિવિધ મૂર્તિઓ એક જ મંદિરમાં હોવા છતાં તેમાંની એક પણ એકસરખા કાળની કે ઘડતરની જણાતી નથી એ બીના વિચાર કરાવે એવી છે અને વિદ્વાનો પાસેથી ઉંડી શોધખોળ માગી લે છે.

તેનાં વસ્ત્રોનો ખોસેલો છેડો, તેની પાટલી, એ બધું સ્પષ્ટ અને સમજાય એવું છે.

તેણે માત્ર ડાબા કાનમાં લાંબું લટકતું કર્ણપૂર પહેર્યું છે. જમણા કાનના ઉપરના ભાગમાં તેણે જે ફુલ પહેર્યું છે તેને મળતું ઘરેણું તો અત્યારે પણ કચ્છ કાઠિયાવાડમાં પહેરાય છે અને તેને ભુકડી કહે છે. નવાઇની વાત છે કે તેણે ગળાના અલંકારોમાં માત્ર પગલું અથવા મંગળસૂત્ર પહેર્યું છે. જુના કાળની બધી હિંદી મૂર્તિઓ કે પુતળીઓમાં ગળામાં અને હાથમાં એકથી વિશેષ આભરણો નજરે પડે છે ત્યારે અહીં સાવ જરૂરપુરતા સાદા અલંકારોથી કલાકાર તેના નિત્યજીવનનો પરિચય આપે છે.

બધાં કરતાં આશ્ચર્યકારક તો તેનું કેશવિધાન છે. એવું કેશવિધાન માત્ર ગાંધાર અને જાવાના શિલ્પમાં જણાય છે. ચોથા પાંચમા સૈકામાં જાવા સાથે ગુજરાતને ગાઢો વ્યવહાર બંધાયો હતો અને ગુજરાતની ઘણી પ્રજાએ ત્યાં જઇ વસાહત કરી હતી એ સમયને કોટચર્કના શિલ્પ જોડે સંબંધ હોય તો ગુજરાત જાવાની શિલ્પસમૃદ્ધિનું યે ભાગીદાર ગણાય. છતાં આ શિલ્પમાં વસ્તુનિર્માણની સ્વતંત્રતા અને વસ્તુનો વિષય છે એવાં બીજે ક્યાં ય જોવામાં આવ્યાં નથી.

આ કૃતિમાં કલાકારે પોતાના કાળના ગૃહસંસારનું એક મધુર દૃશ્ય ઉતારવા સાવ છુટે હાથે પ્રયત્ન કર્યો છે અને તે પાર ઉતાર્યો છે. પત્થર અને ટાંકણાં પર જેટલું પ્રભુત્વ હોઇ શકે તેટલું તેણે સાચવ્યું છે. એ યુગમાં માત્ર કલ્પના અને સ્મૃતિને બળે જેટલો ભાવ અને નૈપુણ્ય દર્શાવી શકાય તે બધું તેને સુસાધ્ય હશે. આજના શિલ્પીને આવું કામ કરવું હોય તો એક ‘મોડલ’ મળે નહિ ત્યાં સુધી તેનું કામ અણસર્જ્યું જ રહેવાનું. આજનો શિલ્પી પત્થર કોતરનાર શિલ્પી નથી, પણ મૃત્તિકાવિધાયક (માટીકામ કરનાર) માત્ર છે એમ કહેવું પડશે. પત્થરનાં કપચ્યાં ઉડાવી, પોતાનો ધાર્યો ઘાટ ઉતરે ત્યાં સુધી એક પણ ઘા નકામો કે ખોટો ન જાય તેની સાવચેતી રાખવાની પ્રભુતા, અને માટીને દાબી ચોડી કે વાળી અથવા ઉખેડીને આકાર મેળવવો એ બંને ક્રિયાના પુરુષાર્થમાં ફેર છે.

પશ્ચિમી યુગના સંસ્કાર દેશમાં ફેલાતાંની સાથે જ બધી સર્જનભૂમિમાં આજ જાણે અંગારા વરસ્યા હોય તેમ બીજકો ખાખ થઇ ગયાં લાગે છે. એવે કાળે વૈજ્ઞાનિક કાયદાઓની ચોકીમાંથી કલાનાં અપત્યોને બચાવનાર કોઇ માનસવિવેચક, કોઇ વસુદેવ મળી આવે તો જ આ યુગ કલાસૃષ્ટિમાં અમરત્વ પામશે.

કોટચર્ક મંદિરની મૂર્તિ ગુજરાતના ઇતિહાસની એક દૂરની સીમા પરથી આપણને આવ્હાન કરે છે. જર્જ-

રિત ખંડેરમાંથી કોઇ તેનો સમુદ્ધાર કરી સુંદર કલા-મંદિરમાં, લોકોપયોગી સંગ્રહાલયમાં તેને પધરાવશે ખરૂં? એણે ગુપ્ત સામ્રાજ્યની જાહોજલાલી જોઇ લાગે છે. એનો વિધાતા એ યુગનો કોઈ નામાંકિત નર જ હશે. એને બાલકોની લીલા પર અપાર પ્રેમ હતો. એને નારીતત્ત્વમાં પાલક કે દેવતાની મૂર્તિ દેખાતી હતી. એના સંસારમાં પ્રાણી–પક્ષીઓ માનવ કુટુંબનાં સંબંધી લાગતાં. વિકારદૃષ્ટિની છાયા તે વખતે સંસારમાં ભાગ્યે જ હશે; નહિ તો દેહની આટલી સ્વતંત્રતાને અવકાશ ન જ હોત. માનસ તથા દેહની પવિત્રતા ને સ્વતંત્રતાવાળો ગુજરાત એ સમયે કેટલો સમૃદ્ધ ને સંસ્કારપૂર્ણ હશે કે જેથી આવી શિલ્પકૃતિઓનો અવતાર ત્યાં થયા જ કરતો? **રવિશંકર રાવળ**

ચિંતામણિ ઘોષ

(અનુસંધાન પાન ૮થી)

પળાવતા. એટલા જ કડક છાપકામની સુઘડતાની બાબતમાં. નાનીસરખી એક નજીવી પણ ભૂલવાળું, જરા સરખું છેકાએલું કે વાંકુંચૂંકું, કોઇપણ છાપકામ ઘરાકને હરગીઝ ન અપાય એ એમનો ઉગ્ર નિયમ. અને એ નિયમના પાલનને માટે એમણે અનેક વાર મોટીમોટી નાણાંની ખોટ ખમેલી. ઘણીવાર છપાએલા ફરમાના ફરમા, અને તે હજારોની સંખ્યામાં, એક નાની સરખી ભૂલ જણાતાં પળવારમાં રદ કરી નાખેલા. એક વાર છાપખાનામાં કામ તપાસવા નીકળેલા. મશિન પર છપાતો એક કાગળ લીધો, એક ભૂલ જોઇ, તત્કાળ કાગળ ઉભો ને ઉભો ચીરી નાખ્યો ને મુંગામુંગા ચાલ્યા ગયા. એમના સ્વભાવથી પરિચિત માણસોનાં મોં પડી ગયાં; છાપખાનામાં સન્નાટો ફેલાઇ ગયો; મશિન તત્કાળ બંધ થયું અને ભૂલ સુધરાઇને એ ફરમો નવેસરથી છપાયો.

આવું તો અનેક વાર બનેલું. સીવાઈ–બંધાઇને તૈયાર થએલી આખી ચોપડીઓની ચોપડીઓ એક નાની સરખી પણ ભૂલ જણાતાં રદ કરેલી ને તે ફરીથી પોતાના છાપખાનાને ખરચે છાપી આપેલી. 'ઇન્ડિયન પ્રેસનું એક પણ કામ (પછી ભલે તે નાનું હૅન્ડબિલ હોય) ભૂલવાળું કે અસુઘડ બહાર જાય તો એનું નાક કપાઇ જાય.'—એમ એ વારંવાર કહેતા. પ્રેસની યશ-રક્ષાની એમને પરવા હતી એટલી પૈસાની ન હતી.

ધાર્યા પ્રમાણે છાપખાનાને રસ્તે ચડાવીને, એની ચાલુ અપૂર્ણતાઓ બધી પુરી કરીને તથા શક્તિ પ્રમાણે સંગીન બનાવીને ચિંતામણિ બાબુએ નવી દિશા તરફ પોતાનું ધ્યાન દોડાવ્યું: તે પુસ્તકોના આદર્શ પ્રકાશનની. ઓગણીસમી સદીના અંત સુધી-માં સંયુક્ત પ્રાંતોમાં સાહિત્યસેવા કે સુઘડ મુદ્રણનો સંચાર પણ નહોતો થયો. 'સુંદર' કહી શકીએ એવું એક પણ પ્રકાશન તે દિવસ સુધીમાં હિંદી છાપ-ખાનાંઓએ કાઢ્યું ન હતું. ચીંથરિયાં, બેડોળ, ડાઘા જેવા ટાઇપે છપાએલાં અને ગંદી છાપવાળાં ભદ્દાં છાપકામ બધે નજરે પડતાં. ઉંચી રસવૃત્તિવાળા ચિંતા-મણિ બાબુએ આ સ્થિતિમાં પલટો આણી હિંદીમાં સુઘડ પ્રકાશનોનો એક નવો જ યુગ આરંભવાનો નિર-ધાર કર્યો અને તેની શરૂઆત વાચનમાળાથી કરી. પોતાને ખર્ચે એમણે એક નવી વાચનમાળા લખાવી, તે સુંદર આકર્ષક રીતે છાપી અને સમાજમાં વહેતી મુકી એ વાચનમાળાએ ધાર્યું કામ કર્યું. જન-સાધારણનું તેમજ અધિકારીઓનું એણે બરોબર ધ્યાન ખેંચ્યું ને ઇન્ડિયન પ્રેસની ખ્યાતિ જોતજોતામાં ફેલાઇ ગઇ. તે પછી ભારત-ભરમાં પંકાએલું 'રામ-ચરિત-માનસ'નું બેનમૂન પ્રકાશન એમણે બહાર પાડ્યું. ધીમેધીમે બીજાં પાઠ્ય પુસ્તકો પણ છપાયાં અને સંયુક્ત પ્રાંતની શાળાઓમા તે ચાલુ થયાં. ઇન્ડિયન પ્રેસનાં પુસ્તકોએ પાઠ્ય પુસ્તકોમા તો ક્રાંતિ કરી નાખી.

આમ, એક દિશાનું વહેણ ચાલુ કરી એમણે નવી દિશા હાથ ધરી. આજ સુધી હિંદી ભાષામાં સુવ્યવસ્થિત, સચિત્ર ને સંગીન માસિકપત્રનો કેવળ અભાવ હતો. ચિંતામણિ બાબુએ એ તરફ ધ્યાન દોડાવ્યું અને ઇ. સ. ૧૯૦૦ની સાલથી, હિંદી ભાષામાં નવયુગ પ્રગટાવતું 'સરસ્વતી' માસિક શરૂ કર્યું. આજ અઠ્ઠાવીસ વર્ષ પછી તો એ માસિકે કરેલી હિંદી સાહિત્યની સેવાની, એની સંગીનતા ને સુઘડતાની હિંદ આખામાં બોલબાલા સાંભળીએ છીએ; પણ એ કાળમાં, જ્યારે લોકોને નવી દિશામાં પ્રવેશ કરાવવો હતો તે

વેળા, એવા માસિકનું સંચાલન અને પ્રકાશન સહેલ વાત ન હતી. એના સુંદર મુદ્રણ અને સુઘડ પ્રકાશન પાછળ જેમ ઘણું દ્રવ્ય ખરચવું પડેલું તેમ એની સંગીનતા સ્થાપવા અને જાળવી રાખવા માટે લેખકોને મનમાન્યા પુરસ્કાર આપવામાં પણ ચિંતામણિ બાબુને પુષ્કળ નાણાં ખરચવાં પડેલાં. આ કારણે, શરૂઆતનાં અનેક વર્ષ સુધી 'સરસ્વતી'ની પાછળ ઘોષ બાબુને ખુબ ખોટ ખમવી પડી. છતાં એમણે કદિ એને બંધ કરવાનો વિચાર સુદ્ધાં ન કર્યો. એમને તો સુરૂચિવાળા મુદ્રણની ને શિષ્ટ સાહિત્યની ઉષા હિંદીમાં ઉગાડવાની ધૂન લાગી હતી; અને એ લગની પાછળ એમણે લેશમાત્ર હૈયું ધડકાવ્યા વિના પૈસા પુર્યે રાખ્યા.

'સરસ્વતી' નીકળ્યું એવામાં તો એનું તંત્ર એક સંપાદક–સમિતિ ચલાવતી. તે પછી એનું તંત્રીપદ બાબુ શ્યામસુંદર દાસને હાથ આવ્યું. પણ એને એની કીર્તિની ટોચે પહોંચાડનાર, અને એ દ્વારા સમસ્ત હિંદી જનતામાં શિષ્ટ સાહિત્યનો પ્રચાર કરનાર સમર્થ ઓજસ્વિની પ્રતિભા તો બીજી જ વ્યક્તિની હતી. તે પંડિત મહાવીરપ્રસાદ દ્વિવેદી. હિંદી સાહિત્યમાં પોતાની વિદ્વત્તા ને જ્ઞાનને માટે અત્યંત બહુમાન અને ઉજ્જ્વલ યશ પામેલા એ પંડિત મહાવીરપ્રસાદજીનો પરિચય ચિંતામણિ બાબુને પોતે પ્રસિદ્ધ કરેલાં વાચનમાળા મારફત થએલો. એ પ્રગટ થઇ ત્યારે પંડિતજીએ તો નિષ્પક્ષપાતપણે પોતાને લાગ્યું તે મુજબ એની અતિ કડક સમાલોચના કરી. બીજો કોઇ પ્રકાશક આથી ચીડાય અને ક્રોધે ભરાય. પણ ચિંતામણિ બાબુ તો બહુ ઉદાર, કાર્યકુશલ અને ખરી શક્તિના પરખંદા હતા. એમણે પંડિતજીની પ્રતિભા પારખી. પોતાના મૅનેજરને એમને ગામ ઝાંસી મોકલીને પોતાને માટે બીજી વાચનમાળા લખવા વિનંતિ કરી. પરિણામે 'શિક્ષા–સરોજ' નામની નવી વાચનમાળા પંડિતજીએ લખી આપી. ધીમેધીમે એમનો સંબંધ ગાઢો થતો ગયો, અને ટુંક વખતમાં ચિંતામણિ બાબુના અત્યંત આગ્રહથી મહાવીરપ્રસાદ દ્વિવેદીએ 'સરસ્વતી' નું તંત્રીપદ હાથ લીધું.

પછી તો એ બંનેએ મળીને 'સરસ્વતી'ને ખીલવ્યું. દ્વિવેદીજીના ઉંડા અભ્યાસ, અને પ્રભાવશાળી લેખિનીએ હિંદીમાં શિષ્ટ સાહિત્યનું સર્જન કર્યું. અને ચિંતામણિ બાબુએ પોતાના મુદ્રણકળા સંબંધીના સમસ્ત અનુભવ અને જ્ઞાનથી હિંદી જનતાની સુરુચિ ઘડી. આમ, દ્વિવેદીની કલમ અને ચિંતામણિના આદર્શે 'સરસ્વતી'નું જીવન ઘડયું, હિંદી માસિક સાહિત્યનો યુગ શરૂ કર્યો. જ્યાં અગાઉ જવલ્લે જ સાહિત્યનાં પુસ્તકો પ્રગટ થતાં ત્યાં એમણે એક બે નહિ પણ અસંખ્ય સંગીન અને સુંદર પુસ્તકો પ્રગટ કરી હિંદી જનતામાં સાહિત્યની રેલમછેલ કરી હિંદી સાહિત્યની અપૂર્વ સેવા કરી. હિંદી સાહિત્યના ઇતિહાસમાં આ બંને મહારથીઓનાં નામ ઉજ્જ્વલ અક્ષરે અંકિત થશે.

આ જ અરસામાં બાબુ રામાનંદ ચૅટરજીએ પ્રથમ પોતાનું સુપ્રસિદ્ધ બંગાળી માસિક 'પ્રવાસી' અને થોડા વખત પછી અંગ્રેજી માસિક 'મૉડર્ન રિવ્યૂ' શરૂ કર્યાં. ઉચ્ચ અભ્યાસ, જ્ઞાન ને સંસ્કારિતાથી ભરેલાં એ માસિકો માટે યોગ્ય મુદ્રણ ને પ્રકાશન બીજે કયાં સાંપડે ? ઇન્ડિયન પ્રેસમાં જ એ છપાતાં. આજ રામાનંદ બાબુ સ્વીકાર કરે છે કે શરૂઆતમાં ડગુમગુ સ્થિતિમાં ચાલતાં એ માસિકોને ચિંતામણિ બાબુના ઉદાર દિલનો સહકાર ન હોત તો એ બંધ કરવાં પડયાં હોત. મહીનાઓ સુધી એની છપામણીની ઉઘરાણી સરખી પણ ચિંતામણિ ઘોષે કરેલી નહિ.

હિંદી મુદ્રણકલામાં નવો યુગ માંડવાનું,—કહો કે યુગ ઘડવાનું, અને હિંદી સાહિત્યપ્રચારનું ઉજ્જ્વલ યશનામી કાર્ય કરવાનું માન ચિંતામણિ બાબુને વરે છે, તેમ હિંદીમાં બાલસાહિત્યના પ્રકાશનનો તેમજ લેખકોને મહેનતાણું આપી લખાવવાની પદ્ધતિ પ્રચલિત કરવાનો યશ પણ એમનો જ છે. અનેક શક્તિશાળી અને બુદ્ધિસંપન્ન અભ્યાસીઓને પુરસ્કાર આપી એમણે પુસ્તકો લખાવ્યાં છે અને આમ, સાહિત્ય તથા સાહિત્યકારો બંનેને એમણે પોષણ આપ્યું છે. 'બાલસખા' નામનું બાળકો માટેનું માસિકનું તથા બીજાં સચિત્ર આકર્ષક પુસ્તકોનું પ્રકાશન પણ એમણે જ સૌથી પ્રથમ કર્યું.

આ રીતે જેમ પ્રકાશનો વધતાં ગયાં, પ્રવૃત્તિ વધતી ગઇ, તેમ પ્રેસ પણ વધતું જ ગયું. અનેક નવા સંચા મંગાવ્યા તેમ નવી પદ્ધતિઓ પણ દાખલ કરી. અને એ વિકાસ પાછળ નાણાં ખરચતાં એમણે કદિ પાછું વાળી જોયું નથી. બહુ જ દરાગ્રહી સ્વભાવના હોવાને

જે વિષય હાથ લેતા તેની પાછળ અંત સુધી તન, મન, ધનથી પરિશ્રમ લેતા. ઇ. સ. ૧૯૦૪માં એમણે ક્રોમોલીથોગ્રાફી (રંગીન શિલાછાપ)ની મુદ્રણની નવી પદ્ધતિ પોતાને ત્યાં દાખલ કરવા પ્રથમ પ્રયત્ન કર્યો. જર્મનીથી એને માટે કારીગરો બોલાવ્યા, રાત-દિવસ એની પાછળ મથામણ કરી, અઢળક દ્રવ્ય વેર્યું, હિંદી માણસોને તે શીખવા માટે રોક્યા. એમનો એ પ્રયત્ન જોકે ધાર્યા જેટલો સફળ ન થયો, પરંતુ એ સમયમાં એ દિશામાં મોવડી કામ કરનાર તરીકે એમણે કરેલા યત્ન પ્રશંસનીય તો અવશ્ય ગણાય. અવનીન્દ્રનાથ ઠાકુર, જૈમિનીપ્રસાદ ગાંગુલી, પૂર્ણચંદ્ર ઘોષ વગેરે સમર્થ કલાકારોનાં ચિત્રોની નકલો એમણે એ પદ્ધતિએ ઉતારેલી છે તે હજી પણ એમના પ્રયત્નની પ્રશસ્તિ ગાઇ રહી છે. હજારો રૂપિયા એમણે આ પ્રયત્ન પાછળ બગડ્યા, પણ એની પરવા એમને ન હતી; માત્ર હિંદી કારીગરો કોઈ સંતોષકારક રીતે એ શીખ્યા નહિ એનો વસવસો જ એમને રહી ગયો.

પ્રેસ વધતું જતું હતું તેમ એની પાછળનો પરિશ્રમ પણ વધતો જ જતો હતો. રોજની અઢાર કલાકની અખંડ કાર્યધારા એ વહેવડાવતા. એમનો આ અવિરત પરિશ્રમ અને કઠોર કર્તવ્યનિષ્ઠા જોઈ લોકો આશ્ચર્યમૂઢ થઇ જતા. રાત ને દિવસ અવિચલ મૂર્તિની પેઠે એ પોતાની બેઠક પર બેઠા જ હોય. આ કામની અસર એમના શરીર પર બીજે ક્યાંય તો ન થઇ, પણ આંખોને એણે ઝડપી. રાત્રિઓની રાત્રિઓ પ્રુફ વાંચવામાં, અભ્યાસમાં અને બીજાં કામમાં ગાળેલી એને લીધે ધીમેધીમે આંખનું તેજ ઘટવા માંડ્યું અને એક આંખની દૃષ્ટિ તો બીલકુલ ગઇ. ૧૯૧૬માં ઑપરેશન કરાવતાં બંને આંખો ગઇ. એમના મોટા પુત્ર હરિપદ ઘોષ આ વેળા ઉમરલાયક થયા હતા. પિતાના જેટલા જ કાર્યરત, પરિશ્રમી અને કુશાગ્ર બુદ્ધિવાળા એ પુત્રે જોતજોતાંમાં પ્રેસનો સમસ્ત કારભાર પોતાને શિર ઉઠાવી લઇ પિતાને ભારમુક્ત કરી દીધા.

આ અરસામાં પ્રયાગ વિશ્વ–વિદ્યાલયે પોતાની કાયા વિસ્તારી. ઇન્ડિયન પ્રેસ એની પડોશમાં જ હતું. એ બધી જમીન—આખું પ્રેસ વિશ્વવિદ્યાલયે ખરીદી લેવા ઇચ્છા દર્શાવી. સાત લાખ રૂપિયે ચિંતામણિ બાબુએ એ આખો સરંજામ અલ્લાહાબાદ યુનિવર્સિટીને વેચી દીધો.

બીજો કોઇ હોત તો કદાચ આટલું ધન લઇ નીરાંતે બેસી જઈ શકત અને સંતોષ તથા સુખમાં જીંદગી વીતાવત. પણ ચિંતામણિ બાબુ જેવા ઉદ્યોગશીલ, સાહસિક માણસને ચેન કેમ પડે ? એમણે નવી જમીન ખરીદી, નવાં મશિનો ને સરંજામ મંગાવ્યાં, નવા મકાનની તૈયારીઓ કરવા માંડી. આંખો ગઇ હતી તેથી શું ? મગજની શક્તિ કંઇ ગઇ ન હતી. મકાનના નકશા બનાવવાથી માંડીને ચુનો રેતી પસંદ કરવા સુધીમાં—એમને ટપી જાય એવો પ્રયાગભરમાં કોઇ ન મળે. જોતજાતાંમાં મકાન બંધાયું, મશિનો ગોઠવાઇ ગયાં: ઇન્ડિયન પ્રેસ લિમિટેડ ફરીથી ધમધોકાર ચાલુ થયું.

જેને 'અપ–ટુ–ડેટ' કહે છે એવું, આધુનિક મુદ્રણકલાનાં છેલ્લામાં છેલ્લી શોધનાં સર્વશ્રેષ્ઠ સાધનોથી એ છાપખાનું અત્યારે સુસજ્જિત છે. ગંજાવર પ્રિંટિંગ મશિનો, ઉંચી જાતનું કલાત્મક છાપકામ કરનારા સંચા, બીબાં પાડવાનું, બ્લોક બનાવવાનું—અને તેને અંગે ચિત્રકામનું, પુસ્તક-બાંધણીનું, ડાઇ સ્ટૅમ્પિંગનું, લિથોગ્રાફી અને ઑફસેટ (શિલાછાપના છેલ્લા પ્રકારોનું) મુદ્રણનું વગેરે વિધવિધ કામ કરનારી સાધનસામગ્રી અને સંચા, હિંદુસ્તાનભરમાં બીજે ભાગ્યે જ હશે એવા ને એટલા આજ એ ઇન્ડિયન પ્રેસમાં છે. એનું નામ ભારત આખામાં મુદ્રણકલાની દુનિયામાં મોખરે બોલાય છે. અલ્લાહાબાદ ઉપરાંત કલકત્તા ને કાશી, આગ્રા ને નાગપુર, પટણા ને જબલપુરમાં એની શાખાઓ વિસ્તરેલી છે.

૧૯૨૦માં એમના કુટુંબ પર જબ્બર આફત આવી પડી. બેરીબેરી રોગની બીમારીથી એમનાં પત્ની અચાનક મૃત્યુ પામ્યાં. સાત જ દિવસ પછી એ જ રોગે પ્રેસનો કાર્યધુરા વહી રહેલા એમના મોટા પુત્ર હરિપદ ઘોષનો ભોગ લીધો; બીજા સાત દિવસ પછી એમની સૌથી મોટી પ્રિય પુત્રી અવસાન પામી; સોળ દિવસમાં ત્રણ જીવ ઉડી પડ્યા. સંબંધીઓ અને કુટુંબીઓમાં હાહાકાર ફેલાઇ ગયો.

પરંતુ અપ્રતિમ ધૈર્ય, શાંતિ અને શ્રદ્ધાપૂર્વક એમણે આ કારમા ઘા સહન કર્યા. એમની આંખો સમુળગી ગઇ હતી, ઘડપણે શરીરને ઝડપી લીધું હતું, પણ એમનો

આત્મા હજી એટલો જ જોમભર્યો, ધીટ ને અવિચલ હતો. ફરીથી એમણે પ્રેસની વ્યવસ્થા હાથ ધરી અને પોતાના બીજા ત્રણ પુત્રોને અભ્યાસ છોડાવી એ કાર્યમાં પાવરધા કરવા માંડ્યા. ટુંક વખતમાં જ એમના બીજા પુત્ર હરિકેશવ ઘોષે છાપખાનું સંભાળી લીધું. ત્રીજા પુત્ર હરિપ્રસન્નને એના હાથ નીચે વ્યવસ્થા સોંપી, ચોથા હરિસાધનને બ્લૉક બનાવવાનું ખાતું સોંપ્યું અને પાંચમા હરિનાથને પોતાના હાથ નીચે રાખી કેળવણી આપવી શરૂ કરી. ઇન્ડિયન પ્રેસનો કાર્ય-સ્રોત અખંડ અને અવિરત ચાલુ જ રહ્યો.

અને છેક અવસાન થવા અગાઉ બે અઠવાડિયે જ્યારે શરીર તદ્દન અવશ થઇ પડ્યું ત્યાં સુધી એમણે છાપખાનાની વ્યવસ્થા પર ધ્યાન દીધા કર્યું. જાતે કશું કામ કરી ન શકતા, પણ હમેશાં સાંજે પ્રેસ બંધ થયા પછી એ ધુરંધર છાપખાનાના વિભાગે વિભાગની બારીક વિગતો પુત્રો પાસેથી મેળવતા અને રોજની પ્રગતિ તથા કામકાજથી રજેરજ જાણકાર રહેતા.

આવા ઉદ્યોગશીલ, કાર્યકુશલ ને પ્રતિભાસંપન્ન એ પુરુષમણિનું, ગયા ૧૯૨૮ના ઑગસ્ટની ૧૧મી તારીખે અવસાન થયું. ૧૮૫૪ના ઑગસ્ટની ૧૦મીએ એનો જન્મ થએલો; પુરાં ૭૪ વર્ષનું જીવન જોગવી પંચોતરમા વર્ષના પહેલા પ્રભાતે એમણે દેહ છોડ્યો.

કોઇ બેમૂલ મણિનાં વિવિધ પાસાંની જેમ એ પુરુષમણિના ચારિત્ર્યનું એકેએક પાસું પ્રકાશમાન સદ્દગુણથી દેદિપ્યમાન હતું. એ બધાંમાં એની સાધુતા, એની ઇમાનદારી, એનું સત્યવાદીપણું સર્વોપરિ હતું. જીવનમાં ગમે તેવી કફોડી સ્થિતિમાં પણ એણે રાતી પાઈ સરખીની બેઇમાની નથી કરી. ગયા મહાયુદ્ધ વખતે કાગળની વેપારી કોઇ અંગ્રેજ કંપનીને એમણે કાગળનો મોટો ઑર્ડર આપેલો. માલ વખતસર આવી ન પહોંચ્યો; દરમ્યાન ભાવ ગગડી ગયા. એમને ૪૦ હજાર રૂપિયાનું નુકસાન ગયું. માલ વખતસર ન મળવાને કારણે પોતે એનો અસ્વીકાર કરી શકે તેમ હતું. પણ વચનનો ઇમાનદાર એ માણસ એમ કેમ કરે? આ વ્યાવહારિક સાધુતા જોઇ પેલી કંપની મુગ્ધ થઇ ગઇ અને અરધી ખોટ જાતે ખમી લીધી.

એમની એક ખાસિયત તો સૌકોઇ જાણતા કે અદાલતે ચડવાથી એ સદા દૂર ભાગતા. એમના ઘણા ઘરાકો નાણાં ખોટાં કરી ગયા છે, ઘણાએ એમને મોટી-મોટી ખોટ આપી છે, પણ કદિ કોઇની સામે કોરટે ચડ્યા નથી; ઘણા કૃતઘ્ની થયા છે એની સામે રોષ કે અસૂયા રાખ્યાં નથી. એક જણને સહાય કરી છાપ-ખાનું કરાવી આપેલું. એણે ચોરી છુપીથી ઇન્ડિયન પ્રેસની જ ચોપડીઓની નકલો છાપવા માડી. એથી પ્રેસને નુકસાન થયું. બાબુજીને ખબર પડી. થોડા વખત પછી એ જ માણસ બેહાલ બની સહાય માટે આવ્યો. આગલી વાત જાણે ભુલી ગયા હોય એટલા ઉદાર હૃદયે એને ફરી સહાય કરી. એમનાં દાન પણ બેશુમાર હતાં. નિર્ધન વિદ્યાર્થીઓ અને અસહાય વિધવાઓને તો એમણે અસંખ્યને સહાય કરી છે. એમનાં ગુપ્ત દાન એવાં હતાં જે ખુદ એમના પુત્રો પણ ન જાણતા.

એમની સાધુતા, એમની ઉદારતા, એવી જ એ-મની નમ્રતા પણ ભારે હતી. નાનામાં નાના માણસ પાસેથી પણ સલાહ માગતાં એમને શરમ નહોતી. પોતાની ભુલ માટે ગમે તે પળે માફી માગતાં એમને સંકોચ નહોતો. માધુસિંહ નામના એમના પ્રેસનો એક જમાદાર બહુ બુદ્ધિશાળી અને અનુભવી હતો. એની પાસેથી પણ ઘણી વાર સલાહ લેતા. માણસોના તો એ ભારે પરીક્ષક હતા. આવનારને એ પગમાંથી ઓળખી કાઢે. એની શક્તિનો પિછાન ઘડીના છઠ્ઠા ભાગમાં કરી લે.

એમની સ્મરણશક્તિ જેટલી તીવ્ર ને પ્રખર હતી એટલી કોઇ મનુષ્યની ભાગ્યે જ હશે. એ શક્તિને લીધે તો સમર્થ 'બિઝનેસ મૅન' થઈ શક્યા. વીસ-વીસ વર્ષ પહેલાંની વાતો, હિસાબો ને હકીકતો એ-મને અક્ષરશઃ યાદ રહેતી. વર્ષો પહેલાં પોતે મોઢે બોલેલાં વચન અક્ષરશઃ ફરી કહી આપતા. પાકા દસ્તાવેજ રદ કરી શકાય, પણ એમનાં વચન કદિ નહિ.

એમના જીવન આખામાં એક જ્યોત સદા ઝગ્યા કરી છે; તે એમની માતૃભક્તિની. માતાના પ્રેમ અને આશીર્વાદબળે એમણે જીંદગી શરૂ કરી અને જીવન આખું એ છાયા તળે ગાળ્યું. એમનો કુટુંબપ્રેમ પણ એટલો જ પ્રબળ હતો. માતાના સંતોષને માટે એ-મણે આખા પગારના જુવાનીના દિવસોમાં બહેન-ભાણેજોને પણ પોતાની સાથે રાખી પોષણ કર્યું.

અને ૨૮ વર્ષની વય સુધી—પોતે સરળતાથી કુટુંબ-ભાર ખેંડી શકે એવા થયા ત્યાં સુધી લગ્ન પણ ન કર્યું.

એમના જીવનમાં જે સર્વોપરિ તત્ત્વ હતું તે હમેશાં સંપૂર્ણતાએ પહોંચવાનું. જે કોઇ પણ કામ હાથ ધરવું તેમાં છેલ્લી ટોચે પહોંચવું એ જ એમનું નિશાન. એમણે છાપખાનું રચ્યું તો ધરખમમાં ધરખમ; હિંદી માસિક કાઢ્યું તો સર્વાંગ સુંદર; શાળોપયોગી પુસ્તકો પ્રગટ કર્યાં તો સર્વશ્રેષ્ઠ; ચિત્રોની છપાઇ કરી તો ઉત્કૃષ્ટ. બંગાળી શબ્દકોષ કાઢ્યો તો અનન્ય; જુવાનીમાં ફર્નિચરો બનાવેલાં, તો આદર્શને પહોંચે તેવાં; વૃદ્ધાવસ્થાએ ઇમારતો બાંધી તો અત્યંત મજબુત અને રમ્ય. જે કાંઈ હાથ ધર્યું તે પહેલી કોટિનું હોવું જોઇએ, એ જ જીવનનો આદર્શ.

પણ જીવનમાં આવી સફળતા મેળવવી એ સહેલ વાત નથી; કિસ્મતના ખેલ નથી, એમાં સદા જાગૃત અંતર જોઇએ, પ્રબળ સંકલ્પશક્તિ જોઇએ, ઘોર પરિશ્રમ જોઇએ. આ બધાં એમના જીવનમાં વણાએલાં હતાં. વહેલી સવારથી માંડી અરધી રાત સુધી એ અખંડ બેઠકે કામ કરતા. અને તે એક દિવસ નહિ, એક અઠવાડિયું કે એક મહીનો નહિ, પરંતુ ૧૩ વર્ષની વયથી માંડીને ૬૦ વર્ષની ઉમર સુધી અવિચ્છિન્ન અને એકધારૂં, અને તે પણ તબિયત લેશમાત્ર કરમાવા દીધા વિના એમણે કર્યું.

એમનું જીવન કર્મવીરનું હતું, વચનવીરનું નહિ. એમણે વાતો બહુ ઓછી કરી છે; કામ જ કર્યા કર્યું છે. આત્મબળ પર તેમને હમેશાં શ્રદ્ધા હતી, પણ આત્મપ્રશંસાથી સદા દૂર ભાગતા. જીવનમાં એ પોતાના વ્યક્તિત્વથી સફળ થયા કે સદ્દગુણોથી એ કહેવું મુશ્કેલ છે. પણ એટલું તો ચોક્કસ કહી શકાય કે એમનું વ્યક્તિત્વ એટલું પ્રભાવશાળી હતું, એમનું દર્શન એટલું પ્રેરક હતું કે એમની હાજરીમાં જતાં જ જાણે કર્તૃત્વ-શક્તિનાં મોજાં અંતરમાં ઉછળવા લાગતાં.

વિપુલ સંપત્તિના સ્વામી હોવા છતાં એમનામાં એ ધનના અભિમાનનો અંશ માત્ર ન હતો. ઐશ્વર્યના મોહમાં ડૂબી જઇને એમણે પોતાનાં નિર્મળ ચારિત્ર્ય, ઉદાર હૃદય અને મહાન આત્માને કદિ મલિન થવા નથી દીધાં. સુખવિલાસનાં અસંખ્ય સાધનો સુલભ હોવા છતાં કોઇ યોગીની પેઠે તદ્દન સાદાઇથી એમણે કામમાં ખુંચેલું જીવન વીતાવ્યું. આખર અવસ્થામાં પડેલા દૈવના કારમા ઘાએ એમના હૃદયને ભેદી નાખ્યું હોવા છતાં પોતાનાં ધૈર્ય અને શાંતિને જરા પણ ચળવા દીધા વિના એમણે કર્તવ્યનો સ્રોત ચાલુ રાખ્યો.

એક કોડી વિના એમણે જીવન શરૂ કર્યું અને આપબળે લાખ્ખો રૂપિયા કમાયા. સાહિત્યનું કશું જ્ઞાન ન હોવા છતાં એમણે અનન્ય સાહિત્યસેવા કરી. હિંદી મુદ્રણકળામાં એમણે નવો યુગ ઘડયો; હિંદી ભાષાની વેલી એમણે નવપલ્લવિત કરી. એમણે યશ મેળવ્યો, ધન કમાયા ને દુઃખ પણ વેઠયાં. લક્ષ્મીના એ ચરણ-ચુંબક ન હતા. એમની તપસ્યા ને સાધનાથી મુગ્ધ થઇ લક્ષ્મી એમને વરી હતી. એ નીરવકર્મનિ યશની લેશમાત્ર લાલસા ન હતી. નીરવતાથી કામ કરી સફળતા પ્રાપ્ત કરવી એ જ એમનું ધ્યેય હતું. ઇન્ડિયન પ્રેસનું નામ દેશ આખામાં ગાજે છે; એમનું પોતાનું નામ એમના અવસાન પહેલાં ભાગ્યે જ દેશ જાણતો હતો.

જે દિવસે સરકારી નોકરીમાંથી પેન્શન લઇ એમણે પ્રેસનું કામ દિલોજાનથી ઉપાડયું તે દિવસથી એમનું સૌભાગ્ય નોકરીના બંધનથી મુક્ત થયું અને સ્વતંત્રતાનો સાથ લીધો. એ નોકરીમાં એમની પ્રતિભાની કદર હતી, પણ એમની કાર્યશક્તિ સંકુચિત બની ગઇ હતી. એમનામાં જો મહત્ત્વાકાંક્ષાના અંકુર ન હોત ને એમણે નોકરી ન છોડી હોત તો અનેક શક્તિશાળી ને પ્રતિભાસંપન્ન હિંદી યુવકોની પેઠે એ પણ સરકારી ઑફિસો અને કાગળપત્રોની ફાઇલોમાં જ પોતાની શક્તિનો ચમત્કાર બતાવ્યા કરત અને અંતે પેન્શન લઇ જીવન પુરૂં કરત. પણ પેલી મહત્ત્વાકાંક્ષાની ચીનગારીએ એમનો ભાવિ જીવનદીપ પેટાવ્યો ને ભારતની ઉગતી જનતા સમક્ષ એક જ્વલંત દષ્ટાંત ખડું કરી દીધું.

એમના જીવનમા બે વિભાગ સ્પષ્ટ પડી ગયા છે: એક સરકારી નોકરીનો, બીજો સ્વતંત્ર ધંધાનો. એ બંનેમાં એ અદ્વિતીય રહ્યા છે; પ્રતિભાશાળી રહ્યા છે. એવી જ રીતે એમના જીવનમાં બે મુખ્ય ગુણ સ્પષ્ટ તરી આવે છે: સાધનાની દૃઢતા અને મહત્ત્વાકાંક્ષાની લગની. સાધનામાં એ સદા પ્રખર, પ્રચંડ, અદમ્ય હતા; મહત્ત્વાકાક્ષામાં ધીર, ઉદાત્ત અને ગંભીર. એમનું લાંબું જીવન એ પ્રત્યેક જુવાનને માટે આવા પ્રેરક સદ્દ-ગુણોથી ખાચોખાચ ભરેલી કથા સમું છે·

પ રિ ભ્ર મ ણ

આ વર્ષથી શરૂ થતા આ નવા વિભાગમાં, એના નામ પ્રમાણે, ગ્રાંતનાં તથા દેશનાં જાણીતાં–અજાણ્યાં સ્થળો અને વ્યક્તિઓની મુલાકાતો, જાણવાયોગ્ય માહિતીઓ અને સ્વતંત્ર વિચારણાઓ અસંકલિત રૂપમાં આપવાની ધારણા છે. અસંકલિત એટલા માટે કે એમાં કોઈ સળંગ વર્ણનનું એકધારૂં લખાણ નહિ, પણ છુટાછુટા ફકરાઓ દ્વારા વિવિધ રસનાં અને વિચારનાં ટુંકાં ટુંકાં લખાણો આવશે. કોઇ વાર સ્થળ કે ગામનાં પરિભ્રમણ ન હોતાં એકલા વિચારનાં પરિભ્રમણ પણ હશે. પણ શું હશે ને શું નહિ હોય એનું વર્ણન કરવા કરતાં એ વસ્તુ જ શરૂ કરવી એ વધારે સારૂં છે.

પેલી કહેવત છે તે પ્રમાણે 'અતિ પરિચયથી અવજ્ઞા' –અભાવ થતો હશે કે કેમ એ તો કોણ જાણે, પણ અભાન તો જરૂર થાય છે. જે ગુજરાતમાં આપણે વસીએ છીએ તે કુદરત, વ્યાપાર, ચોક્કસ પ્રકારની સંસ્કારિતા વગેરેથી કેટલો સમૃદ્ધ અને સુંદર છે તેનું ભાન ગુજરાત છોડીને કોઇ બીજે સ્થળે જઈએ ત્યારે ખરેખરૂં થાય છે. દાખલા તરીકે ગુજરાત છોડીને ઉત્તર તરફ—મારવાડ દિલ્હી તરફ જતા મુસાફરને જેમજેમ તે એ તરફના સુકા અને વેરાન મુલક તરફ આગળ વધે છે તેમતેમ થોડા જ કલાક પહેલાં પોતે મુકેલા પોતાના દેશની હમેશા નજરે પડતી વસ્તુઓ અને દૃશ્યો વધારે મધુર અને ખરા સ્વરૂપે તેની આંખ આગળ તરી આવે છે, અને એની વચ્ચે પોતે વસવા છતાં એની ખરી ખુબી આટલો વખત પોતે કેમ ન સમજી શકયો તેનું આશ્ચર્ય થવા સાથે એના પ્રત્યે સ્વકીય પ્રેમ ઉભરાઇ આવે છે.


લોકમતની શક્તિ કેટલી પ્રબળ હોય છે તેનો એક નાનો પણ અસરકારક દાખલો નોંધવા જેવો છે. દિલ્હીમાં બર્ન બૅસ્ટયન રોડ કરીને એક રસ્તો છે. સ્ટેશને ઉતરીને બેચાર પાંચ જુદાજુદા પ્રકારનાં માણસોને એની માહિતી પુછી પણ કાંઇ ચોક્કસ જવાબ ન મળે. ટાંગાવાળા તો નકાર જ ભણે. બહુ દૂર નથી છતાં એક બે જણે ઠેકાણું બતાવ્યું તે યે બરોબર નહિ. અંતે એક પોલિસે કહ્યું, 'શ્રદ્ધાનંદ રોડ' પુછીને જાઓ;— અને ખરેખર, અમારો મજુર ત્યાં આવવાને તત્પર થઇ ગયો.

બર્ન બૅસ્ટયન નામનો એક અંગ્રેજ લશ્કરી અમલદાર ૧૮૫૭-૫૮ના બળવા વખતે દિલ્હીનો કિલ્લો સર કરતાં મરાએલો એનું સ્મરણ રાખવા કિલ્લાના એક ભાગ આગળ એનું સ્મારક કરવામાં આવ્યું છે. કિલ્લો આખો તો કાઢી નાખ્યો છે, પણ એ ભાગ આગળનો ટુકડો હજી રાખ્યો છે અને તેનું સ્મરણ રાખવા અંગ્રેજ રાજસત્તાએ, ત્યાંથી નીકળતા રસ્તાનું નામ બર્ન બૅસ્ટયન રોડ પાડયું છે. પણ આટલાં વર્ષોમાં એ નામ લોકમાં પ્રચલિત ન થઇ શકયું તેટલું એક રાતમાં થયું. એ જ રસ્તા પરના એક મકાનમાં સ્વામી શ્રદ્ધાનંદજી રહેતા હતા: ત્યાં એમનું ખૂન થયું. બીજા જ દહાડાથી એ રસ્તો શ્રદ્ધાનંદ રોડના નામથી ઓળખાવા લાગ્યો. અને આજ નાનું છોકરૂં પણ એ નામથી એને પિછાને છે.


દિલ્હીમાં ગાળીવાડા અને નેગીવાડા નામના બે લત્તા ગુજરાતીઓના વાસથી જ ભરેલા છે. ગુજરાત બહાર જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે ત્યાં ત્યાં, પરસ્પર વ્યવહારની સરળતા પાડોશ અને હુંફને કારણે અમુક લત્તામાં જ પથરાએલા હોય છે કલકત્તામાં અમરતલા તેમ દિલ્હીમાં આ બે લત્તા. ગલીઓ કહીએ તો ચાલે. બંને એકબીજાની સામે છે; બંને દિલ્હીના લગભગ હાર્દમાં છે ચાંદની ચોકની પાછળ. બાળકોને ગુજરાતી પ્રાથમિક કેળવણી મળે એટલા માટે નેગીવાડામાં એક નાની સરખી નિશાળ અહીંના વતનીઓ ચલાવે છે. એની મુળ શરૂઆત તો એક લાયબ્રેરીથી થઈ. અત્યારે લાયબ્રેરી સારી હાલતમાં કહીએ એવી છે. દોઢસો રૂપિયાના ભાડાના મકાનમાં લાયબ્રેરી અને નિશાળ જોડે ગુજરાતી મુસાફરોને માટે અતિથિભવન પણ છે. દિલ્હી જતા અજાણ્યા ગુજરાતીને પણ આ 'નેગીવાડાના ગુજરાતી લૉજ'ની માહિતી મળી રહે છે; એનો એક વારનો પરિચય ને આદર પામેલો ગુજરાતી સંતોષ ને આનંદની લાગણી અનુભવે છે. અહીંના ગુજરાતીઓનું મુખ્યત્વે વેપારધંધામાં પરોવાએલું મંડળ આ ત્રણ સંસ્થાઓને બહુ હોંશથી જીવંત રાખી રહ્યું છે.

લોકવાણીની સ્વાભાવિકતા અને સાહજિકપણાનું બીજું ઉદાહરણ: દિલ્હીથી કલકત્તા તરફ જવા માટે બેત્રણ જાતની ટ્રેનો મળે છે. ઇ. આઇ. અને એન. ડબ્લ્યુ. રેલવેની મેઇલ, મિકસ્ડ વગેરે ઘણી ગાડીઓ જાય છે. પણ બધા કરતાં મુસાફરોનો દરોડો 'તોફાન મેઈલ' ઉપર બહુ હોય છે. સમય કરતાં દોઢ કલાક વહેલા જાઓ તોપણ તેમને ભાગ્યે જ જગ્યા મળે! એ મુળ તો છે એક્સ્પ્રેસ ટ્રેન: પણ બીજા મેઈલ કરતાં યે આઠ કલાક વહેલી, અને વળી મથુરાં, આગ્રા, અલ્લાહાબાદ, ગયા વગેરે જાણીતાં સ્થળોએ થઇને જતી હોવાથી લોકોની ભીડ તેમાં વધારે હોય છે. એનું મુળ નામ દિલ્હી-હાઉરા એક્સ્પ્રેસ: પણ એ નામ રેલવે ટાઇમ ટેબલોમાં છાપવા પુરતું જ ઉપયોગી રહ્યું છે. જનતાએ તો એનું નામ પાડ્યું તોફાન મેઇલ. અને એ વાયવ્ય-પૂર્વ પ્રદેશમાં સફર કરતા મુસાફરોમાં તોફાન મેઈલની બોલબાલા છે.

દિલ્હી-આગ્રાની સફર કરનાર મુસાફર ત્યાંનાં વિખ્યાત



૧૭૦ ફુટ ઉંચો ફતેહપુર-સિક્રીનો 'બુલંદ દરવાજો'



હિરણમિનાર : ફતેહપુર-સિક્રી
એની લગોલગ પાછળ રાણા સંગ અને બાબર વચ્ચે
થએલા યુદ્ધનું મેદાન આવેલું છે.

મકાનો ને મસ્જિદો જોયા વિના આવે તો એની સફર અફળ લેખાય છે. ઘણા તો એ જોવા જ ખાસ એ મુસાફરી કરે છે. દિલ્હીની જુમા મસ્જિદ, કુતુબ મિનાર અને કિલ્લામાંનાં શાહી મકાનો ને મહેલો; આગ્રાનાં તાજમહાલ, કિલ્લો, સિકંદ્રા અને ઇતમાદુદ્દૌલાના રોજા; ફતેહપુર સિક્રીનાં મહેલો ને મકાનોનો સમૂહ,—આ બધાંની લાંબી નામાવલિ એ શહેરોના મુસાફરની પાસે હોય છે. ભણેલો હોય તો એને લગતું સાહિત્ય ને ચિત્રો જોઇ-વાંચી પરિચિય થઇને જાય છે. અને એ બધાં જોઈ વળીને, વર્ષોથી એમને વિષે બોલાતી અને લખાતી પ્રંશસાને મોટે ભાગે પુષ્ટિ આપતો પાછો ફરે છે. કોઇએ એની વિરુદ્ધ વચન કાઢયાનું ખાસ જાણમાં નથી.

ॐ

દિલ્હીની જુમા મસ્જિદ ભવ્ય લાગે એટલી વિશાળ છે. ચાળીસેક ફુટ ઉંચે સુધી પગથિયાં પર ચડયા પછી તો એની ફરસબંધીમાં પહોંચીએ. કાંઇ ટેકરા પર બાંધી હોય એવી લાગતી આટલી ઉંચાઇ પ્રાપ્ત કરવા પાછળ અઢળક દ્રવ્ય અને જહેમત ખર્ચ્યાં હશે: એટલું જ દ્રવ્ય આ આલીશાન મસ્જિદના ઉંચા મિનારા, વિશાળ ફરસબંધી, મોટા ઘુમટ અને અતિ વિસ્તારી મકાન બાંધવા પાછળ પણ ખર્ચ્યું હશે એમ લાગ્યું. પણ એ સુંદર ન લાગી. એ વિશાળ લાગી, આલીશાન લાગી, પણ એમાં કાંઇ એવા અજબ તત્ત્વનું આકર્ષણ ન લાગ્યું જેથી એને છોડવાનું મન ન થાય. જાણે એને જોયા જ કરીએ એવી લાગણી ન થઈ.


ॐ

લગભગ સમજણા થયા ત્યારથી આગ્રાના તાજમહાલનું નામ અને કીર્તિ સાંભળેલાં. નિશાળની વાચનમાળામાં જેનાં પાઠ ભણેલા, પુસ્તકોમાં જેનાં વર્ણનો રસથી વાંચેલાં, અનેક સ્થળેથી વિવિધ દશ્યો દાખવતાં ચિત્રો જોએલાં, એ તાજને જોવાની ઉત્કંઠા, જેમજેમ આગ્રા નજીક આવતું ગયું તેમતેમ ખુબ તેજ થતી ગઇ. બપોરના બાર વાગ્યા હતા. ઉતરીને તરત તાજ જોવા દોડવું છે એમ હજી સાથી જોડે વાત થતી હતી ત્યાં ટ્રેનની બારીમાંથી સફેદ આરસનાં મકાનોના દૂર જણાતા સમૂહ પર નજર પડી! તાજ! સાથીને એ બતાવ્યો. ફરીફરીને જોયું: જોયા જ કર્યું. આગ્રા નજીક આવતું જતું હતું. મધ્યાહ્નના સૂર્યમાં એ શ્વેત મકાનોનો સમૂહ અતિ શ્વેત લાગતો હતો. મનમાં થઇ ગયું કે આ તાજ?

ॐ

પહેલામાં પહેલી તકે તાજ જોવા પહોંચ્યા. નાના બાળકના હાથમાં મીઠાઇનું ચોસલું આવે અને તે જેમ પહેલાં તેને ભાવથી નિરખે, પછી તે પરથી એક કણ ફુખેડીને ચાખે, ફરી જુએ, અને પછી ધીમેધીમે જરાજરા કરીને ખાવા માંડે એમ, આટલા જીવન સુધી જેને જોવાની એક તીવ્ર ઝંખના અંતરમાં એક ખુણે રહી હતી તેનો સાક્ષાત્કાર થતાં બહુ જ ધીમેધીમે કરીને નીરાંતે અમે જોવા માંડયું.

પ્રવેશના ચોગાનના પગથિયાં આગળ ઉભાં કરેલાં સુંદર ઘાટ અને નકસીનાં પિત્તળનાં ફાનસોથી માંડી એના છેક જમના કિનારા પરના ઉંચા મિનારાની ટોચ સુધી પહોંચીને ખુણેખુણો ફરીને તાજ જોયો. બહુ ભાવથી, બહુ આતુરતાથી જોયો. એક મિત્રે ધ્યાન ખેંચેલું કે એના દરવાજાની કમાન



તાજમહાલ : દૂરથી રમ્ય જણાતું સમૂહદર્શન

ફોટો : કુંદન-જામનગર

ફરતાં કુરાનમાંનાં અવતરણો અરબી અક્ષરોમાં એવી ખૂબીથી લખેલાં છે કે છેક નીચેનો અક્ષર અને છેક મથાળાનો અક્ષર તથા ઉપરની આખી લીટીના અક્ષરો તમને બધા સરખા જ લાગે એવા ખૂબીવાળા 'પર્સ્પેક્ટિવ'ના માપથી એ આલેખાયાં છે: તે જોયાં. ખાસ વખણાતું એની ભીંતો પર સફેદ આરસમાં કરેલું રંગીન પથ્થરોનું જડતરકામ જોયું. અંદરની કબરોની ચોમેર ફરતી બારીક કોતરણીવાળી આરસની પડદીઓ જોઈ. એનો વિશાળ ઘુમટ જોયો. એની સાહેલીઓ સરખાં બંને પડખે આવેલાં ઘાટીલાં મકાનો જોયાં. બધું જોયું; બધી રીતે જોયું. અને ફરીથી મનમાં થયું આ તાજ?

卐

પ્રવેશના દરવાજાની કમાનમાંથી તાજ એના ચાર મિનારાઓ સહિત સુંદર લાગે છે. એવડી કમાનમાં સમાઇ જતો એ સમૂહ એવો ગોઠવાઇને નાનો થઇ ગએલો લાગે કે જાણે એ દૂર હશે; પણ કમાન છોડી, પાંચ ડગલાં આગળ બહાર નીકળી આવીએ કે ખરેખર છે એટલો નજીક જ લાગે. તાજના સ્થાપત્યમાં ઉત્તમમાં ઉત્તમ વસ્તુ એની આ સમૂહરચના છે. એના બગીચાના જુદાજુદા ભાગમાંથી જુઓ અને તમને દરેક સ્થળેથી એનું અવનવીન અને રમણીય દર્શન લાધે. જમનાને સામે કિનારેથી જુઓ, આગ્રા-કિલ્લાના સુમનબુર્જમાંથી જુઓ, બબ્બે માઇલ ફરતા ઘેરાવામાંથી ગમે ત્યાંથી જુઓ, તમને હર સ્થળેથી મુગ્ધ કરે એવું એનું દર્શન થાય છે. પણ એ દૂરથી, અને એનું સમગ્ર સમૂહદર્શન જ રમ્ય લાગે છે.

નજીકથી, અને એનો એકેક છૂટો ભાગ જરાયે આકર્ષણ કરતો નથી. એનો મોટો ઘુમટ આરસનાં ચોસલાંના સ્પષ્ટ જણાતા સાંધાઓથી જોવો ગમે એવો નથી એટલું જ નહિ, પણ મિનારાઓ બાદ કરેલો એનો એ ઘુમટવાળો વચલો ભાગ જરાયે સુડોળ નથી લાગતો. મિનારા અમસ્થા બાંડા લાગે છે. અને સ્થાપત્યમાં પણ કશું રચનાસૌંદર્ય નથી લાગતું.

આગ્રાના કિલ્લામાંનાં મકાનો જોઈ નીકળ્યા, અને નમતી જતી સંધ્યાનાં કિરણોમાં દૂરથી તાજનું દર્શન થયું. એ આહ્લાદક હતું. સાંજનાં કિરણોની સાથે એ પણ જાણે ગળી જતો લાગતો હતો. દુર્ભાગ્યે સૌ મોંફાટ પ્રશંસા કરે છે તે, ચાંદની રાત્રે જોવાનો પ્રસંગ ન મળ્યો. એ ખરેખર મનોહર હશે. કેમકે તાજનું સ્થાપત્ય એ **atmospheric architecture** (દૂરથી વાતાવરણમાં રમ્ય દર્શન આપતું સ્થાપત્ય) છે. એનું સૌંદર્ય એના દૂરથી થતા સમૂહરચનાના દર્શનમાં જ રહેલું છે. બીજી કોઇ રીતે નથી.

卐

આમ, જેને જોવાની છેક કુમારાવસ્થાથી ઉત્કંઠા હતી, જેની પ્રશસ્તિઓનું પારાયણ વાંચેલું, જેને માટે જેને ને તેને મોઢેથી કેવળ અખંડ વખાણ જ સાંભળેલાં, જેને જોઇને પરદેશી મુસાફરો હર્ઘેલા થતા કહેવાય છે, જેને લીધે દુનિયાભરના દેશોમાં હિંદુસ્તાનનું નામ પંકાય છે, પાશ્ચાત્ય કલાકોવિદોએ જેનાં મુક્ત કંઠે વખાણ કર્યાં છે, જેણે કલાકારોને ચિત્રો અને કવિઓને કાવ્યો પ્રેર્યાં છે, અને જે ખુદ બાદશાહ શાહજહાંના પ્રેમના મૂર્તિમંત કાવ્ય રૂપ ગણાયો છે તે તાજ જોઇને, નિરાશાથી નહિ, પણ ધાર્યા જેટલી આશા ન ફળે

ને માણસ બોલી ઉઠે તેમ લાગી આવ્યું કે આ તાજ?

ॐ

દિલ્હી–આગ્રાનાં ખુબ વખણાએલાં મકાનો જોયા પછી પણ ગુજરાતનું સ્થાપત્ય ચડિયાતું જ લાગે છે. મોગલ સ્થાપત્યમાંની વધારે પડતી નાજુકાઇ તેમાંથી વ્યક્તિત્વ ઘટાડી દઇને અતિશય સ્ત્રૈણ તત્ત્વ દાખલ કરી દેતી જણાય છે. એની પડદી જેવી પાતળી ભીંતો અને વિનાકારણ નાજુક થતા શણગાર અને કોતરણીઓ, ગુજરાતના પ્રમાણબદ્ધ, સુરેખ ને



ગાંધીજી

સુંદર સ્થાપત્યને મુકાબલે ઉતરતી લાગે છે. હિંદુ અને મુસલમાન સ્થાપત્યનું મિશ્રણ થયું છે ત્યાં સુધી પણ આ સૌંદર્ય ટકી રહ્યું છે. અમદાવાદની ઘણી મસ્જિદો આની સાક્ષી પુરે છે.

ખુદ ફતેહપુર સિક્રી આના સુંદર ઉદાહરણ રૂપ છે. અકબર એ આખો કિલ્લો અને અંદરનાં મકાનો આટલાં સુંદર બંધાવીને તે વસાવ્યા વિના જ તજીને દિલ્હી કેમ ચાલ્યો ગયો હશે એનું આશ્ચર્ય થાય છે. એનો બુલંદ દરવાજો ખરેખર બુલંદ છે: એ ભવ્ય છે તેટલો જ આકર્ષક છે. અંદરની મસ્જિદનો ભાગ, શેખ સલીમ ચિશ્તીની દરગાહ, જોધબાઇનો મહેલ, દીવાને ખાસ, બિરબલનો મહેલ, હિરણ-મિનાર, પંચમહાલ—એ એકેએક મકાન પ્રમાણશુદ્ધ, રચનાસૌંદર્યવાળું, આકર્ષક અને નિરનિરાળું વ્યક્તિત્વ ધરાવતું લાગે છે. એમાં યે જોધબાઇનો મહેલ સર્વોત્તમ છે. એના થાંભલા, કમાનો અને ગોખ, એની સમગ્ર રચના, ઉઠાવ અને શણગાર–સુશોભનો સુદ્ધાં હિંદુ ઢબનાં વધારે છે; ને એટલો એ વધારે સુંદર પણ છે.

ॐ

મકાનોનાં સૌંદર્યની વાત પરથી મહાસભાના ઝગડાની વાત પર ઉતરી પડવું એ ઓચિંતા છાપા જેવું છે: પણ કદાચ એટલું જ રસમય પણ હશે. હિંદુસ્તાનના રાજકીય ઇતિહાસમાં ૧૯૦૫ની સુરતની અને ૧૯૨૧ની અમદાવાદની મહાસભાઓ સ્મરણીય છે. પહેલી તોફાની અને બીજી ભવ્ય હોવાને લીધે. કલકત્તાની છેલ્લી મહાસભા ભવ્ય અને તોફાની બંને થશે એવી લોકોની ગણતરી હતી. દેશમાં પડેલા રાજકીય પક્ષોના વિરોધોને લીધે વાતાવરણ, અતિ તાણેલા સારંગીના તાર જેવું એટલું તંગ હતું કે લોકોના મનમાં, શું થશે ને શું નહિ થાય એમ થયા કરતું. અને આ તંગ દશામાંથી છેવટનો નિર્ણય શો આવે છે એ જાણવાની તીવ્ર આકાંક્ષાએ આતુર પ્રેક્ષકોનાં ટોળેટોળાં કલકત્તે આવી ઉતર્યાં હતાં.

મહાસભાના ઇતિહાસમાં કદાચ કોઈ પ્રમુખને ક્વચિત મળ્યું હશે એવું સ્વાગત આ વેળા કલકત્તાએ આ ૪૩મી મહાસભાના પ્રમુખ પંડિત મોતીલાલ નેહરૂનું કર્યું. વીસ હજાર પ્રેક્ષકો બેસી શકે એવડો વિશાળ મંડપ બાંધ્યો હતો; સ્વયંસેવકોની અગણિત સેના ઉભી કરી હતી; કદિ પણ નહિ ભરાયું હોય એવું ઔદ્યોગિક પ્રદર્શન યોજ્યું હતું. પરંતુ એ બધાની પાછળી વ્યવસ્થા વિષે, સ્વયંસેવકોમાંથી 'સેવક'નું તત્ત્વ નીકળી જઇ માત્ર 'સ્વયં'-પણું કેવું રહ્યું હતું તે વિષે, પ્રદર્શન પાછળના પોલાણ વિષે, અહીં લખવું જરૂરનું નથી.

મહાસભામાં મુખ્ય ઝગડો હતો આ પ્રશ્નનો, કે હિંદુસ્તાને સ્વરાજ્ય કેવું માગવું? એક પક્ષ, જેના નેતા પંડિત મોતીલાલ નેહરૂ હતા એમનું કહેવું હતું કે સંસ્થાનિક સ્વરાજ્ય કેનેડા, દક્ષિણ આફ્રિકા, ઑસ્ટ્રેલિયા વગેરે બ્રિટિશ સામ્રાજ્યનાં સંસ્થાનો જે જાતનું સ્વરાજ્ય અત્યારે ભોગવે છે તેવું સ્વરાજ્ય) માગવું. એટલે કે સામ્રાજ્યની સાથે રહીને, પરંતુ પોતાની સ્વતંત્રતા જાળવીને હિંદ પોતાનો વહીવટ જાતે કરે. બીજો પક્ષ સંપૂર્ણ સ્વાતંત્ર્ય માગવાના મતનો હતો અને તેના અગ્રણી હતા પંડિત મોતીલાલજીના જુવાન તેજસ્વી પુત્ર પંડિત જવાહરલાલ. એ પક્ષનું કહેવું એ હતું કે બ્રિટિશ સામ્રાજ્ય સાથે કોઈ પણ જાતના સંબંધ વિનાનું તદ્દન સંપૂર્ણ સ્વાતંત્ર્ય જોઇએ.

ॐ

આજથી આઠ વર્ષ પર અસહકારના ઉગમકાળે મહાસભાએ પોતાના ધ્યેય તરીકે 'સ્વરાજ્ય' નક્કી કરેલું. અને એને અનુસરીને સાત વર્ષ લગી મહાસભા કામ કરતી આવી. શરૂઆતમાં અસહકારથી, અને તે મોળો પડ્યા પછી ધારાસભાથી. આ દરમ્યાન સ્વરાજ્યનો પ્રકાર નક્કી થયો નહોતો. ઘણીવાર તે સવાલ આવેલો, પણ ગાંધીજી વગેરેએ સમજાવેલું કે એ આપણે અત્યારે નક્કી ન કરીએ. બ્રિટન કયા પ્રકારનું સ્વરાજ આપવા ઈચ્છે છે તે તો જોઇએ. આપણું સ્વાતંત્ર્ય અને સ્વમાન જળવાતાં હોય એ જાતનું સ્વરાજ્ય તેના સંબંધી રહીને પણ મળતું હોય તો એ સરખા હકની મૈત્રી શા માટે ન રાખવી? એટલે સાત વર્ષ સુધી તો એ 'સ્વરાજ્ય'નું ધ્યેય કાયમ રહ્યું. પણ ૧૯૨૭માં મદ્રાસની મહાસભામાં, દર વર્ષની જેમ



પંડિત મોતીલાલ નેહરૂ



પંડિત જવાહરલાલ નેહરૂ

'મહાસભાનો ભાવી ઇતિહાસ તો અનેક સ્મરણીય પ્રસંગોથી ભરેલો થશે; પરંતુ આ વખતની મહાસભાના પ્રમુખ–મંત્રીની જોડી,—પ્રમુખ પં. મોતીલાલજી અને મંત્રી પં. જવાહરલાલજી એ પિતા–પુત્રની જોડી તો સદાકાળ સ્મરણીય રહેશે. બંને એક-બીજાના વિરોધી પક્ષના કટ્ટર નેતાઓ હતા; છતાં એ વિરોધોમાં પણ પરસ્પર પ્રત્યેની એમની ઉદારતા પિતા મોટા કે પુત્ર મોટા એવી શંકા કરાવતી. હિંદુસ્તાનના સ્વાતંત્ર્યના ઇતિહાસમાં એ અદ્વિતીય જોડી હમેશને માટે યાદગાર રહેશે.'

ફરી એ ચર્ચા ઉભી થઇ અને બ્રિટનની જોડેનો સંબંધ તદ્દન કાપી નાખવા ઈચ્છતા વર્ગે 'સ્વરાજ્ય'ને બદલે 'સંપૂર્ણ સ્વાતંત્ર્ય'ને મહાસભાના ધ્યેય તરીકે સ્વીકારાવવા મથામણ કરી.

ધ્યેય તો ન ઠર્યું પણ એ 'સ્વાતંત્ર્ય'ને આદર્શ તરીકે રાખવાનો મદ્રાસની મહાસભાએ ઠરાવ કર્યો, અને હિંદુસ્તાનનું સ્વરાજનું તંત્ર કેવું હોવું જોઇએ તેનો એક ખરડો તૈયાર કરવા માટે એકે એક રાજકીય પક્ષના નેતાઓની એક સમિતિ નીમી. એના પ્રમુખ મોતીલાલ નેહરૂ નીમાયા. એ સમિતિએ ખરડો તૈયાર કર્યો અને તેમાં સંસ્થાનિક સ્વરાજ્ય (ડુમીનિયન સ્ટેટસ)ને હિંદુસ્તાના સ્વરાજ્યના પ્રકાર તરીકે ઠરાવ્યું. નેહરૂ સમિતિના એ રિપોર્ટને દેશ આખાએ અંતઃકરણપૂર્વક વધાવી લીધો. અને ફરીથી લખનૌમાં બધા પક્ષના નેતાઓની પરિષદ મળી તેણે એને મંજુર કર્યો.

છતાં દેશમાં એક પક્ષ એવો હતો કે જે આ ખરડાથી અસંતુષ્ટ હતો. એ નાનોસુનો ન હતો. એમાં મુખ્યત્વે બંગાળનો મોટો ભાગ હતો. બંગાળના નેતા સુભાષચંદ્ર બોઝ, પંડિત મોતીલાલજીના પ્રાણવાન પુત્ર જવાહરલાલ, મદ્રાસના ચેતનભર્યા નેતા શ્રીનિવાસ આયંગાર આ સૌ એ પક્ષના મોવડી હતા. અને એમની માગણી આ નેહરૂ ખરડા મુજબનું સંસ્થાનિક સ્વરાજ્ય (ડુમીનિયન સ્ટેટસ) નહિ પણ ઇન્ડિપેન્ડેન્સ–સંપૂર્ણ સ્વાતંત્ર્યની હતી. આમ, બંગાળનો મોટો ભાગ વિરૂદ્ધ પક્ષનો હતો આ છતાં એમણે પોતાને ત્યાં ભરાનારી આ વખતની મહાસભાનું પ્રમુખપદ પંડિત મોતીલાલજીને જ અર્પ્યું, કેમકે આ ઝગડાનો નિર્ણય લાવી શકે એવો એનાથી ચડિયાતો સમર્થ માણસ બીજો કોઈ મળે એમ નહોતું.

ॐ

અને પછી આ કલકત્તાની મહાસભામાં બંને પક્ષ વચ્ચેનો ઝગડો શરૂ થયો. અનેક વાટાઘાટો થઈ, અનેકને સારાંમાઠાં લાગ્યાં, અનેકનાં મન દુભાયાં, વિવાદો ચર્ચાઓ અને ભાષણોમાં દિવસો અને રાતો વીત્યાં, અનેક ઠરાવો ઘડાયા ને ભુંસાયા, અનેક સુધારા રજુ થયા અને ઉડી ગયા,–એ બધાના વિગતવાર વર્ણનમાં ઉતરવાની જરૂર નથી. છેવટે ગાંધીજીએ બંને પક્ષની સમાધાની કરે એવી મતલબનો ઠરાવ મુક્યો કે '૧૯૨૯ના ડિસેમ્બરની ૩૧મી તારીખ સુધીમાં બ્રિટિશ સરકાર નેહરૂ સમિતિના ખરડા મુજબનું સંસ્થાનિક સ્વરાજ્ય ન આપે તો ૧૯૩૦ની શરૂઆતથી હિંદ અહિંસાત્મક અસહકાર ફરી શરૂ કરશે. દરમ્યાન આ એક વર્ષમાં મહાસભા દારૂ-નિષેધનું, વિદેશી વસ્ત્રબહિષ્કારનું, ખાદીપ્રચારનું, અસ્પૃશ્યતા-નિવારણનું તથા સામાજિક સુધારાઓનું રચનાત્મક કાર્ય કરશે.'

૪૦૦ની બહુમતીથી આ ઠરાવ પસાર થયો. છતાં ઇન્ડિપેન્ડેન્સ પક્ષને તેથી સંતોષ નથી થયો. જોકે ઉપરના ઠરાવે એમને પોતાનું પ્રચારકાર્ય કરવાની છુટ આપી છે અને તે મુજબ તેમણે કામ શરૂ પણ કર્યું છે. હવે વર્ષ દરમ્યાન, અને અંતે પંજાબમાં ભરાનારી આવતી મહાસભામાં શું થાય છે તે જોવાનું છે.

ઈ. ત.



યુસુફ-ખોરશેદ

યુસુફ એટલે સ્વપ્નાંનું રહસ્ય સમજે તે. યુસુફ અને ખોરશેદ નામે બે જુવાનોએ બાળપણમાં સ્વપ્નાં સાથે રમત કરી. એ બાલ્ય રમતોમાંથી કોઈ ચિત્રો દોરનાર ચિતારો થાય કે કાવ્યો લખનાર કવિ થાય; કોઇ ફીલસુફ થાય તો કોઈ ગવૈયો થાય: પણ આ બે જણે તો એ રમતમાંથી રાજરમતો રમવા માંડી અને રાજવારો થયા.

એ બંને આજે જીવે છે, કારણકે હજી હમણાં જ એમણે જીવવું શરૂ કર્યું છે. એમાંનો એક મુસલમાન છે, બીજો પારસી છે. મુસલમાને હવાઇ કિલ્લા બાંધવા માંડ્યા, ને પારસીએ પોતાના સાહસ વડે એ જીતવા માંડ્યા. મુસલમાન તે યુસુફ મહેરઅલી. પારસી તે ખોરશેદ નરીમાન.

મહેરઅલી અને નરીમાન વચ્ચે ઉંમરનો તો ઘણો ફેર; પણ એ બંને વચ્ચેનો વચનો એ ગાળો એટલે મુંબાઇના યુવાનો.

બંને વકીલ છે. નરીમાન તો જાણીતો વકીલ છે; મહેરઅલી હજી ગઇ કાલે જ વકીલ થયો. પણ બંને જુવાનોના જ ખરા વકીલ છે.

નરીમાનને ઘણા નથી ઓળખતા, ખાસ કરીને વૃદ્ધો—મોટેરાંઓ. કારણકે નરીમાન એકપક્ષી છે,—કહો કે સ્વાર્થી છે. એ પોતાનો સ્વાર્થ યુવાનોમાં જ જુએ છે અને પોતાનો સંદેશ યુવાનોને જ આપે છે. નિઃસ્વાર્થ (!) ઘરડાંઓને તો એ સંભારતો જ નથી, કારણ એ નિઃસ્વાર્થ ઘરડાંઓને નરીમાન જેટલો દેશનો સ્વાર્થ નથી.

૧૯૨૦માં નરીમાને પહેલો ડંકો દીધો. એલ્ફિન્સ્ટન કૉલેજનાં હોસ્ટેલમાં રાત્રે દારૂ પીને બે ચાર અંગ્રેજ સૈનિકો છાકટા બની ધસી આવ્યા. કોઇએ વિદ્યાર્થીઓને ગાળો દીધી અને કોઇએ રિવૉલ્વર બતાવી. વિદ્યાર્થીઓએ યોગ્ય ઉત્તર આપી એમને બહાર કાઢ્યા. બીજે દિવસે નરીમાનને કેસ સોંપાયો, ને એણે હલ્લો શરૂ કર્યો. પેલા અંગ્રેજ સૈનિકોને ખાસ્સો દંડ ઠોકાયો!

પછી તો તમે ચોપાટીથી કોલાબા સુધી ફરવા જનાર કોઇને યે પુછો તો, એ દેખાતો દરિયો પુરાવનાર કોણ એ કોઈ જાણે એના કરતાં એ નહિ પુરાવા દેવા મથનાર કોણ એ જાણનાર સૌ કોઇ નીકળશે. હાર્વે સાહેબ સામે નરીમાન લડ્યો ને જીત્યો એ મુંબાઈનું નાનું છોકરૂં પણ જાણે છે.



શ્રી યુસુફ મહેરઅલી

કોઇ સાઇમન નામે સાહેબ હિંદ પધાર્યા. નરીમાનના કોઈ એક ગોઠીઆને ' સાઇમન, પાછો સિધાવ ' એટલું બોલવા માટે માર પડ્યો. એ માર મારવાની તુમાખી કરનાર કોણ? પોલિસ સારજંટ કાર્ટર. માર કોને પડ્યો? યુસુફ મહેરઅલીને. એ સારજંટનો કોર્ટમાં દંડ કરાવનાર કોણ? નરીમાન. મેદાનની પોલીસ કોર્ટના યુદ્ધગૃહમાં નરીમાન આવા તો કેટલા યે મફત કેસ લડ્યો છે.

' યુવકો,' ' યુવકસંઘ ' 'યુવકોની સભા,' 'યુવકોનું સંમેલન' એમાં મોખરે નરીમાનને ન મુકો તો એ યુવક સંઘ નહિ, યુવક સભા નહિ, યુવક સંમેલન નહિ.

ટોપી વિનાનો, રતુમડા મોઢાનો, સામાન્ય રીતે ધોળા જ લેબાસમાં સજ્જ, બુલંદ અવાજે દુશ્મનને ઝેરી કટાક્ષથી વીંધતા હાસ્યરસે ગાજતો એ નરીમાન મુંબાઈની કૉર્પોરેશનમાં કે પૂનાની કાઉન્સિલમાં, કોર્ટમાં કે મેદાનમાં, ગમે ત્યાં હોય, એની પાછળ યુવકોનું ટોળું તો ભમતું જ હોય. યુવકોને એનામાં અપાર વિશ્વાસ છે, એને યુવકોની શક્તિમાં જ એક માત્ર આશા છે. એનો એ સ્વાર્થ—એની આશા કેવળ દેશને અર્થે જ રહેલાં છે. જુવાનોના માનીતા, લાડીલા, ઝિંદાદિલ એ બહાદુરને યુવકોએ 'નરવીર'ના માનવંતા સંબોધનથી નવાજ્યો છે. ગુજરાતભરના ગામેગામમાં આજ એ નરવીર નરીમાનને નામે ઓળખાય છે.

યુવકોની સંસ્થાઓનો પ્રમુખ નરીમાન, તો એ સંસ્થાઓનો મંત્રી તે યુસુફ મહેરઅલી એલ્ફિન્સ્ટન કૉલેજમાં ભણતાં ભણતાં જ એણે પોતાના ઉછળતા પ્રાણનો પરચો બતાવેલો. એના સમોવડિયા એ વેળા એને ' કબુતર ' કહેતા. ચાંચ મારે ને ઉડે. દોડધામ ને ધમપછાડ; ક્યાંક ભાષણ, ક્યાંક સંમેલન, ક્યાંક વક્તૃત્વકળાની હરીફાઇ તો ક્યાંક ચર્ચા પરિષદ; ક્યાંક મૌલાના બને ને ક્યાંક મહારાજ બને. ભાષણો તો ચાલતાં ચાલતાં છાંટી નાખે. કલાકમાં ત્રીસ જણ સાથે વાત કરવી ને તેત્રીસ કાર્યક્રમ ગોઠવવા. ઝડપ—વેગ—ઝપાટો. યૌવનનો મૂર્તિમંત ઝંઝાવાત જાણે. બી. એ. થઇ એલએલ. બી. નો

અભ્યાસ શરૂ કર્યો. પણ એના સમોવડિયા સૌ એના ત્યાંના અભ્યાસની પોલ જાણે છે. ત્યાં યે ભાંગફોડ કરીને, વકીલાતની આવડતી જોઇએ એવી બારાખડી શીખી લીધી.

મુંબાઇના યુવકો છુટાછવાયા હતા, રખડતા હતા. દેશની જાગૃતિમાં એમનો હિસ્સો નહિ જેવો હતો. યુસુફની આંખે નાનપણનાં સ્વપ્ન તરવરવા લાગ્યાં. સુંદર કળાડી, સોરાબ બાટલીવાલા, ઑબ મહેતા જેવાઓ તથા કુ. ફ્રેની ભેસાનિયા જેવીઓના સહકારથી એણે મુંબાઇનો યુવકસંઘ સ્થાપ્યો. આજે જર્મન યુવકોને, કાલે રશિયન યુવકોને તો પરમ દહાડે અફ્ઘાન યુવકોને આમંત્રણો આપ્યાં. જગતની યુવક–પ્રવૃત્તિનો હિસાબ એણે મુંબાઇને ખોળે ધર્યો. હિંદુસ્તાનના યુવકોનો અવાજ એણે જગતના ચોકમાં પહોંચાડ્યો.

સીધો, સુકકો, સરતી ચાલે ચાલતો યુસુફ મહેરઅલી એકેએક યુવાનોનો બિરાદર છે. નરવીર નરીમાન જેવા ભડ ભટરાજનો એક સાચો સુભટ છે. ન પહોંચી વળાય એવાં કામો ઉપાડવાની એનામાં હોંસ ને હીમત છે. કાર્યસાધક વાક્ચાતુરીથી કામ પાર પાડવાની એનામાં કુશળતા છે. યુવકો દ્વારા જ રાજકીય પ્રગતિ સાધી શકાય, એવી એની અચલ શ્રદ્ધા છે. એમાં, સમય જતાં જુરમેદારીનો હોત્રો જોઇએ એટલો ખ્યાલ આવશે અને હજી યુવકે ને સહજ એવી સાહસ-શક્તિ કમેરાશે તો એને માટે ઉજ્જવલ ભાવિ નિર્માએલું જ છે.

ગઇ કાલ સુધી નરીમાન–યુસુફની જોડીને મુંબાઇ બહાર કોઈ ઓળખતું ન હતું. આજે ગુજરાતમાં તો દરેક પ્રગતિ-સાધક યુવાન એને ઓળખે છે જ. આવતી કાલે એને હિંદ ઓળખતું થાય તો એમાં આપણાં ગૌરવ ને મગરૂરી જ છે.

'માહતાબ'

ચિત્રકાર સોમાલાલ શાહ



૭ ફુટની પુરી ઉંચાઇ વાળા અને અતિશય જીના વાનના સોમાલાલને જોતાં એમ તો ન જ લાગે કે આને અને કળાને કાંઇ સબંધ હશે. પણ તેમની ચિત્રકળાનો પરિચય પામીએ ત્યારે જ આપણે જાણી શકીએ કે તેમનામાં કળાની કેટલી ઉન્નત ઊર્મિઓ ઉભરાઈ રહી છે.

મુળ કપડવણજ જેવા નાના કસ્બાના રહેવાશી, જાતે ખડાયતા વાણિક ને પિતાનો ધંધો અનાજ વેચવાનો, છતાં એમને કળાની આટલી ધુન લાગી તે નવાઇ પમાડે એવું છે. તેમને નાનપણથી જ રંગીન ચિત્રો બનાવવાનો શોખ. પોતાની લખવાની નોટમાં પાનાની બંને બાજુ ચિત્રો કરી રંગ પુરતા. હજી પણ તેમની પાસે એ ચિત્રો છે. અને આવાં ચિત્રો એક બે દોરવાથી એમને સંતોષ ન થતો. નોટમાં જેટલા કાગળ હોય તેટલા બધા જ રંગીન ચિત્રોથી ભરી દેતા. આજે પણ એ પ્રકારનું વહેણ ચાલુ છે. પોતાના અજબ વિચારો અને અવનવી રંગપુરણી વડે જ્યારે તક મળે ત્યારે એક બે નહિ પણ અનેક ચિત્રો એ માંડી દે.

કપડવણજમાં તેમનાં ચિત્રો તથા ચિત્રનો શોખ જોઇ સ્વ. હરિલાલ દેસાઇએ એમનો પ્રાણ પારખ્યો અને એમને પ્રગતિને પંથે ચડાવવાના પ્રયત્નો આદર્યા. ગામમાં માન અપાવ્યું, ચિત્રકળાની એમનામાં શક્તિ છે એવું આત્મભાન કરાવ્યું, ચિત્રને લગતાં પુસ્તકો સામાન વગેરે મેળવી આપ્યું અને અમદાવાદમાં રવિશંકર રાવળના પરિચયમાં મુકયા. તે સંબંધ ત્યાર પછી વધુ ગાઢ બન્યો અને તેમના કળાના વિકાસમાં બહુ સહાયક થઈ પડ્યો. દરમ્યાન તેઓ મેટ્રિકની પરીક્ષા પાસ કરી અમદાવાદ ગુજરાત કૉલેજમાં દાખલ થયા. ત્યાં પણ અભ્યાસ એ ગૌણ વસ્તુ હતી. પરીક્ષાની આગલી રાત્રે પણ તેમને ચિત્રો દોરતા જોઇ, સાથે રહેતા વિદ્યાર્થીઓ અચંબો પામતા. રાત્રે કામ કરવું તેમને બહુ ગમે છે. રાત્રે કામકરીને અને ઝીણીઝીણી લીટીઓ દોરીને એમણે આંખો બગાડી અને પરિણામે હવે ચશ્માં પહેરવાં પડે છે.

પ્રીવિયસ પછી તેમણે કૉલેજ છોડી. ચિત્રકળા માટે સ્કૉલરશિપ મળતાં મુંબાઇ સ્કુલ ઑફ આર્ટમાં તેના અભ્યાસ માટે ઉપડ્યા. ત્યા થોડા જ વખતમા તેમણે સારી પ્રગતિ કરી અને ત્યાંના પ્રિન્સિપાલ સૉલોમન તથા વિદ્યાર્થીઓના માનીતા થઇ પડ્યા. પણ તેમને એ શાળાના જડ અધ્યાપન અને પ્રેરણાશૂન્ય વાતાવરણથી હમેશાં કંટાળો ઉપજતો. શાળામાં બધું ત્યાંની પદ્ધતિ ઉપર કામ કરે, પણ ઘેર ખાનગી રીતે પોતાની કલ્પનાને સ્વતંત્ર વિહાર આપે એવાં ચિત્રો કર્યા જ કરતા. આ ખાનગી વખતમાં જ તેમણે પ્રયત્ન કરીને તથા સારા નામાંકિત ભારતીય કલાકારોનાં ચિત્રોમાંથી પ્રેરણા લઇને પોતાની કામ કરવાની પદ્ધતિ ખીલવી. એ બધાં ચિત્રો પર, એ વખતે મુંબાઇમાં ભરાએલી નવમી સાહિત્ય પરિષદને અંગેના કલાપ્રદર્શનમાં એમને સુવર્ણચંદ્રક મળ્યો.

ધીમેધીમે હિંદી કળાનો અભ્યાસ કરવાની એમની વૃત્તિ બલવત્તર થતી ગઈ અને શાંતિનિકેતન જવાનો વિચાર કર્યો. પણ સંજોગવશાત્ એ જ વખતે વડોદરા કળાભવનમાં શ્રી પ્રમોદકુમાર ચટ્ટોપાધ્યાયની ચિત્રના અધ્યાપક તરીકે નીમણૂક થઈ. તેમની કળા તરફ વડોદરાના વિદ્યાર્થીઓએ તો ખૂબ વિરોધ કર્યો, પણ સોમાલાલ જેવા વિદ્યાર્થી માટે તેમની હાજરી એક સરસ સહાય થઇ પડી. શાંતિનિકેતન જવાનું મુલતવી રાખી એ તેમના જ વિદ્યાર્થી બન્યા. એના સારા

એક બે વિદ્યાર્થી મળવાથી પ્રમોદ બાબુને બહુ ઉત્સાહ મળ્યો. પણ વડોદરાનું વાતાવરણ તેમને સંભાળી શક્યું નહિ. બે વર્ષ રહી તેઓ ત્યાંથી નીકળી ગયા એટલે સોમાલાલે પણ તે સ્થાન છોડી દીધું અને કલકત્તાની જાણીતી 'પૌર્વાત્ય કલા સમિતિ'ના વર્ગમાં જઈ જોડાયા. આજે એ ત્યાંના પ્રસિદ્ધ કલાકારોના સંસર્ગમાં રહી કળા ખીલવી રહ્યા છે અને સૌના આદરને પાત્ર થયા છે. એ સમિતિના છેલ્લા પ્રદર્શનમાં તેમનાં આઠ ચિત્રો મુકાયાં હતાં અને બહુ પ્રશંસા પામ્યાં હતાં તથા થોડાં સારી કીમતે ત્યાંના રસિકોએ ખરીદ્યાં પણ હતાં.

બા ળ વિ ભા ગ

મગરોનો સેતુ



જાપાનના એક ડુંગર ઉપર એક રૂપાળી સસલી રહેતી હતી. તેના જેવા ધોળા બાસ્તા જેવા વાળ કોઈને નહોતા એટલે તે ગુમાનમાં બીજાં સસલાંથી આઘી ફરતી. તેને થયું કે ક્યાંક બીજે દેશ શોધવા દુનિયામાં નીકળી પડું. આ વાંસનાં સાંઠા ને ચાના છોડવા, વાંદરાં ને તીડ રોજ જોઈજોઈને તો હવે કંટાળો આવ્યો. અને સસલાંની નાત સિવાય બીજાં કોઈ જોવા જેવાં જાનવર દુનિયામાં નહિ હોય શું? એમ વિચારી તે ડુંગર પરથી ચારેકોર જોવા લાગી.

હવે એ ડુંગર તો એક બેટ હતો. તેની ચારે કોર આસમાની દરિયો હતો અને આઘે આઘે એક મોટા દેશનો કિનારો દેખાતો હતો.

એક દિવસે તે ઠેકતી ને ફલાંગો ભરતી એ બેટને કિનારે આવી ઉભી. ત્યાં દરિયાનાં મોજાં ઉછળતાં જોઈને તેનો હરખ માય નહિ એટલો થયો. કોઈ સસલાનું જણ્યું આવી મોજ પામ્યું નહિ હોય.

'પણ હું પેલા સામેના સુંદર દેશમાં જઈ શી રીતે શકું?' આમ વિચારતી સસલીએ બેઠાંબેઠાં આગલા પંજા નાકે ધરયા, ગોદે ધરયા પણ કંઈ રસ્તો જડ્યો નહિ.

એવામાં પાણીમાંથી એક મોટી મગરે તેનું લાંબું નાક બહાર કાઢ્યું. થોડી વારે તે ધીરેધીરે આમતેમ ફરવા લાગી અને એક આંખ કિનારા તરફ ધરી રાખી.

તેને જોતાં સસલી હરખાઈ ગઈ 'વાહ નસીબ! આ જનાવર ઉપર બેસીને સામે પાર ખુશીથી જવાય. હોડી કરતાંય મજાનું.'

મગરને પણ એકલાં ગમતું નહોતું. એટલે કોક ભાઈબંધ શોધવા નીકળી હતી અને કંઈ નવી ગમ્મત મળવાની આશાએ ફરતી હતી. તે પણ ધોળી સુંવાળી સસલીને જોઈને હરખાઈ.

સસલીએ વિચાર્યું કે આ જનાવર પહોળું મોં કરી ખાઈ તો નહિ જાય? તો પછી ઉપર બેસવાનું માંડી વાળવું પડે. એને આવડાં લાંબાં મોં તે શા માટે હશે? પણ ચાલ જરા તેને મારૂં રૂપ બતાવી ખુશ કરૂં.

'કાં, બહેન! ખુશીમાં છો ને?'

મગરને પણ એ બોલાવે એટલું જ જોઈતું હતું. એટલે તેણે કહ્યું.

'અરે! કોણ? સસલી બહેન તમે બોલાવી? તમે આવાં રૂપાળાં છો ને એકલાં કેમ?'

'અરે કંઈ યે એકલી નથી. બધી બહુએ જંજાળ છે; પણ આજ તો તમે કાંઠે આવો તો વાતો કરીએ.' મગર તો મોટું મસ્ત શરીર ઘસડતી બહાર આવી અને કલાકો સુધી સસલી સામે બેસી વાત કરી. સસલીએ છેવટે કહ્યું, 'મગર બહેન, એક વાત પુછું? મારે ત્યાં ઘણાં યે સસલાં છે અને હું એ બધાંની રાણી છું, તમારે ત્યાં યે ઘણી પણ મગરો હશે ખરી? કેટલીક હશે?'

મગરને તો આ સાંભળી પોતાના પદનો ગર્વ થયો અને ભારથી જવાબ આપ્યો, 'અરે તમારા રાજ્યની વસ્તી કરતાં અમારી વસ્તી બહુએ મોટી છે. તમે આ ટુકડા બેટમાં વસો છો અને મારૂં ઘર તો આ મહાસાગરમાં છે. દેશદેશના કિનારા પર આ મહાસાગરના મોજાં અથડાય છે. એકલા જાપાનની ફરતા દરિયાની મગરોને ભેગી કરીએ અને હારબંધ રાખીએ

તો અહીંથી સામા દેશ સુધીનો પુલ બંધાઇ રહે અને તમે ઉપર થઇને ચાલ્યાં જાઓ.

લુચ્ચી સસલીને એટલું જ જોઇતું હતું. પણ જાણે એ વાત માનતી જ ન હોય એવો દેખાવ કરીને પાકું કરવા તે મગરને તાવી જોવા બોલી, ' અરે જાઓ મારાં બાઇ, એટલી બધી મગર તે હોય! ચાલો એક વાર ગણી બતાવો.'

મગર ડીલે લાંબી પડછંદ હતી, પણ સાવ મુરખ હતી. તેના માથામાં એક પાવળું જ અક્કલ હતી. સસલી પેચમાં બોલે છે એટલું તે સમજી શકી નહિ ને એકદમ પાણીમાં આથે જઇને સેંકડો મગરોને લઈ આવીને સસલીને કહ્યું, ' જુઓ, કેમ! હું કહેતી હતી ને કે એક પુલ બંધાઇ રહે એટલી મગરો છે. છેને?'

સસલીએ હસીને હજુ પોતે માનતી ન હોય એવો ડોળ કર્યો. એટલે તો ગુમાની મગરે કહ્યું કે ' સામે પાર તો શું પણ ઠેઠ ચીન સુધીનો સેતુ બાંધવો હોય એટલી મગરો હું બોલાવી શકું એમ છું.

સસલી કહે, ' મોટાં મગર બહેન, તમે કહો છો તે સાચું હશે, પણ સામે પાર પહોંચે એવડો પુલ તો કરી બતાવો? અને તમે હારબંધ ન થાઓ તો હું શી રીતે ગણી શકું? પણ તમે એમ નહિ જ કરી શકો એમ લાગે છે.'

મગરના મનમાં કંઇ કપટ નહોતું. તેને તો પોતે સૌની સરદાર છે એવું બતાવવું હતું. એટલે ભુંગળા જેવું મોં કાઢી સૌ મગરોને હુકમ કર્યો એટલે એક પછી એક એમ સામા કિનારા સુધી હાર થઈ રહી. સસલી બાઇને તો એક એક હાથનો કુદકો જ માર-



વાની મહેનત. તેણે તરત કહ્યું, ' જો જો હોં, બધીઓ બરોબર રહેજો; હું ગણવા માંડું છું: એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ . . . . . .

ગાઉના ગાઉ જેટલી લાંબી હારમા મગરોનાં નાકનાં ટીચકાં ઉપર સસલી તેના સુંવાળા પંજા ઠેકાવતી ઠેકાવતી દોડી જાય એ કેવો અજબ દેખાવ લાગતો હશે. સસલી તો વચ્ચે બબ્બે નાક પણ વટાવતી જાય. થોડી વારમાં તો એ સામા દેશને કાંઠે જઇને કુદી પડી.

પણ પણ ન બોલી ' આવજો '; ન મગરોનો ઉપકાર માન્યો, પણ ઉલટી મગરો તરફ હસતીક ને છેલ્લી મગરને ટપીને સામું બોલતી ગઇ, ' મોટી મગરી બાઇ, ટળો હવે તમારાં મુરખ સગાંને લઇને! મારે કાંઇ ખપ રહ્યો નથી.' એમ કહીને દોડી ગઈ. એ વચન સાંભળીને મોટી મગરને કાળ ચડ્યો ને ગરોળી જેવી ચપળ મગરીઓને હુકમ આપ્યો, ' જાઓ દોડો, પકડો એ લુચ્ચીને!' બસ એ તો સરરર કરતીક ને જે પહોંચી તે સસલીને ચારેકોરથી ઘેરીને ઝાલી લાવી. તેના રેશમ જેવા સુંવાળા ધોળા વાળ પીંખી નાખ્યા અને થથરતી રેતી ઉપર મુકી દીધી.

' આવજે બીજી વાર લંબકર્ણી! જોઇ લેશું ' કહીને મગરો જતી રહી ને પોતાની રાણી પેલી મોટી મગરને બધી વાત કરી. તેને બાહુ દુઃખ લાગ્યું હતું પણ ' હવે ઠીક થયું; એ જ લાગની ' કહીને સંતોષ માન્યો.

પણ સસલી બાઇના બીચારીના ભુરા હાલ થયા. જરા હૂંફ લેવા રેતીમાં ડીલ ભરાવ્યું, પણ જાણે કોઇ સુંવાળું બાળક ગરમ પાણીમાં પડ્યું હોય તેમ ચીસ પાડી ઉઠી. તેનો ગર્વ બધો ઉતરી ગયો અને શું કરવું તેનો કલ્પાંત કરવા લાગી.

એવામાં કોઈ વટેમાર્ગુ આવતા હોય એમ લાગ્યું. તેમણે છોગાળા પાઘડીઓ પહેરી હતી એટલે રાજકુમાર જેવા લાગતા હતા. એમાંનો એક ખરેખર ચાલાક હતો. તેને સસલીએ રુદન કરતાં પોતાની વીતક સંભળાવી એટલે તે દુષ્ટ બાહું નરમ મોં રાખી બોલ્યો, ' અરરર: તમને એટલું બધું દુઃખ પડ્યું! પણ હવે એમ કરો; દરિયામાં નાહી આવી આહીં પવનમાં બેસો એટલે તમારા વાળ ઉગી જશે!'

એમ કહીને તે તો ચાલતો થયો અને સસલીએ

તેના કહ્યા પ્રમાણે કર્યું. પણ અરરર! કેટલી વેદના! દરિયાનું ખારૂં પાણી અડતાં વેંત તો તેની, આખી ચામડી ખુબ બળી અને પછી બહારની ઠંડી હવા લાગતાં ચામડી સુકાઇ ને ફાટવા લાગી. છતાં તેને આશા હતી કે તેની રૂંવાટી પાછી ઉગશે.

પણ શેની ઉગે! દુઃખ તો વધતું ચાલ્યું. ચામડી કડક થતી ગઈ અને પીડાથી તે ગાંડી બનવા લાગી. એવામાં એક બીજો રાજકુમાર ત્યાંથી નીકળ્યો તેના વાંસા ઉપર ભારનું પોટકું હતું; પણ દયા લાવીને તેણે સસલીને તેના દુઃખનું કારણ પુછ્યું. તેનાં મધુર વચનથી સસલીએ મગરની વાત અને પછી પેલા ઘાતકી માણસની વાત કહી સંભળાવી અને કરગરને સારૂં કોઇ ઇલાજ કે દવા બતાવવાની વિનંતિ કરી.

રાજકુમારે કહ્યું, 'તેં મગરને છેતરી એ પાપનું ફળ તું ભોગવે છે. તારાં કર્યાં તને વાગ્યાં.' સસલી કહે, 'હું બધું કબુલ કરૂં છું અને હવે બહુ પસ્તાઉં છું. પણ દયા કરીને મારી રૂંવાટી ઉગે એવું કંઇ બતાવો.' કુમાર કહે, 'ઠીક, તને પસ્તાવો થાય છે એટલે હું એક સરસ ઉપાય બતાવું છું. જા પેલા મીઠા પાણીના સરોવરમાં પડીને નાહી આવ અને પહેલાં તારા શરીર પર ચોંટેલું મીઠું ખુબ સાફ કરી નાખ. પછી સરોવરને કાંઠે જ ગુલમહોરનાં ઝાડ છે તેનાં ફુલોની રજ પથરાઇ રહી છે તેમા સુઇને આળોટજે, ખુબ આળોટજે, એટલે તને નવી રૂંવાટી આવશે.'

કુમાર એટલું કહીને ચાલતો થયો. સસલીએ તેના કહ્યા પ્રમાણે બધું કર્યું! મીઠા જળમાં નાહી અને ગુલમહોરના ફુલોની સોનેરી રજમાં આળોટી એટલે તેને રૂંવાટી આવવા લાગી અને પ્રભાતના રંગ જેવી સાડીમાં તે શોભવા લાગી.

આ બધું કંઇ દુઃખ વિના બન્યું એટલે તે હરખાઇને કુમારનો ઉપકાર માનવા ખુબ વેગથી તેની પાછળ દોડી ગઇ. કુમાર બહુ આઘે પહોંચ્યો નહોતો. સસલીએ પાસે જઇને આભારથી માથું ઝુકાવ્યું અને તેની ભલાઇને માટે કંઇ સેવા કરી બતાવવાની માગણી કરી કહ્યું, 'હે રાજકુમાર! તમે કહો કે હું તમારૂં શું કામ બજાવું? તમે કોણ છો ને શા કામે નીકળ્યા છો?'

'અરે સસલી; હું રાજકુમાર નથી હું એક દેવદૂત છું. આગળ ગયા તે મારા ભાઈ હતા. આ દેશના રાજાને ત્યાં એક ઘણી જ રૂપાળી કુંવરી છે. તેનો સ્વયંવર થવાનો છે ત્યાં એ બધા ગયા છે. હું તો તેમની જોડે તેમની સેવા કરવા આવ્યો છું. આ બધું ખાવાનું તેમના માટે હું ઉપાડીને જાઉં છું.'

સસલી તો એ સાંભળી નવાઇ પામી. પોતાની સામે દેશનો મોટો દેવ ઉભો છે તેની સાથે શું બોલવું તે ઘડીભર સુજ્યું નહિ. છેવટે બોલી, 'રાજકુંવરી તમારા એકે બાંધવને વરશે નહિ, પણ તમારી આટલી દયા અને ભલાઇની વાત તે જાણશે ત્યારે તમને જ વરશે. હું અત્યારથી તમને એ વાતની વધાઇ આપું છું.'

પેલો દેવદૂત તો જવાબ આપ્યા વિના ચાલતો થયો અને સસલી ત્યાંથી બીજે માર્ગે ગઇ. પણ એમ જ બન્યું. પેલા આગળ ગએલા કુંવરોમાંથી કોઇ રાજકુમારીને પસંદ પડયો નહિ. તેમણે તો પોતાનાં બહુબહુ ગુણગાન કર્યાં, પણ કુંવરીને મન કાંઈ વસ્યો નહિ. વીલે મોઢે નિરાશ થઇને બધા પાછા વળ્યા.

પેલો નાનો દેવદૂત કુંવરીની સામે પહોંચ્યો કે તરત તેના મોં પર દયા ને પ્રેમની ઊર્મિઓ જોઇ તે મોદ પામી. કોણ જાણે ક્યારે ય પેલી સસલી તેની પાસે અગાઉથી હાજર થઈ ગઇ હતી. તેને હાથમાં લઇને તે રાજકુમાર પાસે આવી અને નમન કરી ઉભી રહીને બોલી, 'હે રાજકુમાર આજથી તમે મારા સ્વામી છો.'

ચારેકોર લગ્નનો ઉત્સવ મંડાયો. સસલીબાઇનાં તો માન વધી પડ્યાં અને કુંવર તથા કુંવરીના મહેલમાં એક રૂપાળું નાનું ઘર મળ્યું તેમાં રાજસુખ પામ્યાં.





માધુકરી

ફાટે કાળાં આભ અને અજવાળાં ઉઘડે
ચોગમ ધસતાં આવે ચેતનનાં રસપૂર:
જાગી ખીલે ત્યાં જીવનની સોળે પાંખડી:
આવો આવો એવાં ભરીએ નયને નૂર!
જાગી જાગી ઉરમાં ઝગઝગ કેરી જ્યોત જ્વે.

(તાજી બહાર પડેલી 'ભજનિકા'માંથી) —કવિ ખબરદાર

યુગો ફોસ્કોલો

એનો જન્મ ઇ. સ. ૧૭૭૮માં લોનિયન દ્વિપોમાંના ઝાન્ટેમાં થયો હતો. યુગોને બાળક જ મુકી એનો પિતા મરણ પામ્યો. પણ એની માતા અજબ શક્તિ વાળી બાઇ હતી. પોતાનાં ચારે બાળકો પિતાની જન્મભૂમિના સંસ્કાર પામે એટલા માટે તે પોતે ગ્રીસની હોવા છતાં એમને એમના પિતાને દેશ ઇટાલી લઇ ગઇ. યુગોનું એકનું એક સુખ એની માનું હેત હતું.

વાંચતાં શીખ્યો ત્યારથી જ યુગોને પુસ્તકોમાં અતિશય રસ પડવા માંડ્યો, ને બાળપણમાં જ એણે 'ટિસ્ટે' નામનું એક કરુણ નાટક લખ્યું જે વેનિસમાં ભજવાતાં એની સારી ખ્યાતિ ફેલાઈ ગઇ. સાહિત્યકારનો કીર્તિમુકુટ પહેરી, લક્ષ્મીનો લાડીલો બની, ધાર્યું હોત તો યુગો પુસ્તકિયું જીવન જીવી શક્યો હોત. પરંતુ જ્યારે પોતાનો દેશ ગુલામીની બેડીઓમાં હોય ત્યારે યુગોને માટે એ જાતનું જીવન અશક્ય હતું. પહેલાં તો નીડરતાથી એણે અન્યાયી રાજ્યતંત્ર સામે સખત લખાણો લખવા માંડ્યાં. આથી એના અનેક દુશ્મનો ઉભા થયા, ને એક દિવસ અચાનક એને કોર્ટમાં ઘસડવામાં આવ્યો. વિદાય આપતાં એની માએ કહ્યું, 'બેટા, વીરતાથી મૃત્યુ પામજે; પરંતુ વિશ્વાસઘાતી બની કોઇનું નામ ઉઘાડું પાડીશ મા'. કોર્ટ એની પાસેથી કશી જ માહિતી મેળવી શકી નહિ ને એને બીલકુલ હેરાન કર્યા સિવાય સુખેથી જવા દીધો.

બીજા ઘણા માણસોની જેમ યુગો પણ નેપોલિયનને સ્વતંત્રતા માટે લડનાર મહાન વીર તરીકે ઓળખતો. ઑસ્ટ્રિયન રાજ્યની ધુંસરી કાઢી નાખી સ્વતંત્ર રાજ્યતંત્ર સ્થાપવામાં નેપોલિયન ઇટાલીને મદદ કરશે એવું યુગોએ ધાર્યું હતું. હર્ષમાં ને હર્ષમાં નેપોલિયન ઉપર એણે એક કાવ્ય પણ લખી નાખ્યું ને ઇટાલીમાં લડતા ફ્રેંચ લશ્કરમાં પોતાનું નામ નોંધાવી દીધું. બે વાર એ ઘવાયો ને એક વાર તો કેદ પણ થયો. પણ નેપોલિયને જ્યારે વેનિસ ઑસ્ટ્રિયન લોકોના હાથમાં સોંપી દીધું ને પોતાના વિજયનો ઉપયોગ પ્રજાને સ્વતંત્ર કરવાને બદલે રાજ્યતંત્ર પોતાના હાથમાં લઇ લેવામાં કર્યો ત્યારે યુગોનાં ભય ને દુ:ખની સીમા રહી નહિ.

યુવાન યુગોનાં કાવ્યો, નાટકો ને ભાષણોએ, પ્રજાને સ્વતંત્રતા માટે લડત કરવા ફરી સજ્જ કરી દીધી હોત, પરંતુ એને વેનિસમાં રહેવાની મના કરવામાં આવી, પેવિયામાંની પ્રોફેસર તરીકેની એની પદવી લઇ લેવામાં આવી, અને છેવટે ઇટાલીમાંથી એને દેશપાર કરવામાં આવ્યો. હવે એણે સ્વિટ્ઝર્લેંડમાં આશ્રય શોધ્યો, પરંતુ ઑસ્ટ્રિયાના હુકમથી ત્યાં યે એને જંપવા દેવામાં આવ્યો નાહ.

એ અરસામાં જે કન્યાને એ ચાહતો તેણે બીજા કોઇ સાથે લગ્ન કર્યાં. માતૃભૂમિમાં જવાની ને એની માતા સાથે રહેવાની એને મનાઈ કરવામાં આવી. આટઆટલું દુ:ખ પણ ઓછું હોય તેમ એની આંખો ગઇ. ઇ. સ. ૧૮૧૬માં એને સ્વિટ્ઝર્લેંડમાંથી પણ દેશનિકાલ કરવામાં આવ્યો ને એ ઇંગ્લંડ ગયો, ત્યાં એનાં સાહિત્ય ને દેશભક્તિને લીધે એને અત્યંત ચાહતા જાણીતા માણસોએ સારો આવકાર આપ્યો. પરંતુ આટલેથી ફૉસ્કોલોને શાંતિ મળે એમ નહોતું. એ તો હમેશાં પોતાના પ્યારા વતન ઇટાલીમાં જવા માટે ઝંખ્યા કરતો. ૧૮૨૭માં જ્યારે એ મરણ પામ્યો ત્યારે એની કબર પર મુકવાના નામ કોતરેલા પથ્થર માટે એક દયાળુ અંગ્રેજે પૈસા આપ્યા હતા. એની માતા એના પહેલાં મૃત્યુ પામી હતી.

પરંતુ આ કરુણ કથનીનો અંત આનંદપ્રદ ને વિજયી છે. ઇટાલી આખરે સંયુક્ત ને સ્વતંત્ર દેશ બન્યો. યુગોનાં કાવ્યો ને ભાષણોનો આમાં સારો હિસ્સો હતો ને તેથી ૧૮૭૧માં એના મરણ પછી ૪૪ વર્ષે એના શબને ફ્લૉરેન્સ લઇ જઇ સાન્ટાક્રોઝમાં માઈકલ ઍન્જેલો ને ગેલિલિયો જેવા મહાન નરોનાં શબ પાસે દાટવામાં આવ્યું. એણે કરેલી સાહિત્યસેવા ને દેશસેવા માટે યુગો એ સ્થાનને લાયક જ છે.

આલમોડા અને ભીમતાલ



આલમોડા શહેરનું વિહંગદર્શન




ભીમતાલ

હિમાલયના પાંચ વિભાગ કલ્પેલા છે: કાશ્મીર, જાલંદર, ગઢવાલ (ઉત્તરાખંડ), કુમાઉં (કૂર્માચલ) અને નેપાલ. ઉત્તરાખંડ પરમ પવિત્ર ગણાય છે. ગંગોત્રી, જમનોત્રી, કેદારનાથ, બદરીનારાયણ, પાંચ પ્રયાગ તથા પાંચ કેદારનાથ, ઉત્તર કાશી, જ્યોતિર્મઠ અને તુંગનાથ વગેરે પ્રખ્યાત તીર્થસ્થાનો આ જ વિભાગમાં આવેલાં છે. સંતમહંતો આ જ ભાગ પસંદ કરતા. પણ એમ કહેવાય છે કે યાત્રાના માર્ગ અને સાધનો સુગમ થવાથી ત્યાં યાત્રાળુઓ હમણાં ઘણા જાય છે, તેથી સારા-સારા સાધુઓએ ઉત્તરાખંડનો લગભગ ત્યાગ કર્યો છે. તેઓ માંના ઘણા છુપી રીતે કુમાઉંમાં જઈ રહે છે. કુમાઉંમાં સ્વામી આનંદ જાહેર રીતે જ રહેતા હતા. એ પ્રાંત અત્યંત રમણીય ને ફળદ્રુપ છે. આ જ પ્રાંતમાં સ્વામી વિવેકાનંદનો માયાવતી મઠ છે.


માયાવતી આલમોડાથી લગભગ ૫૦ માઇલ દૂર હશે. પ્રવૃત્તિમાં પડેલા આપણા જેવા લોકોને ચોવીસ કલાકની નિવૃત્તિ મળે તો આપણે તે પચાવી શકતા નથી. કદાચ એ જ ઉદ્દેશથી સ્વામી વિવેકાનંદે માયાવતીમાં એક છાપખાનું રાખ્યું અને ત્યાંથી હિંદુસ્તાનને જગાડવા માટે અથવા જાગેલા હિંદુસ્તાનનો સંદેશો દુનિયાને પહોંચાડવાને માટે 'પ્રબુદ્ધ ભારત' નામનું માસિક મદ્રાસથી તેઓ માયાવતી લઇ ગયા. ત્યાં એક આધ્યાત્મિક પાઠશાળા સ્થાપવાનો એમનો વિચાર હતો. સ્વામી આનંદને પણ અહીં નિવૃત્તિમાં પ્રવૃત્તિ સુઝી. આલમોડામાં એક અંગ્રેજી નિશાળ હતી ત્યાં ભણાવવા બેઠા. ત્યાં તેઓ ધર્મના વર્ગો ચલાવતા, દૂધ ઉપર રહેતા અને ગાયત્રીપુરશ્ચરણ કરતા. હું ત્યાં જવાને નીકળ્યો. આલમોડા જવાને રેલ રસ્તે કાઠગોદામ સુધી જવું પડે છે. ત્યાંથી ૩૭ માઇલ ઉપર આલમોડા છે. . . . .

મેં સાચાં કે કાલ્પનિક સુંદર સરોવર જોયાં ન હતાં એમ ન હતું. સર વૉલ્ટર સ્કૉટની 'સરોવિહારિણી' (લેડી ઑફ ધ લેક)માં એક સુંદર સરોવરનું ઊઠાવદાર શબ્દચિત્ર જોયું હતું. પણ ભીમતાલનું પ્રત્યક્ષ દર્શન કંઈ અલૌકિક હતું. એ પ્રદેશનું પ્રાચીન નામ 'ષષ્ટિખાત' છે, કેમકે આસપાસ નાનાં-મોટાં મળીને સાઠ સરોવર છે. એમાં ભીમતાલ અને નૈનિતાલ એ બે જ સુવિખ્યાત છે. નૈનિતાલ ભીમતાલથી બાર પંદર માઈલ છે; પણ એ નૈનિતાલ હવે યૂરોપિયન શહેર બની ગયું છે.

ભીમતાલ એ બહુ જ ઉંચા ડુંગરની સપાટી ઉપર ત્રણ પહાડોની વચ્ચે એક ખાડો રહેવાથી બનેલું છે, તેથી બહુ જ ઉંડું છે. પાણી સ્ફટિક જેવું નિર્મળ છે. સરોવરનો આકાર એક વાંકાચુંકા ત્રિકોણ જેવો છે અને કુદરતે આ સરોવરની સૌંદર્યપૂર્તિ કરવા માટે સરોવરની મધ્યમા એક નાનો સરખો દ્વિપ સરજેલો છે. ત્યાં અમે પહોંચ્યા અને અમને એવો



ભીમતાલ સરોવર



પહાડોની ગોદમાં વસેલું આલમોડા

ઠંડો પવન મળ્યો કે ક્ષણમાં અમારો બધો તાપ અને થાક ઉતરી ગયો. સરોવરનો કાંઠો જરા અટપટો હતો. કાંઠા પર જ્યાં ત્યાં પથરા પથરાએલા હતા અને આ ઉભો કાંઠો ઉતરીને પાણી સુધી પહોંચવું સહેલ નહોતું. છતાં આટલું સુંદર પાણી છોડવાની કોની મગદુર હોય ? હીમત કરીને હું તો ઉતર્યો અને પાણીમાં પડયો. અરરર ! આ તે પાણી કે સહસ્ર વીંછી ? મને લાગ્યું કે મારા પાતળા શરીરનો ઘેરાવો પણ સંકોચાઇને બેત્રણ તસુ ઓછો થયો હશે. જીવ બચાવવા ખાતર મેં જોરથી હાથપગ વીંઝયા. અને પછીનો આનંદ તો શી રીતે વર્ણવું ? કાંઠા ઉપર બેઠેલા બુવા રીસાયા ન હોત તો કાંઠા ઉપર આવવાનું મને સુઝત પણ નહિ. મને થયું, બાણભટ્ટે વર્ણવેલું અચ્છોદ સરોવર શું આવું જ હશે ?

(હિમાલયનો પ્રવાસ) દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

તરણા ઓથે ડુંગર

છાપખાનાની શોધ તો જગજાુની અને જગજાહેર છે. પણ પહેલાં છાપવા માટે બીબાં કોતરવા અને ગોઠવવા પાછળ અત્યંત શ્રમ પડતો, કારણકે ત્યારે જુદાજુદા અક્ષરોનાં બીબાં હોઇ શકે એમ કોઇને સુઝયું નહોતું. અને એટલે જુદાજુદા શબ્દોનાં અનેક બીબાં કોતરવાં પડતાં. આથી ભાષાના શબ્દ તેટલાં બીબાં જોઇએ, અને પ્રત્યેકના અનેક નમુના રાખવા પડે તે જુદા. આમ સૈકાએ સુધી ચલાવ્યે રાખ્યું ! કોઇએ ન તો આંખ ઉઘાડી કે ન તો વિચાર કર્યો. આખરે પ્રખર સામાન્ય સમજશક્તિવાળા જર્મન ગટનબર્ગે આ જાુગજાુની અને વિશ્વવિખ્યાત મુર્ખાઇ શોધી કાઢી. તેણે શબ્દોનાં બીબાં નાબુદ કરાવી છુટાછુટા અક્ષરોનાં કર્યાં. ત્યારથી છાપવાની અત્યંત સરળતા થઇ ગઇ અને દુનિયા આટલી આગળ વધી !

卐

વિજળીના પોટા તો બન્યા; પણ રેશની થતાં પોટા તડાક દઇને તુટી જવા લાગ્યા. ઉપાય કોઇને ન જડયો. એડીસને બત્તીના રેખાઓને ઘસી સમાન બનાવી. ગરમી ઘટતાં પોટા સાબુત રહ્યા. રોશની બળી. એડીસનને પેટન્ટ મળ્યો. બીજા હરીફોએ વાંધો લીધો કે એમાં તેણે કર્યું છે શું ? શાને પેટન્ટ તેને મળે ? ઉત્તર મળ્યો : 'સામાન્ય સમજશક્તિ માટે !'

卐

ખમીસનો કૉલર મેલો થાય કે ખમીસ ધોવું પડે, એમાં તકલિફ, ઘસારા ને ખર્ચનો પાર નહિ ! ૧૮૨૫માં ન્યૂયોર્કના ટ્રોયની એક ધુવારણને થયું કે 'બળ્યું આ શું ? રોજ ઉઠીને એના એ સંતાપ !' ધડ કરતાંને કાંઠલો ફાડી નાખ્યો, ને જુદો ધોઈ નાખ્યો. ત્યારથી જગત 'કૉલર' પહેતું થયું !

પવનમાં ફરકતી સાડીઓ સડફડ સડફડ ન ઉડે, હાલતાં ચાલતાં આડે આવી વિડંબના રૂપ ન થાય, એ માટે આઠમા હેન્રીની રાણીએ, દોરા સાંધવા બટન બીડવા કે એવું સઘળે ઠેકાણે ન ફાવે એમ લાગ્યાથી વાળો બીડાવ્યો. વાળાનો કટકો એક છેડેથી સહેલાઈથી પેસે અને બીજે છેડેથી નીકળી ન જાય એ માટે, તેનો એક છેડો ઘસી બીજો છેડો બુઠો રાખી ટીપી ટાપકું બનાવ્યું, અને જગતને ટાંકણી મળી ! આજ દરરોજની ત્રણ કરોડ ટાંકણી દુનિયામાં વપરાય છે. એ ન હોવાથી કેવી તકલિફ અને કેટલી કનડગત થાય તેનો ખ્યાલ અત્યારે આવે પણ ખરો ? ન આવે તો એ શોધની કદર પણ પુરી થાય ? અને તે પહેલાં દુનિયા આટઆટલા સૈકા ટાંકણી વિના કેમ રહી શકી હશે એ ખ્યાલ કેવો લાગે છે ?

પશ્ચિમનાં ઇંગ્લેંડ વગેરે દેશોમાં ટાઢ અત્યંત, એટલે એ દેશોની પ્રજામાં શક્તિ સ્ફૂરનો પાર નહિ. તેથી જ એ અજબ શ્રમસહિષ્ણુ પ્રજા છે. ઉષ્ણ કટિબંધમાં વસતા હિંદી વગેરે લોકોમાં ગરમીને લીધે સ્ફૂર્તિ અને સહનશક્તિ ઓછી હોય છે. ઉનાળામાં આપણામાં શિયાળા જેટલું સ્ફૂર કયાં હોય છે ? ઉનાળાના દિવસો લાંબા હોય તેથી તો આપણને એટલી તકલિફ વધારે. એનો કાંઈ ઉપાય ખરો ? આપણા ભાલ, કચ્છ, મારવાડ અને સિંધના એ ઘોમ ધખતા, અંગાર વરસતા તાપની તો વિજળી બને ત્યારે ખરી, પણ અત્યારે તો આપણે એ ગરમીથી ત્રાસી આટો અને આવરદા જ ગુમાવી રહ્યા છીએ. પણ આપણી ઘડિયાળો ઉનાળામાં બે કલાક વહેલી મુકાય તો એ ત્રાસ અને તાપ ઘણે અંશે ટળી જાય એવી બહુ થોડાને કલ્પના છે. જેમ પશ્ચિમના દેશો ઉનાળામાં 'સીઝન ટાઇમ'થી કામ ચલાવે છે તેમ આપણે કરીએ તો ? 'સીઝન ટાઈમ' એટલે શિયાળા-ચોમાસા કરતાં ઉનાળામાં દરેક કામ બબ્બે કલાક આગળથી શરૂ થાય. દાડિયા ૧૨ ને બદલે ૧૦ વાગે છુટે; અને બપોરે ૨ ને બદલે ૪થી કામ શરૂ કરે. આથી કામ સુધરે અને શક્તિનું સંરક્ષણ પણ થાય. અમેરિકા ઉનાળામાં આમ 'સીઝન ટાઇમ'થી જ કામ લે છે.

આકાશના ગાજવીજ અને ગડગડાટથી પૃથ્વી રોજે ખીજે છે. જ્યારે આંખને આંજતી, કાને ધાક પાડતી વિજળીના તણખા પૃથ્વી ઉપરનાં મંદિર માળિયાં અને મહેલાતોને બાળી ખાખ કરે છે, ત્યારે એ રણચંડીથી જગત કંપવા લાગે છે. સૈકડો અને હજારો વર્ષ થયાં પૃથ્વીના પટ ઉપરથી કરોડોની કીમતનાં મંદિર મહેલો અને અગણિતની કીમતના જાન એના ભડકામાં ભસ્મ થયા. પણ તેમાંથી બચવાનો ઉપાય સુઝયો નહિ. આખરે ત્રાંબાનો વાળો મદદે આવ્યો. છાપરેથી જ એ વિજળીના તણખાને ઝાલી ઝડપી લઇ એના એ જ વેગથી એ વાળો તેને ભોંમા ભંડારી દે છે; આમ દુનિયા વિજળીની આફતમાંથી મુક્ત બની. એ પ્રતાપ ત્રાંબાના વાળાનો કે એના શોધકનો ? પૃથ્વી એવી સાદી યોજના સાવ સાદા અજ્ઞાનને કારણે આટઆટલું સહન કરતી હતી.

આમ અજ્ઞાનના તરણા ઓથે જ્ઞાનના ડુંગર ઢંકાયા છે. એ તરણું ઉપડતાં જ ડુંગરો દેખાવા લાગે તેમ છે. પણ એટલી સામાન્ય અક્કલ પણ વાપરે છે જ કોણ ? (સૌરાષ્ટ્ર)

ચોર કેમ સુધરે?

અમેરિકન રાજ્યક્રાંતિની લડાઇઓ ચાલતી હતી તે સમયે લખેલી વિચિત્ર જાહેર ખબર ફિલાડેલ્ફિયાનાં પત્રોમાં પ્રકટ થઈ હતી અને તેણે લોકોનું પુષ્કળ ધ્યાન ખેંચ્યું હતું:

'ચાલુ માસની પાંચમી તારીખે જે કોઇ માણસ ચામડાનો એક ભારો ચોરી ગયો હોય, તેને આથી ખબર આપવામાં આવે છે કે તે માલનો સ્વામી તે માણસનો મિત્ર થવાની અંતઃકરણપૂર્વક ઇચ્છા દર્શાવે છે. જો ગરીબાઇને લીધે તે આ કૃત્ય કરવા લલચાયો હોય તો તે માલનો સ્વામી સઘળી વાત ગુપ્ત રાખશે; અને જે વડે તેના મનને વધુ શાંતિ મળવાનો સંભવ હોય એવાં સાધનો દ્વારા તેનો નિર્વાહ ચલાવવાના માર્ગમાં તેને ખુશીથી મુકી આપશે.'

પરંતુ જે ચોરે આ ચાંમડાં ચોર્યાં હતાં તેણે જ માત્ર જાણ્યું કે આ માયાળુ માગણી વિલિયમ સેવરી નામના ચામડાં કેળવવાનો ધંધો કરતા ક્વેકર પંથના એક વ્યાપારીએ કરી છે. થોડાક દિવસ પછી રાત્રે લગભગ નવ વાગ્યે એ વ્યાપારીનું બારણું કોઇએ ધીમેથી ઠોકતાં તે તેણે ઉઘાડ્યું. જોયું તો ખાંધ પર ચામડાંનો ભારો લઇને એક માણસ ઉભો હતો. તે નીચી નજરે બોલ્યો, 'મિ. સેવરી, હું આ ચામડાં પાછાં લાવ્યો છું; એને ક્યાં મુકવાં છે?' તે ક્વેકરપંથી વ્યાપારીએ જવાબ આપ્યો, 'હું દીવો સળગાવું એટલી વાર થોભ એટલે હું તારી સાથે વખારે આવીશ, ત્યાર પછી તું, કદાચ આ કાર્ય કેવી રીતે બન્યું તે મને કહેશે અને તારે માટે શું થઇ શકે એમ છે તે આપણે પછી જોઇશું.'

જ્યારે તેઓ પાછા ફર્યા ત્યારે મિસિસ સેવરી મેજ ઉપર ગરમ કૉફી અને ભોજન મુકી બોલી, 'પાડોશી સ્મિથ! ગરમગરમ ભોજન તમને ઠીક પડશે એમ ધારી મેં તમારે માટે ઉની રસોઇ તૈયાર કરી છે.' સ્મિથે એક પણ શબ્દ બોલ્યા વિના પોતાનું મુખ ફેરવી દીધું. પરંતુ એક પળ પછી તે ગુંગળાએલા સ્વરે બોલ્યો, 'મેં પહેલી જ વાર આ ચામડાંની ચોરી કરી છે અને તેટલા માટે મને ઘણું જ ખરાબ લાગે છે. ચોરી કરવાની વૃતિ મને કેમ થઇ આવી તે હું જાણતો નથી, પરંતુ પ્રથમ મને દારૂ પીવાની ટેવ પડી; ત્યાર પછી ટંટો ફિસાદ કરવાની આદત પડી; અને પછી તો હું પતિત થવા લાગ્યો. આજે દરેક જણ લાત મારીને જ મારો સત્કાર કરે છે. મિ. સેવરી! મને સહાય માટે હાથ આપનાર પ્રથમ માણસ તમે જ છો. પ્રભુ તમારૂં કલ્યાણ કરો! ચામડાં વેચી દેવાના ઉદ્દેશથી હું તમારે ત્યાંથી ચોરી ગયો હતો; પરંતુ હું સત્ય જ કહું છું કે આ મારી પહેલી જ ચોરી છે.

સેવરીએ પ્રત્યુત્તર આપ્યો, 'મિત્ર, એને છેલ્લી જ ચોરી થવા દે; આ વાત માત્ર તું અને હું બે જ જાણીશું. તું હજુ જુવાન છે. તું મને વચન આપ કે એક વર્ષ સુધી કદિ પણ દારૂ પીશ નહિ, એટલે હું તને કાલે સારા પગારે નોકરીમાં રાખીશ. કદાચ આપણે તારી સ્ત્રીને માટે પણ કંઇક કામ શોધી કાઢી શકીશું. પરંતુ હમણાં થોડુંક ભોજન કર અને કોઇ વિશેષ જલદ વસ્તુની ઇચ્છા ન થાય એટલા માટે થોડીક ગરમ કૉફી પી. તારી સ્ત્રી અને છોકરાંને ખાતર હીમત ધારણ કર.' અને પછી પોતાના અતિથિને વિદાય કરતાં તે માયાળુ વેપારી બોલ્યો, 'સ્મિથ, સદાચરણને પંથે વળ એટલે હું હમેશાં તારો મિત્ર થઇ રહીશ.'. મિ. જૅનોટ કે જે આ વાતનું અતિ વિસ્તારથી વર્ણન કરે છે તે જણાવે છે કે સ્મિથે બીજા જ દિવસથી મિ. સેવરીના ચામડાના કારખાનામાં કામ કરવા માંડ્યું અને એને ત્યાં ઘણાં વર્ષો સુધી નિર્વ્યસની, પ્રામાણિક અને વફાદાર માણસ તરીકે રહ્યો. (ભાગ્યના સૂચ્છાઓ)

વિજ્ઞાન ચોર કેમ પકડે છે!

વિધવિધ રાસાયણિક શોધો અને નવાંનવાં માનસયંત્રો ચોરી પકડવામાં બહુ આગળ વધી ગયાં છે. હાથના અંગુઠાની છાપ ઉપરથી ચોરો પકડાય છે; માણસનાં કપડાં પરની સૂક્ષ્મતમ રજના રૂપ, રંગ અને પૃથક્કરણ પરથી હેરતભરી રીતે ચોરી સાબીત કરી શકાય છે; એટલું જ નહિ પણ માણસના વાળમાં પણ તેનું વ્યક્તિત્વ પારખી શકાય છે; આ બધી વાત જાણીતી છે. પણ નીચેનો દાખલો અજબ કરે એવો છે. એક વેળા ફ્રાન્સમાં એક ગુનેહગાર પોતાની બાહોશીથી પોલિસની ઉલટસુલટ તપાસમાં અને સવાલજવાબમાં બીલકુલ નિર્દોષ અને નિખાલસ જણાયો, એટલું જ નહિ પણ જડતી તથા તરન્તપાસને અંતે લેશ અંદેશ પણ રહેવા પામ્યો નહિ. પોલિસ તેને છોડી દેતી હતી, ત્યાં એક ડૉકટર વચ્ચે પડ્યો અને તેને કબજામાં રખાવ્યો. બે દિવસ બાદ તેણે તે શકમંદને બોલાવી તેના કાનમાંથી મેલનું પોડું કાઢ્યું અને તે પોડું લાયન્સ નગરના પોલિસ ખાતાની વૈજ્ઞાનિક પ્રયોગશાળાના ડૉ. એડમંડ લોકાર્ડને મોકલી આપ્યું. ડૉ. લૉકાર્ડે તેના સૂક્ષ્મદર્શક ચિત્રયંત્ર વડે એ પોડાનો ૫૦,૦૦૦ ગણો મોટો ફોટો પાડ્યો ને તેમાં તેને છાપખાનાની શાહીના ઉઝરડા, છાપવાના શિલાયંત્રની (લીથોગ્રાફ) અને તેમાં વપરાતા રાસાયણિક ગાંગડાઓની ભુકી દેખાઇ આવ્યાં. એ ઉપરથી તપાસ ચાલી અને તરત જ બચી જતો ચોર ફરી સપડાયો, અને ગુનોહ કબુલ કરી જેલમાં ગયો! (સૌરાષ્ટ્ર)

ઘરાક—તમે વાળ કાપતી વખતે હમેશાં એવી ભયંકર વાતો શું કામ કરે છો?

હજામ—એથી તમારા વાળ ઉભા થઇ જાય એટલે કાપવામાં સહેલ પડે.

એક—મારા ઘરમાં છત્રીસ ચાવીઓ છે, પણ એમાંની એકેયથી તાળું ઉઘડતું નથી.

બીજો—એવી તે કેવી ચાવીઓ છે?

એક—હારમોનિયમની.

બંગાળના ગુસ્કરા સ્ટેશને ગાડી ઉપડવાને બે ત્રણ મિનિટ છે. એક વૃદ્ધ ડોશી પોતાનું મોટું પોટલું ગાડીમાંથી બહાર ઉતારવા ક્યારની મથે છે; પણ નિષ્ફળ. ગાડી સાથે પોટલું પણ ઉપડી જશે એ બીકે બહાવરી બનેલી ડોશી પર એજ ટ્રેનમાં સફર કરતા એક રાજાની નજર ગઇ. તરત આવી પોટલું ઉતારી આપ્યું ને પાછા છાનામાના પોતાના ડબામાં પેસી ગયા. એ દયાળુ ને નિરભિમાની રાજા તે કાસિમબજારના મહારાજા મણીન્દ્રચંદ્ર નંદી.

સરખા શબ્દો: પાનું (૧) ચોપડીનું; (૨) ચપ્પુ અથવા છરીનું.

હોઠીનાં પાનને હાથમાં મસળીને સુંઘ્યા કરવાથી હેડકી મટી જાય છે. હોઠીનાં પાનના રસમાં સરખે ભાગે મધ નાખીને આંખમાં તેનાં ટીપાં પાડવાથી આંખની વેદના મટી જાય છે.

કોરા જ કાગળ ઉપર લખવું હોય ને લીટી સીધી ન આવતી હોય તો તળે લીટીઓ આંકેલો કાગળ રાખજો.

સારામાં સારો દિવસ કયો ? આજનો. કાલની વાટ કદિ જોતા નહિ.

ઘરની એકજ માખી ને તેની બધી સંતતિ જો એક મોસમ લગી જીવે તો મોસમ પુરી થતાં તે માખીનું કુટુંબ કેવડું થાય ? ૧,૦૯,૬૧,૪૧,૨૪,૯૩, ૨૯,૭૨,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૯૦ !


ઘી ખાવાથી થએલા અજીર્ણ ઉપર લીંબુનો રસ પીવાથી ફાયદો થશે.



ઉપલા કાળા ટુકડા કાપી લઈ ગોઠવશો તો એક દરવાલાનો આકાર બનશે. જવાબ આવતે મહીને. દરમિયાન તમે ગોઠવી તો રાખજો. ભેજું કસારો.

ચાર ભાગ ચીરોડીનો ભુકો, ને એક ભાગ ગુંદરનો ભુકો લઇ તેમાં જરૂર પડે તેટલું ટંકણખારનું પાણી નાખી સારી રીતે મસળીને કણક જેવું બનાવવું. તે વડે આરસપહાણ સાંધી શકાશે.

મીણબત્તી સળગી રહ્યા પછી નીચે જે મીણ એકઠું થાય તેના ઉપર વાટ સિવાય બધે મીઠાનો ઝીણો ભુકો ભભરાવી દો. પછી વાટ સળગાવવાથી તે ભુકો મીણબત્તીની માફક ફરીથી સળગશે.



ઉપલી રેખાઓમાં વચ્ચેના ગાળાની લીટીઓ બધી સરખી નથી લાગતી એ દષ્ટિભ્રમ છે. ખાતરી કરી જોજો.

બાપા બેટી લાડકી, ફોફળ માગે ચાર;
હાટે હાટે ચોગણાં; સોળ હાટે અપાવ.

લાડકી દીકરીએ સાસરે જતી વેળા બાપ પાસે કરિયાવરમાં ઉપરની રીતે માત્ર ચાર સોપારી માગી: પહેલી દુકાનેથી ચાર, બીજી દુકાનેથી તેથી ચોગણી, ત્રીજી દુકાનેથી તેથી ચોગણી—એમ સોળ દુકાનેથી અપાવવી. કેટલી સોપારી થાય તેનો ક્યાસ છે ? દીકરીએ તો બાપને નવડાવી નાખ્યો. ગણી જોજો !

લીંબુ જેવી પેશીવાળી ચીજોને ઉભી ન કાપતાં આડી કાપવી. એથી તેની એકેએક પેશી વચ્ચેથી કપાઈ જશે અને દબાવવાથી બધો રસ નીકળી આવશે.

દુનિયાને સૌથી વધારે વાદળાં ફ્લોરિડા ને વેસ્ટ ઇંડીઝ ટાપુઓ આપે છે.



આમાં કયો પતંગ કોનો છે ? શોધો.



તિબેટની રાજધાની લ્હાસા : લામાઓની નગરી